RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ
ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ જેઠ સુદ - ૧૨ | શુક્રવાર તા.૨૬-૦૬-૨૦૨૬ | અંક : ૧૫૧ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# ઓમાનના દરિયાકાંઠે વ્યાપારી જહાજ ઉપર હુમલો

## હોર્મુઝની ખાડીમાં ફરી તંગદિલી સર્જાઈ : હુમલા બાદ ઈન્ટરનેશનલ મેરિટાઈમ ઓર્ગેનાઈઝેશનએ પર્સિયન ગલ્ફમાંથી ફસાયેલા જહાજોને બહાર કાઢવાનું ઓપરેશન અટકાવી દીધું

નવી દિલ્હી

સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ચાલી રહેલો તણાવ ફરી એકવાર ચરમસીમાએ પહોંચ્યો છે. બ્રિટિશ સૈન્યના જણાવ્યા અનુસાર, ઓમાનના દરિયાકાંઠે એક વ્યાપારી જહાજ પર મોટો હુમલો કરવામાં આવ્યો છે. એક અમેરિકન અધિકારીએ ઓળખ ન આપવાની શરતે ખુલાસો કર્યો છે કે 'એવર લવલી' નામના આ મર્ચેન્ટ જહાજ પર ઈરાનની પેરામિલિટરી રિવોલ્યુશનરી ગાર્ડ દ્વારા ડ્રોન વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં જહાજને નુકસાન થયું છે, પરંતુ કોઈ જાનહાનિ કે પર્યાવરણીય નુકસાનના અહેવાલ નથી.



આ હુમલા બાદ સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા ઈન્ટરનેશનલ મેરિટાઈમ ઓર્ગેનાઈઝેશનએ મોટો નિર્ણય લેતા પર્સિયન ગલ્ફમાંથી ફસાયેલા જહાજોને બહાર કાઢવાનું ઓપરેશન અટકાવી દીધું છે. એજન્સીના સેક્રેટરી-જનરલ આર્સેનિયો ડોમિંગુએઝે જણાવ્યું હતું કે, જ્યાં સુધી આ રૂટ પર જહાજોની સુરક્ષાની સંપૂર્ણ ગેરંટી ન મળે ત્યાં સુધી આ રેસ્ક્યૂ ઓપરેશન હોલ્ડ પર રહેશે. જોકે, જે જહાજ પર હુમલો થયો તે આ રેસ્ક્યૂ ઓપરેશનનો ભાગ નહોતું.

આ હુમલાના થોડા કલાકો પહેલા જ ઈરાને ધમકી આપી હતી કે તેની પરવાનગી વિના આ રૂટનો ઉપયોગ કરનારા જહાજોને રોકી દેવામાં આવે. ઈરાનની નવી સરકારી એજન્સી 'પર્સિયન ગલ્ફ સ્ટ્રેટ ઓથોરિટી' એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું છે કે ઈરાન દ્વારા નક્કી કરાયેલા રૂટ સિવાય અન્ય કોઈ માર્ગેથી પસાર થનારા જહાજોને સુરક્ષાની કોઈ ગેરંટી આપવામાં આવશે નહીં. રિવોલ્યુશનરી ગાર્ડે જણાવ્યું છે કે ઓમાન અને આઈએમઓ દ્વારા તૈયાર કરાયેલો આ નવો રૂટ અસ્વીકાર્ય અને અત્યંત જોખમી છે. અગાઉ બુધવારે ઈરાની સૈનિકોએ રેડિયો પર એક ટેન્કરને ધમકી આપતા કહ્યું હતું કે, 'તમે અમારી મિસાઈલોની રેન્જમાં છો અને અમે ગમે ત્યારે ફાયરિંગ કરી શકીએ છીએ.'

# ઝારખંડમાં માર્ગ અકસ્માતની ઘટનામાં સાત વ્યક્તિના ઘટના સ્થળે કરૂણ મોત

## રામગઢ જિલ્લાની ઘટનામાં એક વ્યક્તિની હાલત ગંભીર

રામગઢ

રામગઢ જિલ્લાના રાજરપ્પા વિસ્તારમાં લારી નજીક એક ભયાનક દુર્ઘટના બની છે. જેમાં સાત લોકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યાં છે. જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ છે. પોલીસે સમગ્ર મામલે તપાસ આદરી છે. જો કે એક જ ગામના સાત લોકોનાં મોત થતા સમગ્ર પંથકમાં ભારે ગમગીનીનો માહોલ છવાયો છે.

ઝારખંડના રામગઢ જિલ્લામાં ગુરૂવારે મોડી રાત્રે એક ભયાનક માર્ગ દુર્ઘટના થઇ હતી. આ દુર્ઘટનામાં સાત લોકોનાં મોત થતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી છે. જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ છે. જેને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. પોલીસના અનુસાર આ દુર્ઘટના રામગઢ જિલ્લાના રાજરપ્પા વિસ્તારમાં આવેલા લારી ગામ નજીક બની હતી.

રામગઢ બોકારો હાઈવે પર રાત્રે ૧૨ વાગ્યે એક યાત્રી વાહન અને ટ્રક વચ્ચે ભયાનક ટક્કર થઈ હતી. જેમાં વાહનમાં બેઠેલા સંગીતકાર્યક્રમમાંથી આવી રહેલા કલાકારો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ દુર્ઘટનામાં કુલ સાત લોકોનાં ઘટના સ્થળે જ મોત નિપજ્યાં હતા. જ્યારે એક ઘાયલને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

# વેનેઝુએલા ભૂકંપ અંગે પ્રધાનમંત્રીએ શોક વ્યક્ત કર્યો ભારત શક્ય તમામ સહાય પૂરી પાડશે

નવીદિલ્હી,

વેનેઝુએલા ભૂકંપથી થયેલા ભારે વિનાશથી સમગ્ર વિશ્વમાં ચિંતા અને સહાનુભૂતિનો માહોલ છવાઈ ગયો છે. ભારતે પણ ચિંતા વ્યક્ત કરી છે અને વેનેઝુએલા સરકારને શક્ય તમામ સહાયની જાહેરાત કરી છે. પ્રધાનમંત્રી મોદીએ વેનેઝુએલામા માર્યા ગયેલા લોકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને કહ્યું કે ભારત શક્ય તમામ સહાય પૂરી પાડવા માટે તૈયાર છે.



સોશિયલ મીડિયા પર શેર કરેલી પોસ્ટમાં પીએમ મોદીએ લખ્યું, "વેનેઝુએલામા આવેલા વિનાશક ભૂકંપથી થયેલા વિનાશથી હું ખૂબ જ દુઃખી છું. ભારત વતી, હું વેનેઝુએલા સરકાર અને લોકો પ્રત્યે, ખાસ કરીને પ્રિયજનો ગુમાવનારાઓના પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું. અમે ઘાયલોના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરીએ છીએ અને આ મુશ્કેલ સમયમાં અસરગ્રસ્ત તમામ લોકો સાથે એકતામાં ઊભા છીએ." ભારત શક્ય તમામ સહાય પૂરી પાડવા માટે તૈયાર છે. ભારત ઉપરાંત, વિશ્વના ઘણા દેશોએ વેનેઝુએલામાં આવેલા વિનાશક ભૂકંપ પર શોક વ્યક્ત કર્યો છે અને સહાયની જાહેરાત કરી છે. વેનેઝુએલા ભૂકંપગ્રસ્ત પ્રદેશ છે અને ઉચ્ચ જોખમ ધરાવતા ભૂકંપ ક્ષેત્રમાં આવે છે. વૈજ્ઞાનિકો કહે છે કે આ દેશ બે ટેક્ટોનિક પ્લેટો વચ્ચે સ્થિત છે.

# વેનેઝુએલામાં રેસ્ક્યુ ઓપરેશન યથાવત : મૃત્યુઆંક ૨૩૫ થયો

## વિનાશક ભૂકંપમાં ૨૫૦થી વધુ ઈમારતો ધરાશાઈ થઈ : કાટમાળ નીચે હજુ પણ સેંકડો લોકો ફસાયેલા હોવાની શક્યતા

કરાકાસ

વેનેઝુએલામાં આવેલા વિનાશક ભૂકંપે ભારે તબાહી મચાવી છે. માત્ર એક મિનિટની અંદર આવેલા ૭.૨ અને ૭.૫ ની તીવ્રતાના બે શક્તિશાળી ભૂકંપમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૨૩૫ લોકોના મોત થયા છે, જ્યારે ૪૩૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. બીજી તરફ, કાટમાળ નીચે દબાયેલા સેંકડો લોકોને સુરક્ષિત બહાર કાઢવા માટે બચાવકર્મીઓ અને સ્થાનિક લોકો યુદ્ધના ધોરણે લાગેલા છે.

આ વિનાશક ભૂકંપમાં લગભગ ૨૫૦થી વધુ ઈમારતોને નુકસાન થયું છે અથવા તો તે નાશ પામી છે. લગભગ ૨૦૦ લોકો ધરાશાયી થયેલી ઈમારતો નીચે ફસાયેલા છે. ગુમ થયેલા લોકોની માહિતી એકત્ર કરતી એક વેબસાઈટે ૪૬,૦૦૦ થી વધુ લોકોને ગુમ થયેલા દર્શાવ્યા છે, જો કે આ આંકડાની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ શકી નથી.વેનેઝુએલામાં ભૂકંપ આવ્યાને ૩૦ કલાકથી પણ વધુ સમય વીતી ગયો છે અને રેસ્ક્યૂ ઓપરેશન હજુ પણ ચાલુ છે. સ્થાનિક રાહત અને બચાવ કાર્ય કરતી એજન્સીઓ ભૂકંપ પ્રભાવિત વિસ્તારોમાં કાટમાળ હટાવવાનું કામ કરી રહી છે. બચાવ કામગીરીમાં લાગેલા અધિકારીઓ તરફથી મળેલી માહિતી મુજબ, ઈજાગ્રસ્તો અને પ્રભાવિતોની સંખ્યા હજારોમાં છે, જેથી મૃત્યુઆંક હજુ વધવાની આશંકા છે. દેશના કાર્યવાહક રાષ્ટ્રપતિ રોડ્રિગેઝે દેશમાં કટોકટીની સ્થિતિ જાહેર કરી દીધી છે.



ભારત, અમેરિકા અને ફ્રાન્સ સહિત વિશ્વના ઘણા દેશોએ વેનેઝુએલા તરફ મદદનો હાથ લંબાવ્યો છે.

રાષ્ટ્રપતિ રોડ્રિગેઝે જણાવ્યું કે, અધિકારીઓ બચાવ કામગીરી ઝડપી બનાવવા માટે ખાનગી કંપનીઓ પાસેથી ભારે મશીનરી લાવી રહ્યા છે. તેમણે વ્યવસાયીઓને બાંધકામના સાધનો ઉપલબ્ધ કરાવવાની અપીલ કરી છે અને કહ્યું કે, અધિકારીઓને આશા છે કે જેટલા બની શકે એટલા વધુમાં વધુ લોકોને જીવતા બચાવી શકાય.

ફસાયેલા લોકો માટે બચાવ અભિયાન તેજ કરી દેવામાં આવ્યું છે. જો કે, સ્થાનિક રહેવાસીઓએ ફરિયાદ કરી છે કે સત્તાવાર બચાવ કામગીરી ખૂબ જ ધીમી છે, અને ઘણા લોકો કાટમાળ હટાવીને પોતાના હાથથી ખોદકામ કરવા માટે પડોશીઓ પર નિર્ભર હતા.ગુરુવારે આવેલા આ વિનાશક ભૂકંપે જરૂરી સેવાઓને ખોરવી નાખી છે. રાજધાની કરાકાસ અને લા ગુઆઈરામાં એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યા છે. મેટ્રો સેવાઓ રદ કરવામાં આવી છે. શાળાઓને આશ્રય સ્થાનો (શેલ્ટર હોમ) બનાવી દેવામાં આવી છે. ઘણા વિસ્તારોમાં હજુ પણ ભૂકંપના આંચકા અનુભવાયા હોવાના અહેવાલો છે.

# સમગ્ર યુરોપમાં ગરમીનો પ્રકોપ : ફ્રાન્સમાં ૫૮ લોકોના મોત

## ફ્રાન્સ, બ્રિટન, ઈટાલી અને સ્પેન સહિત યુરોપના ૨૬ દેશોમાં ભારે ગરમીના પગલે જનજીવન પ્રભાવિત : ૧૪ દેશમાં રેડ એલર્ટ

નવી દિલ્હી

સમગ્ર યુરોપ હાલમાં કુદરતના ભયાનક પ્રકોપનો સામનો કરી રહ્યું છે. ફ્રાન્સ, બ્રિટન, ઈટાલી અને સ્પેન સહિત યુરોપના ૨૬ દેશો આ સમયે આકરી ગરમી અને ભયંકર લૂની ઝપેટમાં આવી ગયા છે. સ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે, ૧૪ થી વધુ દેશોમાં ગરમીને લઈને 'રેડ એલર્ટ' જાહેર કરવું પડ્યું છે. મોટાભાગના દેશોમાં પારો ૪૦ થી ૪૩ ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચી ગયો છે, જેના કારણે સામાન્ય જનજીવન સંપૂર્ણપણે ઠપ થઈ ગયું છે. આ દેશોમાં અત્યારે ગરમીએ માઝા મૂકી દીધી છે.



ગરમીની સૌથી ઘાતક અસર ફ્રાન્સમાં જોવા મળી રહી છે, જ્યાં અત્યાર સુધીમાં ૫૮ લોકોના મોત થયા છે. અસહ્ય ગરમીથી રાહત મેળવવા માટે લોકો નદીઓ અને તળાવો તરફ દોડી રહ્યા છે, જેના કારણે છેલ્લા કેટલાક દિવસોમાં પાણીમાં ડૂબી જવાથી ૪૦ યુવાનોના મોત થયા છે. આ સિવાય લૂ લાગવાને કારણે ૨ બાળકો સહિત ૧૮ લોકોએ દમ તોડ્યો છે. આ સ્થિતિએ વિશ્વ ચિંતામાં મુકાઈ ગયું છે.

મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે વધતા તાપમાનની અસર દેશના વીજ સંકટ પર પણ પડી છે. ફ્રાન્સમાં 'ગોલફેશ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ' (Golfech Nuclear Power Plant) ને સોમવારે રાત્રે બંધ કરવો પડ્યો હતો. આ પ્લાન્ટને ઠંડો રાખવા માટે ગારોન નદીના પાણીનો ઉપયોગ થાય છે, પરંતુ નદીનું તાપમાન ૨૮ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની આશંકા હોવાથી સુરક્ષાના કારણોસર આ નિર્ણય લેવાયો છે.

એટલું જ નહીં પરંતુ ૧,૩૫૦ થી વધુ શાળાઓ બંધ કરી દીધી છે. આ ઉપરાંત, ફ્રાન્સના પ્રખ્યાત વાર્ષિક સ્ટ્રીટ મ્યુઝિક ફેસ્ટિવલ 'ફ્ત દ લા મ્યુઝિક' દરમિયાન જાહેર સ્થળો પર દારૂ પીવા પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. હવામાન વૈજ્ઞાનિકોના મતે આ ગરમી વર્ષ ૨૦૦૩ની એ ઐતિહાસિક આપત્તિ જેવી છે જેમાં અંદાજે ૧૫ હજાર લોકોના મોત થયા હતા. બ્રિટનની વાત કરવામાં આવે તો, હવામાન વિભાગે બુધવાર અને ગુરુવાર માટે 'રેડ એક્સ્ટ્રીમ હીટ વોર્નિંગ' જાહેર કરી છે.

# ગાંધીનગરમાં નશામાં ધૂત નબીરાઓની કારે ત્રણ વાહનોને મારી જોરદાર ટક્કર

## અકસ્માત બાદ કારમાં આગ ફાટી નીકળી : એક વ્યક્તિને ગંભીર ઈજા

ગાંધીનગર

ગાંધીનગરના એસ.જી. હાઈવે પર સરગાસણ બ્રિજ નજીક ગત રાત્રે નશામાં ધૂત નબીરાઓએ બેફામ ગાડીઓ દોડાવીને ભારે આતંક મચાવ્યો હતો. દારૂના નશામાં ચૂર એક નબીરાએ કાર પરથી કાબૂ ગુમાવતા એક પછી એક એમ ચાર વાહનો વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ રફતારના રોમાંચે હાઈવે પર દોડતા અન્ય વાહનચાલકોના જીવ તાળવે ચોંટાડી દીધા હતા.

ઘટનાની વિગત મુજબ, સરગાસણ બ્રિજ નજીક ફૂલ સ્પીડમાં આવી રહેલી કારચાલકે આગળ જઈ રહેલી ઈલેક્ટ્રિક કારને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે ઈવી કાર ફંગોળાઈને તેની આગળ ચાલતી ટોયોટા ઈનોવા કાર સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માતમાં અન્ય એક વાહન પણ લપેટામાં આવી ગયું હતું, જેના કારણે હાઈવે પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ટક્કર વાગ્યાની ગણતરીની મિનિટોમાં જ અકસ્માત સર્જનાર કારમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આખી કાર આગની લપેટમાં આવી ગઈ હતી અને બળીને ખાખ થઈ ગઈ હતી. સદનસીબે કારમાં સવાર લોકો સમયસર બહાર નીકળી જતાં મોટો અનર્થ ટળ્યો હતો. જોકે, આ ભયાનક અકસ્માતમાં એક વ્યક્તિને અત્યંત ગંભીર ઈજાઓ પહોંચી છે, જેને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

# કર્ણાટકના મંડ્યામાં કાવેરી નદીમાં ફોટોગ્રાફી કરતી વખતે એક પરિવારના પાંચ સભ્યો ડૂબી ગયા

## પરિવાર પ્રખ્યાત મુત્તાથિરય મંદિરના દર્શન માટે મુત્તાથિ ગયો હતો

બેંગ્લુરૂ,

કર્ણાટકના મંડ્યા જિલ્લાના માલાવલ્લી તાલુકાના લોકપ્રિય પર્યટન સ્થળ મુથથી નજીક કાવેરી નદીમાં એક પરિવારના પાંચ સભ્યો ડૂબી ગયા. આ ઘટના બુધવારે સાંજે ૫ વાગ્યાની આસપાસ બની હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેઓ ફોટોગ્રાફી કરવા માટે પાણીમાં ઉતર્યા હતા. મૃતકોની ઓળખ ચૈત્ર (૨૦), પ્રિયંકા (૨૮), શ્વેતા (૩૮), વિજયમ્મા (૫૦) અને મહેશ તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું હતું કે તેઓ બધા ચન્નાપટનાના બાયદરહલ્લીના રહેવાસી હતા.

પરિવાર પ્રખ્યાત મુત્તાથિરય મંદિરના દર્શન માટે મુત્તાથિ ગયો હતો. પ્રાર્થના કર્યા પછી, તેઓ નદી કિનારે ગયા. કાવેરી નદીમાં પ્રવેશ કરતી વખતે આ અકસ્માત થયો. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેઓ ફોટોગ્રાફી કરી રહ્યા હતા અને બેદરકારીથી તણાઈ ગયા.

માહિતી મળતાં, હલાગુરુ પોલીસ સ્ટેશનના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા. ફાયર અને બચાવ ટીમોએ તાત્કાલિક શોધખોળ શરૂ કરી અને થોડા જ સમયમાં પાંચેય મૃતદેહો બહાર કાઢ્યા. મંડ્યાના પોલીસ અધિક્ષક ડૉ. વી.જે. શોભારાણીએ ઘટનાસ્થળે મુલાકાત લીધી અને પુષ્ટિ કરી કે પીડિતોના મૃતદેહોને મંડ્યા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. હલાગુરુ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે, અને વધુ તપાસ ચાલી રહી છે.પોલીસે જણાવ્યું હતું કે આ અકસ્માત ત્યારે થયો જ્યારે વિજયમ્મા આકસ્મિક રીતે નદીના ઊંડા ભાગમાં લપસી ગઈ અને ડૂબવા લાગી.

# સરકારે એલપીજી પરના તમામ નિયંત્રણો હટાવ્યા

## ઈન્ડસ્ટ્રિયલ અને કોમર્શિયલ લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસના સપ્લાયને કટોકટી પહેલાના સ્તરે પુનઃસ્થાપિત કર્યો

નવી દિલ્હી

કેન્દ્ર સરકારે ઈન્ડસ્ટ્રિયલ અને કોમર્શિયલ એલપીજીનો સપ્લાય પશ્ચિમ એશિયાના સંકટ પૂર્વેના સ્તરે પુનઃસ્થાપિત કર્યો છે. પેટ્રોલિયમ મંત્રાલયે સેક્ટર-સ્પેસિફિક એલોકેશન કેપ્સ પણ હટાવી દીધા છે. પ્રોપેન અને બ્યુટેન પરના પ્રતિબંધો પણ હળવા કરાયા છે. જોકે, પીએનજી તરફ સ્થળાંતરની ઝુંબેશ ચાલુ રહેશે.પશ્ચિમ એશિયાના સંકટના કારણે છેલ્લા કેટલાક મહિનાઓથી દેશના ઔદ્યોગિક સેક્ટરમાં જે દબાણ જોવા મળી રહ્યું હતું, તેમાં હવે કેન્દ્ર સરકારે મોટી રાહત આપી છે. સરકારે ગુરુવારે એક મહત્વપૂર્ણ નિર્ણય લઈને ઈન્ડસ્ટ્રિયલ અને કોમર્શિયલ લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસના સપ્લાયને કટોકટી પહેલાના સ્તરે પુનઃસ્થાપિત કરી દીધો છે. આ સાથે જ સરકારે અગાઉ લાદવામાં આવેલા તમામ સેક્ટર-સ્પેસિફિક એલોકેશન કેપ્સ પણ હટાવી લીધા છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે કહ્યું છે કે, કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રિયલ ન્ગ્રાહકોને મોટી રાહત આપતા, સરકારે નોન-ડોમેસ્ટિક પેકડ ન્ની સપ્લાય પરના તમામ સેક્ટરલ પ્રતિબંધો દૂર કર્યા છે અને પશ્ચિમ એશિયાના સંકટ પહેલા પ્રવર્તતા સ્તરે સપ્લાય પુનઃસ્થાપિત કર્યો છે.

નવા નિર્દેશો અનુસાર, જે મોટા ગ્રાહકો છે, તેમને કટોકટી પૂર્વેના તેમના કુલ વપરાશના ૫૦% જરૂરિયાત જેટલો ગેસ ફાળવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે કટોકટીની શરૂઆતમાં આ સપ્લાય સંપૂર્ણપણે સ્થગિત કરી દેવામાં આવ્યો હતો.

માર્ચ મહિનાની શરૂઆતમાં જ્યારે કટોકટી ચરમસીમા પર હતી, ત્યારે સરકારે કોમર્શિયલ એલપીજીના સપ્લાય પર કામચલાઉ પ્રતિબંધો મૂક્યા હતા. ત્યારબાદ સ્થિતિ સુધરતા અલગ-અલગ તબક્કામાં સપ્લાય વધારીને ૭૦% સુધી પહોંચાડવામાં આવ્યો હતો. આમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પાઈપ્ડ નેચરલ ગેસ તરફ ઝડપથી વળવા માટે ૧૦%ની શરતી ફાળવણી પણ સામેલ હતી.

સરકારે માત્ર એલપીજી સપ્લાય જ નથી વધાર્યો, પરંતુ અન્ય ઔદ્યોગિક કેમિકલ્સના નિયમોમાં પણ ઢીલ આપી છે. અગાઉ સરકારે આદેશ આપ્યો હતો કે પ્રોપેન અને બ્યુટેનનો ઉપયોગ માત્ર સ્થાનિક એલપીજીના ઉત્પાદન માટે જ કરવો. હવે આ કડક આદેશને પણ હળવો કરવામાં આવ્યો છે.ભવિષ્યમાં સપ્લાયનું યોગ્ય સંચાલન થઈ શકે તે માટે પેટ્રોલિયમ મંત્રાલયે ઓઈલ માર્કેટિંગ કંપનીઓને કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રિયલ ગ્રાહકોનો ડેટા સતત મેઈન્ટેન રાખવા માટે પણ સૂચના આપી છે.સરકારે ભલે એલપીજી સપ્લાય સામાન્ય કરી દીધો હોય, પરંતુ દેશમાં પાઈપ્ડ નેચરલ ગેસનો વ્યાપ વધારવાનો તેનો સંકલ્પ યથાવત છે. કટોકટી સમયે એલપીજી પરનું દબાણ ઘટાડવા માટે જે ગ્રાહકોને પીએનજી પર શિફ્ટ કરવામાં આવ્યા હતા, તેઓ આગામી સમયમાં પણ પીએનજી પર જ રહેશે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, જે કોમર્શિયલ અને બલ્ક ગ્રાહકો પાસે પીએનજી નેટવર્કની સુવિધા ઉપલબ્ધ છે, અથવા જેઓ શિફ્ટ થવાની પ્રક્રિયામાં છે, તેમને સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન સંસ્થાઓના સંકલન સાથે ક્રમશઃ પીએનજી તરફ વાળવામાં આવશે.

# લાખાબાવળ, સરમત તથા રાવલસર ખાતે 'શાળા પ્રવેશોત્સવની ઉજવણી







જામનગર : જામનગર ગ્રામ્ય વિસ્તારના લાખાબાવળ, સરમત તથા રાવલસર કેન્દ્રો ખાતે રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાની ઉપસ્થિતિમાં 'કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ' કાર્યક્રમ ઉત્સાહભર્યા માહોલમાં સંપન્ન થયો હતો. શિક્ષણના વ્યાપ અને ગુણવત્તાને વધારવાના ઉમદા આશય સાથે યોજાયેલા આ જ્ઞાનયજ્ઞ અંતર્ગત લાખાબાવળની કુમાર શાળા, કન્યાશાળા, વાડી શાળા અને ચાપા બેરાજા પ્રાથમિક શાળા તેમજ સરમત પ્રાથમિક શાળા, વાડી શાળા અને રાવલસર ખાતે આવેલ શ્રી નવસર્જન ઉત્તર બુનિયાદી વિદ્યાલય તથા વાડી તાલુકા શાળાના બાળકોનો પ્રવેશોત્સવ યોજાયો હતો. આ શૈક્ષણિક અભિયાન અંતર્ગત ઉજવણીના આ અવસરે બાલવાટિકામાં ૧૦૫ ભુલકાઓએ અને ધોરણ-૯ માં ૫૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર શાળા પ્રવેશીને પોતાના શૈક્ષણિક જીવનના નવા સોપાન સર કર્યા હતા.

મંત્રી પ્રફુલ પાનસેરીયા તથા પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ સહિતના ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે તમામ નવપ્રવેશિત વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો અને આકર્ષક શૈક્ષણિક કીટ અર્પણ કરી બાલવાટિકા તેમજ શાળામાં આવકારાયા હતા. આ સાથે જ, કોમન એન્ટ્રેસ ટેસ્ટ માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ઉત્તીર્ણ થયેલા તેમજ શૈક્ષણિક ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને પણ શૈક્ષણિક કીટ આપી વિશેષ સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને વર્તમાન સામાજિક મુદ્દાઓ પર આધારિત પ્રભાવશાળી વક્તવ્યોએ ઉપસ્થિત સૌ કોઈના મન મોહી લીધા હતા.

આ પ્રસંગે પ્રેરણાદાયી ઉદ્બોધન આપતા આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યું હતું કે, ભૂતકાળમાં ૧૮ થી ૨૦ ટકા જેટલા બાળકો પ્રાથમિક શિક્ષણના પ્રવેશથી વંચિત રહી જતા હતા, પરંતુ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલા શાળા પ્રવેશોત્સવના સાર્વત્રિક અભિયાનને પરિણામે આજે શિક્ષણનો વ્યાપ છેવાડાના માનવી સુધી પહોંચ્યો છે. શિક્ષણ એ માનવ જીવનને સુખી અને સમૃદ્ધ બનાવવાનું સર્વોત્તમ માધ્યમ છે. ભારતીય સંસ્કૃતિની ભવ્ય પ્રણાલિકા મુજબ બાળકના શ્રેષ્ઠ ભવિષ્ય અને ચારિત્ર્યનું ઘડતર શાળાના પ્રાંગણમાં જ થાય છે. જે રાષ્ટ્ર કે સંસ્કૃતિ માનવતાવાદી સંસ્કારોને નથી અપનાવતી, તે લાંબો સમય ટકી શકતી નથી.

વધુમાં ઉમેર્યું હતું કે, વર્તમાન સરકારે ગ્રામીણ સ્તરે પણ શહેરો સમકક્ષ આધુનિક અને સુવિધાસભર શાળાઓનું નિર્માણ કરીને અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણનો મજબૂત પાયો નાખ્યો છે. વર્ષ ૨૦૪૭ ના 'વિકસિત ભારત' ના સ્વપ્નને સાકાર કરવા માટે અત્યારથી જ તંદુરસ્ત અને સમરસ સમાજનું નિર્માણ થાય તે દિશામાં સરકાર કટિબદ્ધતા પૂર્વક આગળ વધી રહી છે. ઉપસ્થિત વિદ્યાર્થીઓને જીવનમાં આકરી મહેનત અને પરિશ્રમ થકી ઉચ્ચ ધ્યેય હાસલ કરવા પ્રોત્સાહિત કર્યા હતા, તેમજ શિક્ષણની સાથે સાથે હૃદયમાં દયા, કરુણા અને પરસ્પર સહયોગની ઉમદા માનવીય ભાવનાઓ કેળવવા હાર્દિક અપીલ કરી હતી.

શિક્ષણના આ ઉત્સવમાં પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ, જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન સુનિલભાઈ રાઠોડ, જિલ્લા પંચાયતના સભ્યો મહેન્દ્રસિંહ જાડેજા તથા કલ્પનાબેન કણજારીયા, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી પ્રેમકુમાર સિંઘ, અગ્રણીઓ કુમારપાલસિંહ રાણા, ભવાનભાઈ ચૌહાણ, ભવદીપભાઈ પંડ્યા, ગીરીરાજસિંહ જાડેજા, હરપાલસિંહ ચુડાસમા તેમજ સંબંધિત તમામ ગામોના સરપંચઓ, શાળાના આચાર્યઓ, શિક્ષકો, ગ્રામજનો, વાલીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દ્વારકા જિલ્લામાં દારૂની ૧૭ બાટલી સાથે ત્રણ શખ્સ ઈંગ્લિશ ઝડપાયા : એક ફરાર

દ્વારકા : દ્વારકા જિલ્લામાં વધુ ત્રણ જગ્યાએ પોલીસે ઈંગ્લિશ દારૂ અંગેના દરોડા પાડી ત્રણ શખ્સને નાની- મોટી ઈંગ્લિશ દારૂની ૧૭ બાટલી સાથે પકડી પાડી મોટરસાયકલ સહિત કુલમળી રૂ. ૨૪ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો જ્યારે એક શખ્સની સંડોવણી ખુલતા તેને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કલ્યાણપુર તાલુકાના રાવલ ગામે લીરબાઈનગર વિસ્તારમાંથી પાલાભાઈ રાજુભાઈ સાઈસ નામનો શખ્સ પોતાનું મોટરસાયકલ ચલાવી જતો હોય દરમિયાન તેને કલ્યાણપુર પોલીસે રોકી તલાસી લેતા ઈંગ્લિશ દારૂની એક બોટલ મળી આવતા અટકાયત કરી રૂ. ૧૧૦૦ ની કિંમતની બોટલ તથા મોટરસાયકલ સહિત કુલમળી રૂ. ૨૧૧૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ તેના વિરુદ્ધ દારૂબંધી ધારા હેઠળ ગુન્હો નોંધ્યો હતો.

ઉપરાંત કલ્યાણપુર તાલુકાના કેનેડી ગામમાં રહેતો જયેશભાઈ ટપુભાઈ કણજારીયા નામનો વેપારી શખ્સ ગામના બસ સ્ટેશન પાસેથી પસાર થતો હોય આ વેળાએ સ્થાનિક પોલીસે અટકાવી તલાસી લેતા તેના પાસેથી ઈંગ્લિશ દારૂના ૧૦ નંગ ટીન મળી આવતા રૂ. ૨૨૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ ધરપકડ કરી હતી.

જ્યારે ખંભાળિયા તાલુકાના દખણાદા બારા ગામના રોડ પરથી સલાયા મરીન પોલીસે વોચ ગોઠવી ગામના જ હરદીપ સિંહ પ્રવિણસિંહ જાડેજા નામના શખ્સને ઈંગ્લિશ દારૂના ૬ નંગ ચપલા સાથે ઝડપી પાડી રૂ. ૬૮૪ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે યુવરાજસિંહ વિક્રમસિંહ જાડેજા નામના શખ્સની સંડોવણી ખુલતા તેને ફરાર જાહેર કરી શોધખોળ આદરી છે.

## શાપરમાં લાંચના ગુનામાં ઝડપાયેલા વિજતંત્રના ના. ઈજનેર અને લાઈનમેનના જામીન નામંજૂર

જામનગર : જામનગરમાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો દ્વારા લાંચ લેતા ઝડપાયેલા પીજીવીસીએલના નાયબ ઈજનેર અને લાઈનમેનને કોર્ટમાંથી રાહત મળી નથી. જામનગરની વિશેષ અદાલતે બંને આરોપીઓની જામીન અરજી નામંજૂર કરી છે.

ફરિયાદ મુજબ, જામનગર તાલુકાના નાની ખાવડી ગામે રહેતા અરજદારે પોતાના ગેસ્ટ હાઉસ માટે નવા ત્રિ-ફેઝ વીજ જોડાણ માટે પીજીવીસીએલની શાપર પેટા વિભાગીય કચેરીમાં અરજી કરી હતી. લાંબા સમયથી કાર્યવાહી અટવાયેલી હોવાથી તેમજ નવો થાંભલો ઊભો કરી મોટર જોડાણ આપવા બદલ શાપર પેટા વિભાગના વર્ગ-૧ના નાયબ ઈજનેર ઋષિ દિનેશચંદ્ર પરમારે રૂ. ૧ લાખની લાંચની માંગણી કરી હતી. બાદમાં રકઝક બાદ રૂ. ૮૦ હજાર લાંચ તરીકે નક્કી કરવામાં આવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

લાંચ આપવાની ઈચ્છા ન હોવાથી અરજદારે ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ તા. ૧૭ જૂન, ૨૦૨૬ના રોજ મોટી-ખાવડી-જામનગર- બાલાચડી હાઈવે રોડ પેર ગોઠવાયેલા છટકામાં પીજીવીસીએલ શાપર પેટા વિભાગના લાઈનમેન મહેશભાઈ ડુંગરામ પ્રજાપતિ ફરિયાદી પાસેથી રૂ. ૮૦ હજારની લાંચની રકમ સ્વીકારતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. તપાસ દરમિયાન નાયબ ઈજનેરની સંડોવણી પણ બહાર આવતા બંને સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

આ અંગે જામનગર ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો પોલીસ મથક ખાતે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ (સુધારા ૨૦૧૮)ની કલમ ૭, ૧૨ અને ૧૩(૨) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. બાદમાં બંને આરોપીઓએ જામનગરની વિશેષ અદાલતમાં જામીન માટે અરજી કરી હતી. જોકે, કેસની ગંભીરતા અને તપાસના તબક્કાને ધ્યાનમાં રાખીને જામનગરના એડિશનલ સેશન્સ જજ શ્રી વી.પી. ચાવડાએ બંને આરોપીઓની જામીન અરજી નામંજૂર કરી હતી. આ કેસમાં સરકાર તરફથી વિશેષ જાહેર અભિયોજક હેવેન્દ્ર ડો. મહેતા દ્વારા દલીલો રજૂ કરવામાં આવી હતી.

## ધ્રોલના વિરાણી ખીજડીયા રોડ પરથી જુગાર રમતા છ શખ્સો ઝડપાયા

ધ્રોલ (સંજય ડાંગર) : ધ્રોલ તાલુકાના વિરાણી ખીજડીયા ગામથી ખેંગારકા જવાના રસ્તે, રામદેવપીરના મંદિર પાસે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા છ શખ્સોને પોલીસે રોકડા રૂપિયા ૫,૯૬૦ની મતા સાથે ઝડપી પાડ્યા છે.

ધ્રોલ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ સંજયભાઈ સોલંકી સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન થાણાથી ૧૮ કિલોમીટર દૂર જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે સાંજે ૬:૪૫ વાગ્યે દરોડો પાડીને જુગાર રમતા ભાવેશભાઈ રમેશભાઈ પરમાર (રહે. અણીયારા, રાજકોટ), ગંગારામભાઈ પુરણદાસ સોલંકી (રહે. વિરાણી ખીજડીયા), દેવજીભાઈ ધનાભાઈ જાદવ (રહે. જાળીયા માનસર), મોતીરામ લાલદાસ પરમાર (રહે. વિરાણી ખીજડીયા), છોટાલાલ ભીખાભાઈ ડાંગર (રહે. જાળીયા માનસર) અને લક્ષ્મીદાસ પુરણદાસ સોલંકી (રહે. વિરાણી ખીજડીયા) ને રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસે પટમાંથી રોકડા રૂ. ૫,૯૬૦ અને ગંજીપતાના પાના કબજે કર્યા છે. હેડ કોન્સ્ટેબલ એચ.જે. જાડેજાએ આ રેઈડની કાર્યવાહી કરી હતી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં રંગમતી-નાગમતી નદી અને કેનાલોની સફાઈ માત્ર કાગળ પર : કોંગ્રેસે





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેર (જિલ્લા) કોંગ્રેસ સમિતિના પ્રમુખ વિરેન્દ્રસિંહ (દિગુભા) જાડેજાએ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને રજૂઆત કરી રંગમતી નદી, નાગમતી નદી અને શહેરની વિવિધ કેનાલોમાં પ્રિ-મોન્સૂન કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવાની માંગ કરી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે જામનગર મહાનગરપાલિકાના સંબંધિત અધિકારીઓ, જવાબદાર એજન્સીઓ તથા કોન્ટ્રાક્ટરો શહેર કોંગ્રેસ સમિતિના પ્રતિનિધિઓ સાથે સંયુક્ત સ્થળ મુલાકાત કરે. કોંગ્રેસનો આક્ષેપ છે કે પ્રિ-મોન્સૂન કામગીરીનો મોટો ભાગ માત્ર કાગળ પર દર્શાવવામાં આવ્યો છે, જ્યારે વાસ્તવિક સ્થિતિમાં નદીઓ અને કેનાલોમાં ગંદકી, કચરો અને કાંપ યથાવત જોવા મળે છે.

કોંગ્રેસે જણાવ્યું છે કે દર્શાવવામાં આવેલી કામગીરી અને સ્થળ પરની વાસ્તવિક સ્થિતિ વચ્ચે મોટો તફાવત હોવાનું જણાઈ રહ્યું છે. જો મહાનગરપાલિકા દ્વારા કામગીરી પૂર્ણ થયાનો દાવો કરવામાં આવતો હોય તો અધિકારીઓએ જાહેર રીતે કોંગ્રેસના પ્રતિનિધિઓ સાથે સ્થળ નિરીક્ષણ કરી થયેલી કામગીરી બતાવવી જોઈએ.

રજૂઆતમાં વધુમાં માંગ કરવામાં આવી છે કે જો સ્થળ તપાસ દરમિયાન ગેરરીતિ અથવા ભ્રષ્ટાચાર સામે આવે તો જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

કોંગ્રેસે શહેરમાં વરસાદી સિઝન પૂર્વે નદીઓ અને કેનાલોની યોગ્ય સફાઈ કરીને સંભવિત જળભરાવની સમસ્યા ટાળવા તાત્કાલિક પગલાં ભરવાની પણ માંગ ઉઠાવી છે.

## લાલપુર પંથકમાં નદી અને ચેક ડેમમાં વીજ પોલ ઊભા કરવાની કામગીરી અટકાવવા માંગ



જામનગર : જામનગર જિલ્લાના લાલપુર પંથકમાં નદી - ચેકડેમ વિસ્તારમાં વીજ પોલ ઊભા કરવાની કામગીરી ચાલે છે. આ કામ તાકિદે અટકાવવું જોઈએ તેવી માંગણી ઉઠવા પામી છે.

લાલપુરના નાંદુરી ગામના જયેશકુમાર રામાભાઈ નંદાણીયાએ પંચાયત સિંચાઈ પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરને પત્ર પાઠવી રજૂઆત કરી છે. જેમાં માંગણી કરાઈ છે કે તેમની જમીન રીજપર ગામમાં આવેલ છે જેની નજીકમાં સીયારયો નામની નદી છે. આ નદીના પ્રવાહમાં કંપનીઓ દ્વારા ૩૩ કે.વી.ના વીજ પોલ ઊભા કરવામાં આવેલ છે તથા બાજુના ચેકડેમમાં પણ આવી જ રીતે પોલ નાખવામાં આવે છે. પાણીની આવક પછી લગભગ ૮ માસ સુધી સીયારીયો અને રૂપાવટી નદીમાં પાણી વહેતુ રહે છે જે પાણીનો ખેડૂતો ઉપયોગ કરે છે. ચેકડેમમાં વીજ પોલ ઊભા કરવાથી શોર્ટ સર્કિટનો ભય રહે છે. આ કંપની દ્વારા સિંચાઈ વિભાગની મંજુરી મેળવ્યા વગર અને અનઅધિકૃત રીતે સીયારયો નદી અને ચેકડેમ માં પોલ નાખવામાં આવે છે. જેનાથી ઢોર-ઢાંખર-માનવી વગેરેના જીવ પર જોખમ છે. નદી અને ચેકડેમોમાં ૧૮ પોલ ઊભા કરવામાં આવી રહ્યા છે. આથી તાકિદે આ કામ બંધ કરાવવું જોઈએ. એનટીપીસીસી તથા સમર્થ એનર્જી વગેરે કંપની દ્વારા આ કામ કરવામાં આવી રહ્યું છે.

# જામ્યુકોની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રૂ. ૬.૧૪ કરોડના કામો મંજુર



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ગઈકાલે મળી હતી જેમાં કુલ રૂપિયા ૬.૧૪ કરોડના વિવિધ ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી.

જામનગર મહાનગર પાલિકાની સ્ટેન્ડીગ કમિટીની બેઠક ગઈકાલ તા. ૨૫-૬ના રોજ સ્ટે. ચેરમેન ધીરેનકુમાર મોનાણીના અધ્યક્ષ સ્થાને મળેલ હતી. તેમાં કુલ ૧૧ સભ્યો હાજર રહેલ હતા. આ ઉપરાંત મેયર મોનીકાબેન વ્યાસ, ડે. મેયર રાકેશભાઈ ડેર, કમિશ્નર દિપેશ કેડીયા, સીટી એન્જીનીયર ભાવેશભાઈ જાની, આસી. કમિશ્નર (વ.) મુકેશભાઈ વરણવા હાજર રહ્યા હતા.

આ બેઠકમાં ટુ ડીઝાઈન મેન્યુફેક્ચર સપ્લાઈ એન્ડ ડીલેવરી ઓફ વોટર રેસ્ક્યુ બોટ એન્ડ વેરીઅસ ટાઈપ્સ ઓફ ઈક્યુમેન્ટસ એઝ પર જેએમસી ટેકનીકલ સ્પેશીફીકેશન ફોર જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અંગે કમિશ્નર ની દરખાસ્ત પેન્ડીંગ રાખવામાં આવી હતી.

સને ૨૦૨૬ માટે ભાડાથી બેકહો લોડર, ડમ્પર, એકસકેવેટર (હીતાચી) તથા ટ્રેકટર વીથ ટ્રોલી સપ્લાય કરવાના કામ અંગે રૂા. ૩૪.૧૪ લાખ, પાઈલોટ બંગલાથી દિગ્જામ સર્કલ સુધી સેન્ટ્રલ લાઈટીંગ વર્ક અંગે રૂા. લ૧૨.૭૦ લાખ, જામનગર મહાનગરપાલિકા ના તમામ વોર્ડમાં આવેલ તમામ પ્રકારની સ્ટ્રીટ લાઈટો તથા જુદી-જુદી ઓફીસ પ્રિમાઈસીસ, કમ્પાઉન્ડ વિગેરે સ્થળોએ આવેલ તમામ સ્ટ્રીટ લાઈટો તથા હાઈમાસ્ટ ટાવર, સીસીએમએસ પેનલ તથા કન્ટ્રોલ પેનલ સ્વિચીગ ઓન/ઓફ, નાઈટ પેટ્રોલીગ સાથે કોમ્પ્રીહેન્સીવ નિભાવ અને મરામત માટે પાંચ વર્ષના ખર્ચ અંગે સૈધ્ધાંતિક સ્વીકાર અને પ્રથમ વર્ષનું ખર્ચ રૂા. ૫.૫૮ કરોડ મંજૂર કરાયું હતું.

જામનગર મહાનગરપાલિકા આરોગ્ય શાખા હસ્તકના મલેરિયા વિભાગની વિવિધ કામગીરી સબબ આઉટ સોસ'ગ એજન્સી મારફત ટાટા એસ ગોલ્ડ વાહન બે સપ્લાય કરવાના કામ માટે રૂા. ૯.૨૩ લાખના ખર્ચને મંજૂર રાખવામાં આવી હતી. આમ ગઈકાલની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કુલ રૂા. ૬ કરોડ ૧૪ લાખના ખર્ચ ને બહાલી આપવામાં આવી હતી.

## જામનગરમાં ૨૮ વર્ષથી ફરાર ઈનામી આરોપીને મધ્ય પ્રદેશમાંથી ઝડપાયો



જામનગર : જામનગર જિલ્લાના પંચકોશી "બી" પોલીસ સ્ટેશનમાં વર્ષ ૧૯૯૯માં નોંધાયેલા લૂંટના ગુનામાં છેલ્લા ૨૮ વર્ષથી ફરાર રહેલા અને ૫ હજાર રૂપિયાના ઈનામી આરોપીને લાલપુર પોલીસે મધ્ય પ્રદેશમાંથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગર જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ નાસતા-ફરતા આરોપીઓની શોધખોળ માટે વિશેષ ટીમ રચવામાં આવી હતી. ટેક્નિકલ વિશ્લેષણ અને બાતમીના આધારે મળેલી માહિતીના આધારે કાર્યવાહી કરતાં આરોપી સુધી પહોંચવામાં સફળતા મળી હતી. છેલ્લા ૨૮ વર્ષ થી નાસતા ફરતા પકડાયેલ આરોપી વાલુસિંહ ઉર્ફે વાલુસન માનસિંહ બિલવાવ, રહેવાસી બડી માંડલી, જિલ્લો ઝાબુઆ, મધ્ય પ્રદેશ હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. આરોપી સામે પંચકોશી "બી" પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૩૯૫ અને ૩૯૭ હેઠળ ગુનો નોંધાયેલ હતો અને તે છેલ્લા ૨૮ વર્ષથી ફરાર હતો.

પોલીસ તપાસ દરમિયાન આરોપી સામે મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં પણ લૂંટ અને અન્ય ગુનાઓ નોંધાયેલા હોવાનું જાણવા મળ્યું છે. ઉપરાંત ભાવનગર જિલ્લામાં પેટ્રોલ પંપ પર લૂંટના પ્રયાસ સાથે સંકળાયેલા હોવાની વિગતો પણ સામે આવી છે.

## કડબાલ ગામે જુગાર રમતા સાત શખ્સની અટકાયત

જામનગર : જામજોધપુર પંથકના કડબાલ ગામે જુગાર રમતા સાત શખ્સને શેઠવડાળા પોલીસે દરોડા દરમિયાન ઝડપી લઈ રૂ. ૧૧ હજારની રોકડ રકમ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ કડબાલ ગામે નદીના કાંઠે જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા જગમાલભાઈ લખુભાઈ ડાંગર, દેવશી ભાઈ કરણાભાઈ કાંબરીયા, જગદીશભાઈ પરબતભાઈ આહીર, વિશાલભાઈ દેવશીભાઈ વરુ, નિલેશભાઈ જેસાભાઈ ડાંગર, મુન્નાભાઈ વજસીભાઈ બેલા અને જીગ્નેશભાઈ હરદાસભાઈ બરાઈ નામના સાત શખ્સને શેઠવડાળા પોલીસે પકડી પાડી સ્થળપરથી રૂ. ૧૧ હજારની રોકડ રકમ ઝબ્બે કરી હતી.

## ધ્રોલ શહેર ભાજપ યુવા મોરચાના સુકાની તરીકે ભગીરથસિંહ જાડેજાની વરણી



ધ્રોલ (સંજય ડાંગર ) : ધ્રોલ શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ તરીકે પક્ષના નિષ્ઠાવાન અને સક્રિય યુવા અગ્રણી ભગીરથસિંહ જાડેજાની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. નવનિયુક્ત પ્રમુખ ભગીરથસિંહ જાડેજા સંગઠનમાં લાંબો અનુભવ ધરાવે છે. તેઓ અગાઉ યુવા મોરચાના ઉપપ્રમુખ તરીકે તથા ગત સંગઠનમાં યુવા મોરચાના મહામંત્રી તરીકે પક્ષની વિવિધ જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવી ચૂક્યા છે. સંગઠનમાં તેમની કાર્યક્ષમતા અને લોકપ્રિયતાને ધ્યાને રાખીને પક્ષના શીર્ષ નેતૃત્વ દ્વારા તેમને ધ્રોલ શહેર યુવા મોરચાના સુકાની તરીકેની મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે.

ભગીરથસિંહ જાડેજાની પ્રમુખ તરીકે વરણી થતાં જ ધ્રોલ શહેર અને પંથકના ભાજપના અગ્રણીઓ, કાર્યકરો અને મિત્ર વર્તુળમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. તેમની આ નિમણૂકને વધાવીને કાર્યકરો અને આગેવાનો દ્વારા તેમના મોબાઈલ નંબર ૯૩૩૬૮ ૨૨૨૨૨ પર તેમજ રૂબરૂ મળીને શુભેચ્છાઓનો અવિરત વરસાદ વરસી રહ્યો છે.

# એનસીસી કેમ્પ તથા આઈએનએસ વાલસુરાની મુલાકાત લેતા ડાયરેક્ટર એડીજી








જામનગર : ગુજરાત એનસીસી ડાયરેક્ટરેટના એડિશનલ ડાયરેક્ટર જનરલ, મેજર જનરલ બિમલ મોંગા જીસ, ફજીસ્એ આઈએનએસ વાલસુરાની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન તેઓ આઈએનએસ વાલસુરાના કમાન્ડિંગ ઓફિસર કમોડોર રાહુલ શર્માને મળ્યા હતા. તેમની સાથે વાર્તાલાપમાં ભારતીય નૌસેનાની આ પ્રતિષ્ઠિત તાલીમી સંસ્થાના સમૃદ્ધ ઈતિહાસ, ગૌરવપૂર્ણ વિરાસત અને કાર્યપ્રણાલીની જાણકારી મેળવી હતી. ભારતીય નૌસેનાના અત્યાધુનિક સાધનો તથા વ્યવસાયિક ઉત્કૃષ્ટતાના આયામોમાં આ તાલીમી સંસ્થાની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે તેઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

ભારતીય નૌસેનાના અધિકારીઓ, નાવિકો તથા અગ્નિવિરોને અહીં અપાતી પ્રખર અને અત્યાધુનિક તાલીમ અંગે પણ તેમને જણાવવામાં આવ્યું હતું. સમુદ્રી સુરક્ષાના મુદ્દે ભારતીય નૌસેનાની પ્રબળ ક્ષમતા તથા વર્ષ ૧૯૪૨ થી ગૌરવપૂર્ણ ઈતિહાસ ધરાવતા આઈએનએસ વાલસુરાની ઉત્તરોત્તર પ્રગતિની સાક્ષી બનેલા વાલસુરાના "નૌસેના મ્યુઝિયમ"ની પણ તેઓએ મુલાકાત લીધી હતી.

બાદમાં, AINSC રાષ્ટ્રીય કેમ્પમાં ભાગ લેવા જઈ રહેલા ૩૬ એનસીસી કેડેટ્સની પૂર્વ તૈયારીનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરવા મેજર જનરલ બિમલ મોંગા વોટરમેનશીપ તાલીમકેન્દ્રની મુલાકાતે ગયા હતા. ત્યાં તેઓ સમક્ષ નેવીના એનસીસી કેડેટ્સેસીમાફોર (ફ્લેગ દ્વારા જહાજોમાં સંદેશ આદાન-પ્રદાન), રીગિંગ ( જુદા જુદા પ્રકારની ગાંઠ બાંધવાની તાલીમ), ૨૭ હ્લીી ઢ્ઢ ઉરક્રદ્ગીીબોટનું શઢ ચઢાવવા તથા બોટ પુલિંગની તાલીમની ચર્ચા તથા શીપ મોડેલિંગ (નૌસેનાના જહાજનું લાકડાનું નાનું પાણીમાં તરતું મોડેલ ) અંગેનું નિદર્શન કર્યું હતું. તેમણે કેડેટ્સની આકરી તાલીમને બિરદાવી લોનાવાલામાં આયોજિત થનારા નૌસેનાના આગામી રાષ્ટ્રીય કેમ્પમાં પોતાના કૌશલ્યનું સર્વોત્તમ પ્રદર્શન કરી એનસીસી ગુજરાત ડાયરેક્ટરેટને ગૌરવ અપાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

આ સાથે તેઓએ સશસ્ત્ર સીમા બલના (જીજીમ ર્યેહિદ્ધં , ફક્રદ્ગંજેહ્નિ ઈક્રદ્ધં ) પરિસરમાં ૮ ગુજરાત નેવલ યુનિટ એનસીસી દ્વારા આયોજિત દસ દિવસીય વાર્ષિક તાલીમી કેમ્પ ( ઝછ્ઋ) ની પણ મુલાકાત લીધી હતી. જેમાં વિવિધ શાળા કોલેજના ૪૦૦ જેટલા કેડેટ્સની રોજિંદી પરેડ તાલીમ, આર્મી, એરફોર્સ તથા નેવી સ્ટેશનની મુલાકાત, સ્ત્રી સશક્તિકરણ - નેતૃત્વ શક્તિના પરિસંવાદ , ફર્સ્ટ એડ અંગેની તાલીમ, ભારતીય નૌસેનાના યુદ્ધ જહાજોની માહિતી તથા શસ્ત્ર સંચાલન તેમજ ભારતીય નૌસેનામાં કારકિર્દી અંગે અપાતી માહિતી આ તમામ આયામોની કેડેટસ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી અને એનસીસી તેઓને કઈ રીતે સર્વાંગી વિકાસમાં મદદરૂપ બને છે તે અંગેની સમજણ આપી હતી. આ મુલાકાત દરમિયાન જામનગર એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટર્સના ગ્રુપ કમાન્ડર, બ્રિગેડિયર પી શશીની પણ વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

# જી.જી. હોસ્પિટલ ખાતે ઉચ્ચ સ્તરીય બેઠક યોજતા આરોગ્ય મંત્રી





જામનગર : રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જામનગરની ખ્યાતનામ ગુરુ ગોબિંદસિંઘ સરકારી હોસ્પિટલના વિવિધ વિભાગોના વડાઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠક દરમિયાન હોસ્પિટલની આરોગ્ય વિષયક સુવિધાઓને વધુ સુદ્રઢ, આધુનિક અને લોકાભિમુખ બનાવવા અંગે ગહન ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠક દરમિયાન હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો.વિજય પોપટ અને ડીન ડો.નંદીની દેસાઈ દ્વારા પ્રેસન્ટેશનના માધ્યમથી હોસ્પિટલની સમગ્રતયા કામગીરીનો ચિતાર રજૂ કરાયો હતો. જેમાં હોસ્પિટલનું મંજૂર મહેકમ, દૈનિક ઓ.પી.ડી., ઈન્ડોર દર્દીઓની સંખ્યા, પેરા મેડિકલ, નર્સિંગ તથા એડમીન સ્ટાફની વિગતો અને હોસ્પિટલની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ સાથેની સંક્ષિપ્ત માહિતી પ્રસ્તુત કરવામાં આવી હતી. આ સાથે જ ઉપલબ્ધ આધુનિક સુવિધાઓ અને વિવિધ વિભાગોની કાર્યપ્રણાલી વિશે પણ વિસ્તૃત સમીક્ષા કરાઈ હતી. મંત્રીએ વિવિધ વિભાગના વડાઓ દ્વારા રજૂ કરવામાં આવેલી વહીવટી અને માળખાકીય માંગણીઓને ખૂબ જ હકારાત્મક રીતે સાંભળીને તેને સત્વરે પૂર્ણ કરવાની ખાતરી આપી હતી.

બેઠકમાં તબીબો અને સ્ટાફને પ્રોત્સાહિત કરતા મંત્રીએ જણાવ્યું હતું કે, "ડોક્ટરો ઋષિતુલ્ય અને વંદનીય છે. તબીબી ક્ષેત્ર એ માનવતા અને શ્રેષ્ઠ કર્મ કરવાનું ઉત્તમ માધ્યમ છે. કોરોના સહિતની કોઈપણ આફત વેળાએ સરકારી હોસ્પિટલોએ મહત્વની ભૂમિકા ભજવી છે અને લોકોના વિશ્વાસ પર ખરી ઉતરી છે. ત્યારે હોસ્પિટલના પરિસરને શ્રેષ્ઠતમ અને દર્દી-સ્નેહી બનાવવા સૌ સંપૂર્ણ નિષ્ઠા સાથે કામ કરે તે ઈચ્છનીય છે.આ સાથે જ તેમણે હોસ્પિટલમાં ઉચ્ચ કક્ષાની સ્વચ્છતા જાળવવા અને એક મજબૂત 'ટીમ' બનીને સમાજના છેવાડાના માનવી સુધી ઉત્કૃષ્ટ સ્વાસ્થ્ય સેવાઓ પહોંચાડવા માટે ખાસ આહવાન કર્યું હતું.

આ બેઠકમાં જામનગરના મેયર મોનિકાબેન વ્યાસ, ધારાસભ્ય દિવ્યેશ અકબરી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેન મોનાણી, બીનાબેન કોઠારી, મેડિકલ કોલેજના ડિન ડો. નંદીની દેસાઈ તેમજ તબીબી અધિક્ષક ડો. વિજય પોપટ સહિત વિવિધ વિભાગોના વડાઓ તથા સિનિયર તબીબો ઉપસ્થિત રહ્યા હતા.

## જામનગરમાં ઘરમાં ઘુસી વૃદ્ધની હત્યા નિપજાવનાર આરોપી ઝડપાયો



જામનગર : જામનગર શહેરના ખોડિયાર કોલોની વિસ્તારમાં જૂની અદાવતના કારણે એક બુઝુર્ગની છરીના ઘા ઝીકી હત્યા કરવામાં આવી હતી જે અંગે સીટી સી ડિવિઝન પોલીસમાં હત્યાનો અપરાધ નોંધાયા બાદ ગણતરીના કલાકોમાં પોલીસે આરોપીને ઝડપી લીધો છે.

મળતી માહિતી મુજબ જામનગરના ફીયોનીકા સોસાયટી, ખોડિયાર કોલોની વિસ્તારમાં રહેતા રાજુ વજશીભાઈ વારોતરીયાએ સીટી 'સી' ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી, કે તેમના દાદા દેવાયતભાઈ રાયસીભાઈ વારોતરીયા સાથે અગાઉ પડોશમાં રહેતા સાગર મારખીભાઈ વસરાને જૂના મનદુ:ખ અને બોલાચાલીના બનાવો હતા. આરોપી અવારનવાર દાદાની મશ્કરી કરતો હોવાથી અગાઉ પણ બંને પક્ષ વચ્ચે વિવાદ થયો હતો.

ગત ૨૪ જૂનના રોજ દેવાયતભાઈ પોતાના ઘરની બહાર ખાટલામાં બેઠા હતા ત્યારે આરોપી સાગર મારખીભાઈ વસરા ત્યાં આવી પહોંચ્યો હતો. તે દરમિયાન આરોપીએ પોતાની પાસે રહેલી છરી વડે દેવાયતભાઈ પર આડેધડ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. પરિવારજનો દોડી આવતા આરોપીએ ભાગી છૂટ્યો હતો. બનાવની જાણ થતા ૧૧૨ પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી. દેવાયતભાઈને તાત્કાલિક સારવાર માટે જી.જી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

આ બનાવ અંગે સીટી 'સી' ડિવિઝન પોલીસે આરોપી સાગર મારખીભાઈ વસરા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસનિશ પોલીસ ઈન્સ્પેક્ટર નીખીલકુમાર બાબુભાઈ ડાભીના માર્ગદર્શન હેઠળ તેઓની ટીમે ગણતરીના કલાકોમાં જ હુમલાખોર આરોપી સાગર વસરાને ઝડપી પાડ્યો છે, અને તેની પાસેથી હુમલામાં વપરાયેલું હથિયાર છરી કબજે કરી છે. જેને અદાલત સમક્ષ રજૂ કરવામાં આવી રહ્યો છે. મૃતક સાથે પોતાને અગાઉ માથાકૂટ થઈ હોવાથી જૂના મનદુ:ખના કારણે વેરભાવ રાખી હત્યા કરી નાખ્યાનું કબુલ્યું છે.


## ખંભાળિયામાં યુવાન ઉપર ચાર શખ્સે હુમલો, કારણ અકબંધ

ખંભાળિયા : ખંભાળિયા શહેરમાં એક યુવાન સાથે ચાર શખ્સે ઝગડો કર્યા બાદ તેના ઉપર હુમલો કરતા અને માથાના ભાગમાં ઈજા પહોંચતા સારવારમાં ખસેડવામાં આવ્યો છે. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને યુવાનની ફરિયાદના આધારે આગળની કાર્યવાહી આરંભી હતી.

મળતી માહિતી પ્રમાણે ખંભાળિયા શહેરમાં ધરારનગર ખાતે રહેતા વિરમ લખમણભાઇ સરસીયા નામના ૨૨ વર્ષના યુવાન ઉપર રવિ પાલા, ગોવિંદ પાલા , રાજુ પાલા અને ભાયલો વકાતર નામના શખ્શોએ ઢીકાપાટુનો મારમારી તેમજ હાથમાં પહેરવાના કડા વડે માથાના ભાગમાં પ્રહાર કરતા પાંચ ટાંકાની ઈજા પહોંચી હતી.

હુમલાનો ભોગ બનનાર વિરમ સરસીયા ગત તા. ૨૪ના રોજ ખંભાળિયામાં યોગેશ્વરનગર વિસ્તારમાંથી પસાર થતો હોય આ વેળાએ ચારેય શખ્સે તેને રસ્તામાં રોકી કોઈ કારણસર જેમફાવે તેમ ગાળો કાઢી ડખ્ખો કર્યો હોઈ સ્થાનિક પોલીસે યુવાનની ફરિયાદ પરથી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## તાજીયા નિમિત્તે બેડી વિસ્તારમાં મેયર પહોંચ્યા

તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના વોર્ડ નં. ૧ના બેડી વિસ્તારમાં પવિત્ર મહોરમના તાજીયા નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જામનગર મહાનગરપાલિકાના મેયર મોનિકાબેન વ્યાસ, ડેપ્યુટી મેયર રાકેશભાઈ ડેર તેમજ શાસક પક્ષના નેતા અમરભાઈ મોદી ઉપસ્થિત રહ્યા હતા.

વોર્ડના કોર્પોરેટરોના આમંત્રણને માન આપી પહોંચેલા મહાનુભાવોને વિસ્તારના આગેવાનો અને નાગરિકોએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. તેમની ઉપસ્થિતિથી ધાર્મિક સૌહાર્દ, એકતા અને ભાઈચારાનો સુંદર સંદેશ પ્રસર્યો હોવાનું આગેવાનોએ જણાવ્યું હતું.

આ પ્રસંગે કોર્પોરેટર અમન મોદી, ઈસ્માઈલ માણેક, કોર્પોરેટર સારાબેન ચમડીયા, જેન્તીભાઈ પ્રજાપતિ, ઉમર પટેલ, કમલ પટેલ સહિત વિસ્તારના આગેવાનો, કાર્યકરો અને મોટી સંખ્યામાં નાગરિકો હાજર રહ્યા હતા.

## જામનગરમાં સ્કૂટર પર દારૂની હેરાફેરી કરી રહેલા બે શખ્સો ઝડપાયા

જામનગર : જામનગર શહેરના પાર્ક કોલોની ગાર્ડન નજીક પોલીસે દરોડો પાડી અંગ્રેજી દારૂની હેરફેર કરતા બે શખ્સોને ઝડપી પાડ્યા હતા.

જામનગરના પાર્ક કોલોની ગાર્ડન પાસે જાહેરમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાં ધાર્મિક હર્ષદભાઈ સરવૈયા અને પૃથ્વી જેન્તીભાઈ વારાને ભારતીય બનાવટના વિદેશી દારૂની હેરફેર કરતા રંગેહાથ ઝડપી લઈ તેઓ પાસેથી ૪ નંગ અંગ્રેજી દારૂની બાટલી તેમજ એક સુઝુકી એક્સેસ સ્કૂટર મળી કુલ રૂ. ૩૧,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. બંને સામે પ્રોહિબિશન એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## જામનગરમાં માથાભારે શખ્સને પાસા હેઠળ વડોદરાની જેલમાં ધકેલાયો



જામનગર : જામનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા તથા અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી અંતર્ગત જામનગર જિલ્લા પોલીસે એક માથાભારે વ્યક્તિ સામે ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ (પાસા) હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટ વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય તથા જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ જિલ્લાના અસામાજિક તત્વો સામે સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આ કાર્યવાહી દરમિયાન શંકરટેકરી સુભાષપરા વિસ્તારમાં રહેતા વિજયભાઈ કેશુભાઈ વરાણીયા સામે પાસાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. આરોપી સામે મારામારીના ચાર ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું હતું. દરખાસ્ત જિલ્લા મેજિસ્ટ્રેટ પી.બી. પંડ્યા સમક્ષ રજૂ કરવામાં આવતા તેમણે પાસા વોરંટ મંજૂર કર્યું હતું.

પાસા વોરંટના આધારે પોલીસે આરોપીની અટકાયત કરી તેને મધ્યસ્થ જેલ, વડોદરા ખાતે મોકલવાની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસના જણાવ્યા મુજબ જિલ્લાના કાયદો અને વ્યવસ્થાને ખોરવતા તત્વો સામે આવનારા સમયમાં પણ આવી જ કડક કાર્યવાહી ચાલુ રહેશે.

આ સમગ્ર કામગીરી એલસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર વી.બી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.વી. ભાટીયા, હીરેનભાઈ વરણવા, શરદભાઈ પરમાર, સુરેશભાઈ માલકિયા સહિત એલસીબી સ્ટાફ તેમજ સિટી-સી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ એન.બી. ડાભી અને તેમની ટીમ દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.

## દ્વારકા નજીક ઈકો કાર હડફેટે એક્ટિવા સવાર મામા-ભાણેજ ઘાયલ

દ્વારકા : દ્વારકા નજીક પોરબંદર હાઈવે રોડ પર આવેલ ખોડીયાર ચેકપોસ્ટ પાસે એકટીવામાં જતા મામા - ભાણેજને ઈકો કાર ચાલકે ઠોકર મારી અકસ્માત સર્જતા બન્ને વ્યક્તિને શરીરે નાની - મોટી ઈજાઓ પહોંચી હતી. આ બનાવની સ્થાનિક પોલીસ દફતરે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે સ્થળપર દોડી જઈ ઈકો કાર ચાલક સામે ગુન્હો દાખલ કરી તેને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

મળતી માહિતી મુજબ દ્વારકા - પોરબંદર હાઈવે પરથી વરજાંગભા ખેરાજભા માણેક અને તેનો ભાણેજ રોહિત બન્ને એક્ટિવામાં જતા હોઈ દરમિયાન ત્યાંથી જી. જે. ૩૭ ૮ જી. ૬૩૧૧ નંબરની ઈકો કાર ચાલકે પોતાનું વાહન પૂરઝડપે, બેફિકરાયથી અને ગફલતભરી રીતે ચલાવી બન્ને વ્યક્તિને હડફેટે લીધા હતા જેમાં વરજાંગભા માણેકને માથાના ભાગમાં હેમરેજની અને પાંચ ટાંકાની તથા જમણા પગમાં છ ટાંકાની અને એક્ટિવા પાછળ બેસેલ તેના ભાણેજ રોહિતને શરીરે મુંઢ તેમજ છોલછાલની ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જનાર ઈકો કાર ચાલક સામે ઈજાગ્રસ્ત વરજાંગભા માણેકના ભાણેજ થોભણભા બહાદુરભા સુમણીયા દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવતા દ્વારકા પોલીસે વધુ તપાસ આરંભી છે.

## લાલપુર તાલુકા પંચાયતમાં બે સભ્યો સામે પક્ષાંતર ધારા હેઠળ થશે કાર્યવાહી

જામનગર : લાલપુર તાલુકા પંચાયતના બે ચૂંટાયેલા સભ્યો સામે પક્ષાંતર ધારા હેઠળ કાનૂની કાર્યવાહી શરૂ થતા તાલુકાના રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. આ કાર્યવાહી બાદ તાલુકા પંચાયતમાં મોટા રાજકીય ફેરફારોની શક્યતાઓ વ્યક્ત થઈ રહી છે.

જામજોધપુર-લાલપુરના ધારાસભ્ય હેમંત ખવાએ જાહેર કરેલી વિગતો મુજબ, આમ આદમી પાર્ટીના સત્તાવાર પ્રતીક પર ચૂંટાયેલા આરબલુસ અને પીપરટોડા બેઠકના બે સભ્યોએ તાજેતરમાં યોજાયેલી તાલુકા પંચાયત પ્રમુખની ચૂંટણી દરમિયાન પક્ષના વ્હીપ અને સૂચનાઓનું ઉલ્લંઘન કરીને પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. પક્ષ દ્વારા આ બંને સભ્યો સામે પક્ષાંતર ધારા હેઠળ કેસ દાખલ કરી તેમને ગેરલાયક ઠેરવવા માટેની કાનૂની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પક્ષના નેતાઓનું કહેવું છે કે જનતાએ આપેલા જનાદેશ અને પક્ષ પર મૂકાયેલા વિશ્વાસનો ભંગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. કાનૂની નિષ્ણાતોની મદદથી કેસની મજબૂત રજૂઆત કરવામાં આવી રહી હોવાનું પણ જણાવાયું છે.

જો પક્ષાંતર ધારા હેઠળનો કેસ સભ્યો વિરુદ્ધ સાબિત થાય અને તેમનું સભ્યપદ રદ થાય, તો લાલપુર તાલુકા પંચાયતનું વર્તમાન સત્તા સમીકરણ બદલાઈ શકે છે. આવી સ્થિતિમાં પ્રમુખ પદ માટે ફરીથી ચૂંટણી યોજવાની ફરજ પડી શકે છે, જેના કારણે તાલુકાના રાજકારણમાં નવા સમીકરણો સર્જાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ સમગ્ર ઘટનાક્રમને લઈને લાલપુર તાલુકા પંચાયતના રાજકારણ પર સૌની નજર મંડાઈ છે અને આગામી દિવસોમાં કાનૂની કાર્યવાહીના પરિણામો પર રાજકીય ભવિષ્ય નિર્ભર રહેશે.


## ધી જામનગર ડીસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેંક લી.,

સહકાર ભવન, રણજીત રોડ, જામનગર.

### વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી બેંકના સર્વે સભાસદોને જણાવવામાં આવે છે કે, બેંકની સને ૨૦૨૫-૨૦૨૬ ના વર્ષ માટેની વાર્ષિક સાધારણ સભા નીચે દર્શાવેલ કામો માટે નીચેના સમય અને સ્થળે મળશે, તો સર્વ સભાસદ સંસ્થાના અધિકૃત કરેલ પ્રતિનિધિઓને હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

**સાધારણ સભાનું સ્થળ, સમય તથા તારીખ**

★તારીખ :- ૧૧-૦૭-૨૦૨૬ શનિવાર
★સમય :- સવારે ૧૦:૩૦ કલાકે
★સ્થળ :- કેશવજી અરજણ લેઉવા પટેલ સમાજ, રણજીતનગર, જામનગર

**:: કાર્યસુચી ::**

(૧) તા.૨૯-૦૬-૨૦૨૫ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી બહાલ રાખવા બાબત.
(૨) સંચાલક મંડળે રજુ કરેલ તા.૩૧-૦૩-૨૦૨૬ ના રોજ પુરા થયેલ વર્ષનો અહેવાલ, સરવૈયુ તથા નફા-નુકસાન ખાતાના હિસાબો ઓડીટરશ્રીના પ્રમાણપત્ર સાથેના માન્ય રાખવા બાબત.
(૩) બેંકના નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ ના ઓડીટ રીપોર્ટની નોંધ લેવા બાબત.
(૪) નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે સ્ટેચ્યુટરી ઓડીટરની નિમણૂંક તથા વેતન નક્કી કરવા બાબત.
(૫) વનટાઈમ સેટલમેન્ટ યોજના (OTS) હેઠળ કરેલ સેટલમેન્ટ રકમોની બહાલી બાબત.
(૬) સભાસદોને આ બેંકના શેર ઉપર નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટે ડીવીડન્ડ જાહેર કરવા, ભેટ આપવા તથા કર્મચારીઓને એક્સગ્રેસીયા પગાર આપવા બાબત.
(૭) બેંકના બોર્ડ ઓફ ડીરેક્ટર્સશ્રી દ્વારા કરેલ ભલામણ પ્રમાણે બેંકના પેટાનિયમમાં સૂચવેલ સુધારાઓ કરવા અંગે.
(૮) આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૦૨૭ ના બજેટ બાબત.
(૯) આપણી બેંકમાં નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ દરમ્યાન એક્ઝીક્યુટીવ કમીટી તથા બોર્ડ મીટીંગોમાં થયેલ કાર્યવાહી અને ઠરાવથી લેવામાં આવેલ નિર્ણયોની કામગીરીને બહાલ રાખવા બાબત.
(૧૦) એન.પી.એ. લેણામાં વસુલાત માટે વ્યાજ રાહત આપવા બાબત.
(૧૧) અધ્યક્ષશ્રી તરફથી અગર તેઓશ્રીની મંજુરીથી જે કામો રજુ થાય તે...

જામનગર.
તા.૨૫-૦૬-૨૦૨૬
એડમી./૨૦૨૬/૯૮/૬૧૪

-બોર્ડ ઓફ ડીરેક્ટર્સના આદેશથી,
(ડો.મૌનિલ હાથી)
જનરલ મેનેજર ઈન્ચાર્જ સી.ઈ.ઓ.

નોંધ :-
૧. બેંકનું સભાસદ રજીસ્ટર તથા શેર ટ્રાન્સફર બુક તા.૨૮-૦૬-૨૦૨૬ થી તા.૨૭-૦૭-૨૦૨૬ સુધી બંધ રહેશે.
૨. બેંકની સભાસદ મંડળીઓએ તેના પ્રતિનિધિ તરીકે જે સભાસદને સભામાં હાજરી આપવા માટે ઠરાવથી અધિકાર આપ્યો હોય તે ઠરાવની ખરી નકલ પ્રતિનિધિએ સભામાં હાજરી આપવા આવતી વખતે અચુક સાથે લાવવી જરૂરી છે. આવા પ્રતિનિધિ મંડળીના બિન અધિકૃત મુદત વિતેલ બાકીદાર કે મંડળીના કર્મચારી હોવા જોઈએ નહીં.

જીતેન્દ્રકુમાર એચ. લાલ (જીતુભાઈ લાલ) ચેરમેનશ્રી

મુખ્ય કચેરી 'સહકાર ભવન'', રણજીત રોડ, જામનગર-૩૬૧ ૦૦૧ ટેલીફોન નંબરઃ ૨૫૭૩૭૦૨ થી ૨૫૭૩૭૨૪ E-mail : adminjamdccb.org

ડો.મૌનિલ હાથી જનરલ મેનેજર ઈન્ચાર્જ સી.ઈ.ઓ. ટેલીફોન નંબર : ૨૫૭૩૭૦૧



## પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન

"SLR/VP ના લિઝીંગ" અને પાર્કિંગ કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી
નં. C 78/LEASING/E-AUCTION/Publication/2022(294790)
સંદર્ભ : ED (FM), RB's letter no. 2022/TC(FM)/10/04 તારીખ: 11-04-2022

"SLR\VP ના લિઝીંગ" અને પાર્કિંગ કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવે છે. કેટલોટ પહેલે થી IREPS વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવ્યું છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

વાણિજ્ય વિભાગ-રાજકોટ ડિવિઝન - SLRs/VPs ના લિઝીંગના કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી

| કેટલોગ નં. અને તારીખ | કોન્ટ્રાક્ટનો પ્રકાર | લોટ નં. | કોન્ટ્રાક્ટનો સમયગાળો | લોટ શરૂઆત થવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| E-SLR-RJT-૦૪-૨૬, તારીખ: ૨૩/૦૬/૨૦૨૬ | SLR/VP નું લિઝીંગ | ૧) ૧૬૭૩૪-SLR-F૧, ૨) ૨૨૯૬૦-SLR-F૧, ૩) ૧૫૬૩૫-SLR-F૧, ૪) ૧૯૫૭૮-SLR-R૧, ૫) ૧૯૫૬૦-SLR-F૧, ૬) ૧૫૦૪૬-SLR-F૧, ૭) ૧૯૫૬૦-SLR-F૨, ૮) ૧૯૫૭૮-SLR-F૧, ૯) ૨૨૯૦૮-SLR-R૧, ૧૦) ૧૯૫૬૦-SLR-R૧, ૧૧) ૨૨૯૬૦-SLR-R૧, | ૦૩ વર્ષ | તમામ લોટ માટે ઈ-હરાજી તા.૦૮-૦૭-૨૦૨૬ ના ૧૧:૦૦ કલાકે શરૂ થશે. |
| RJT-E-PARK-૨૬-૩ | (પાર્કિંગ-મિક્સ્ડ) | પાર્કિંગ-RJT-SUNR-MX-૯-૨૬-૧ | ૦૩ વર્ષ | ૧૦-૦૭-૨૦૨૬, ૧૫:૩૦ કલાકે |

ઉપરોક્ત કેટલોગમાં દર્શાવેલ લોટની વિગતો આગામી ઈ-હરાજી, ઝોન : પશ્ચિમ રેલવે, વિભાગ : કોમર્શિયલ, રાજકોટ ડિવિઝન - ના શિર્ષક હેઠળ www.ireps.gov.in (ઈ-હરાજી લિઝીંગ) વેબસાઈટ પર ઉપલબ્ધ છે. RJT-060

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



## જાહેર ખબર

**પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ ના AHP ઘટક અંતર્ગત ઘરનું ઘર મેળવવા માટેની અમુલ્ય તક**

જામનગર મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ હાઉસિંગ ફોર ઓલના એ.એચ.પી. ઘટક અંતર્ગત જે લોકોની વાર્ષિક આવક રૂા. ૩.૦૦ લાખ સુધીની હોય તેવા આર્થિક પછાત વર્ગના તમામ ઘર વિહોણા લોકોને ઘરનું ઘર મળી રહે તે માટે જામનગર શહેરમાં (૧) જામનગર-રાજકોટ હાઇવે, ઇસ્કોન મંદિર સામે, શેલ્ટર હોમની બાજુમાં ટી.પી. સ્કીમ નં. 3/બી, ફાઇનલ પ્લોટ નં. ૪૬ વાળી જગ્યામાં EWS-2 પ્રકારના (૧ હોલ, ૨ બેડ રૂમ, ૧ કિચન, ૧ ટોઇલેટ, ૧ બાથરૂમ, વોશિંગ એરિયા) રૂા. ૯.૦૦ લાખની કીમતના ૫૮૪ આવાસો તથા (૨) ટી.પી.-૨, એફ.પી.-૭૪, માર્કેટિંગ યાર્ડ રોડ, જ્ઞાનગંગા સ્કુલ, શ્યામ પાર્ટી પ્લોટ વાળી જગ્યામા નવા EWS-1 પ્રકારના (૧ હોલ, ૧ બેડ રૂમ, ૧ કિચન, ૧ ટોઇલેટ, ૧ બાથરૂમ, વોશિંગ એરિયા) રૂા. ૭.૦૦ લાખની કીમતના ૮૦૦ આવાસો બનાવવા (3) ટી.પી.-૨, એફ.પી.-૮૭, ડો. શ્યામાપ્રસાદ મુખર્જી આરોગ્ય કેન્દ્ર સામે, હાપા માર્કેટીંગ યાર્ડ રોડ, જ્ઞાનગંગા સ્કુલ પાછળ વાળી જગ્યામાં નવા EWS-2 પ્રકારના (૧ હોલ, ૨ બેડ રૂમ, ૧ કિચન, ૧ ટોઇલેટ, ૧ બાથરૂમ, વોશિંગ એરિયા) રૂા. ૯.૦૦ લાખની કીમતના ૨૧૬ આવાસો બનાવવા માટેનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. આ લોકેશન પર આવાસ મેળવવા માટે (૧) લાભાર્થીઓ પોતાની રીતે ઓનલાઇન નીચે મુજબની લીંક મારફત અરજી કરી શકે છે અથવા (૨) જે લાભાર્થીઓ જામનગર મહાનગરપાલિકાની સ્લમ - હાઉસિંગ શાખા, ચોથો માળ ખાતે રૂબરૂ સંપર્ક કરીને ઓનલાઇન અરજી કરવા માંગે છે તેવા તમામ લાભાર્થીઓ ઓફીસ અવર્સ દરમ્યાન નીચે દર્શાવ્યા મુજબના આધારો સ્વપ્રમાણિત કરીને ફરજીયાત સાથે લાવવાના રહેશે. અરજી કરવા માટેનો સમય સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ અને બપોરે ૦૪:૦૦ થી ૦૬:૦૦ દરમ્યાન રૂબરૂ આવવાનું રહેશે જેની આથી જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | ઓળખના પુરાવા માટે | : | મૂળ અરજદારના ચૂંટણી કાર્ડ, પાનકાર્ડ, રેશનકાર્ડની નકલ (સ્વપ્રમાણિત) |
| ૨ | હાલના રહેઠાણના પુરાવા માટે | : | લાઇટ બીલ, હાલના સરનામાંના રહેઠાણની હાલની હાઉસ ટેકસ છેલ્લા વર્ષના બીલ તથા પહોંચની નકલ, અને ભાડા કરારની નકલ (સરકારશ્રીના પ્રવર્તમાન દર મુજબના સ્ટેમ્પ પેપર પર) (સ્વપ્રમાણિત) |
| 3 | આધાર કાર્ડની વિગતો | : | અરજદારના પરિવારના તમામ સભ્યોના આધાર કાર્ડની નકલ<br>* અરજદાર પરણિત હોય તેવા કિસ્સામાં - પતિ, પત્નિ, માતા, પિતા તથા તમામ સંતાનોના આધારકાર્ડની સ્વપ્રમાણિત નકલ.<br>* અરજદાર સ્ત્રી અને પરણિત હોય તેવા કિસ્સામાં - પતિ, પત્ની, સાસુ, સસરા તથા તમામ સંતાનોના આધારકાર્ડની સ્વપ્રમાણિત નકલ<br>* અરજદાર પુખ્ત અને અપરિણત (પુત્ર / પુત્રી) હોય તેવા કિસ્સામાં - મૂળ અરજદાર, માતા, પિતાના આધારકાર્ડની સ્વપ્રમાણિત નકલ<br>ખાસ નોંધ : અરજદારશ્રીએ પોતાના આધારકાર્ડ સાથે લીંક થયેલ મોબાઇલ ફોન અચૂક પણે સાથે લાવવાનો રહેશે. |
| ૪ | આવકના પુરાવા માટે (આવક મર્યાદા રૂા. ૩.૦૦ લાખ સુધી) | : | પગાર સ્લીપ (૧૨ મહિનાની) / મામલતદારશ્રીનું આવકનું પ્રમાણપત્ર / રાજ્ય સરકારશ્રીના અધિકૃત અધિકારીશ્રીનું પ્રમાણપત્ર / છેલ્લા વર્ષનું ઇન્કમટેકસ રીટર્ન (વિગેરે પૈકી કોઇ પણ આધારની સ્વપ્રમાણિત નકલ) |
| ૫ | ડીફેન્સ કેટેગરી માટે | : | સેક્રેટરી જીલ્લા સૈનિક બોર્ડ ગુજરાતનું પ્રમાણપત્ર (સ્વપ્રમાણિત) |
| ૬ | ST/SC/OBC કેટેગરીના પુરાવા માટે | : | ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ ખાતાના અધિકારીશ્રી અથવા રાજ્ય સરકારશ્રીના અધિકૃત અધિકારીશ્રીનું પ્રમાણપત્ર (સ્વપ્રમાણિત) |
| ૭ | અંધ અપંગ માટે | : | સિવિલ સર્જનનું અધિકૃત પ્રમાણપત્ર (સ્વપ્રમાણિત) |
| ૮ | અરજદારની બેંક પાસબુક | : | મૂળ અરજદારના કાર્યરત બેંક ખાતાના પાસબુકના પ્રથમ બે પેઇઝની / કેન્સલ ચેકની નકલ (સ્વપ્રમાણિત) |

નોંધ :
- જે લાભાર્થી પોતાની રીતે અરજી કરવા માંગે છે તે નીચે આપેલ લીંક ઉપર રજીસ્ટ્રેશન કરી શકે છે. અરજી સબમિટ કર્યા બાદ ઉપર મુજબના તમામ દસ્તાવેજી આધારો જામનગર મહાનગરપાલિકા, સ્લમ હાઉસિંગ શાખા, ચોથા માળ ખાતે સ્વપ્રમાણિત કરીને રૂબરૂ સબમિટ કરવાના રહેશે જેની સર્વે જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.
- તમામ ઓનલાઇન અરજીઓ સરકારશ્રીના અધિકૃત પોર્ટલ પર નોંધણી કરવાની ફરજીયાત છે અને અગાઉ કોઇપણ સરકારી આવાસ યોજનામાં લાભ લીધેલ હશે તો તેવા કિસ્સામાં અરજી મંજુર / નાં મંજુર કરવા માટે સરકારશ્રી કક્ષાએથી જે કોઇ નિર્ણય લેવાય તે આખરી અને બંધનકર્તા રહેશે.

ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવા માટેની લીંક :
https://pmaymis.gov.in/PMAYMIS2_2024/PMAY_SURVEY/EligiblityCheck.aspx

અથવા QR કોડ સ્કેન કરો

24

સીટી એન્જીનીયર
જામનગર મહાનગરપાલિકા


સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

## સૌરાષ્ટ્ર આસપાસ

# અમેરિકાના ઇતિહાસના નિષ્ફળ રેસીડેન્ટ

અમેરિકન સેનેટમાં પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની નામોશી ભરી હાર થઈ હતી. તેમની લોકપ્રિયતાનો ગ્રાફ સૌથી નીચલા સ્તરે પહોંચી ચૂક્યો હતો. અમેરિકન પ્રજામાં સૌથી વધુ ઓળખામણાં પ્રમુખ તરીકે તેઓ જાહેર થયા હતા. તેની રીતિ નીતિ થી અમેરિકન પ્રજાથી માંડી વિશ્વના અન્ય દેશોમાં પણ ભારે અણગમો ઉભો થયો છે.અમેરિકાના રાજકીય ઇતિહાસમાં અનેક રાષ્ટ્રપતિઓએ લોકપ્રિયતાના ઉતાર-ચઢાવનો સામનો કર્યો છે, પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળ દરમિયાન જોવા મળેલો લોકપ્રિયતાનો ઘટાડો અસાધારણ ગણાય છે. સત્તાના માત્ર પંદર મહિનામાં જ તેમની લોકપ્રિયતા નો દર લગભગ ૪૦ ટકાની આસપાસ પહોંચી ગયો છે, જે આધુનિક અમેરિકન રાજકારણમાં અત્યંત ચિંતાજનક માનવામાં આવે છે. સૌથી નોંધપાત્ર બાબત એ છે કે આ ઘટાડો માત્ર વિરોધી મતદારો પૂરતો મર્યાદિત નથી રહ્યો, પરંતુ તેમના પરંપરાગત સમર્થકોમાં પણ અસંતોષ વધ્યો છે.ટેક્સાસ જેવા રિપબ્લિકન ગઢોમાં પણ ટ્રમ્પ પ્રત્યેની અસ્વીકૃતિ વધતી જોવા મળી રહી છે. તેમના સમર્થકોમાં પણ અગાઉની સરખામણીએ વિશ્વાસ ઓછો થયો છે. રાજકીય વિશ્લેષકોના મતે આ સ્થિતિનું મુખ્ય કારણ ટ્રમ્પની નેતૃત્વ શૈલી છે, જેમાં આત્મવિશ્વાસ ઘણી વખત આત્મવંચનામાં ફેરવાઈ જાય છે. બદલાતી પરિસ્થિતિઓને સ્વીકારવાની અને પોતાની નીતિઓનું પુનર્મૂલ્યાંકન કરવાની જગ્યાએ તેઓ સતત પોતાની જ દિશામાં આગળ વધતા રહ્યા છે.તેમના કેટલાક જાહેર નિવેદનો પણ સામાન્ય અમેરિકનોને અણગમતા લાગ્યા છે. ખાસ કરીને મોંઘવારી, ઇંધણના વધતા ભાવ અને ઘરગથ્થુ ખર્ચ અંગેની ચિંતાઓ વચ્ચે આપવામાં આવેલા નિવેદનોને કારણે એવી છાપ ઊભી થઈ કે રાષ્ટ્રપતિ સામાન્ય નાગરિકોની મુશ્કેલીઓથી દૂર કરી શકતા નથી . પરિણામે, જનમાનસમાં તેમની છબી એક લોકપ્રિય નેતા કરતાં સત્તા જાળવવામાં વધુ રસ ધરાવતા રાજકારણી તરીકે વિકસતી ગઈ છે.રાજકીય નિરીક્ષકોનું માનવું છે કે ટ્રમ્પની સૌથી મોટી સમસ્યા એ છે કે તેઓ પોતાની રાજકીય સફળતાને સમગ્ર દેશના સમર્થન તરીકે જોતા રહ્યા, જ્યારે વાસ્તવમાં અમેરિકન સમાજ વધુ વિભાજિત બનતો ગયો હતો. આ પરિસ્થિતિએ તેમની પાર્ટી માટે પણ પડકારો ઊભા કર્યા છે, કારણ કે મધ્યમવર્ગીય અને સ્વતંત્ર મતદારોનો એક મોટો વર્ગ હવે તેમની નીતિઓ પ્રત્યે શંકા વ્યક્ત કરી રહ્યો છે.ટ્રમ્પે પોતાના રાજકીય અભિયાન દરમિયાન અમેરિકન અર્થતંત્રને વધુ મજબૂત બનાવવાના અનેક વચનો આપ્યા હતા, પરંતુ બીજા કાર્યકાળ દરમિયાન અમલમાં આવેલી કેટલીક નીતિઓએ વિપરીત પરિણામો આપ્યા હોવાનું અનેક અર્થશાસ્ત્રીઓનું માનવું છે. ઊંચા ટેરિફ, સ્થળાંતર અંગેના કડક નિર્ણયો, સંઘીય ખર્ચમાં કપાત અને આંતરરાષ્ટ્રીય તણાવના કારણે અમેરિકન અર્થતંત્ર પર વધારાનો બોજ પડ્યો છે.વેપાર ક્ષેત્રમાં અપનાવવામાં આવેલી આક્રમક નીતિઓના કારણે આયાતી માલસામાન મોંઘો બન્યો, જેના સીધા પ્રભાવ રૂપે ફુગાવામાં વધારો નોંધાયો. ઊર્જાના વધતા ભાવ અને પુરવઠા સંબંધિત અનિશ્ચિતતાઓએ પણ ગ્રાહકોની મુશ્કેલીઓમાં વધારો કર્યો.

# રાજસ્થાનમાં ચોમાસાના વિલંબ અને ગરમીના કહેરથી તળાવો પર ભીડ....



ફ્રાઈડે ફોટો સ્ટોરી

જયદીપ એ. દવે.

સામાન્ય રીતે અપૂરતા વરસાદ માટે જાણીતા રાજસ્થાનમાં વર્ષ ૨૦૨૩થી વર્ષ ૨૦૨૫ એમ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ચોમાસુ અસાધારણ રીતે સારું રહી લોકોને ચોંકાવ્યા હતા. જોકે આ વર્ષે અહીં હજુ ચોમાસું પ્રકિયા સક્રિય થઈ નથી. પાલી, અજમેર,ઉદેપુર, રામદેવરા અને જયપુર સહિતના અનેક શહેરોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીથી હટતો નથી. જોકે વાદળો બંધાય છે પણ વરસાદનું નામોનિશાન નથી. ત્યારે સ્થાનિક અને પ્રવાસી લોકોની ભીડ મોટે ભાગે તળાવો પર વધુ જોવા મળે છે. ત્યારે તસ્વીરમાં અજમેરના રામપ્રસાદ ઘાટ પર અને જયપુર ખાતે ગરમીથી બચવા આવેલા લોકો દ્રશ્યમાન થાય છે.

# ‘આત્મકલ્યાણના માર્ગે અડગ રહેવું પડે’

**વિશેષ**

કઠોપનિષદ્માં શ્રેય અને પ્રેય વિષેના અંતરતી એક કથા આવે છે. વાજશ્રવા નામના ઋષિએ સ્વર્ગ મેળવવાની ઈચ્છાથી વિશ્વજિત (સર્વમેઘ) નામનો યજ્ઞા કર્યો. આ યજ્ઞામાં તેમણે પોતાનું ધન અને ગાયો ઋષિઓને દાન કરી. વાજશ્રવાના પુત્રનું નામ નચિકેતા હતું. તેણે જોયું કે પિતાજી દાન આપવામાં પણ સારા ખોટાની ગણત્રી કરતા હતા. જે ગાયો દાન આપતા હતા તે નિર્બળ, અશક્ત અને કશા કામની નહોતી. આવા દાનથી શ્રેષ્ઠ ફળ નહિ મળે એ વિચારથી તે મૂંઝાયો. તેણે પિતાજીને પૂછયું.’ આમ ગણત્રીપૂર્વક નબળી ગાયોનું દાન કરવાથી યજ્ઞાનું યોગ્ય ફળ નહિ મળે. દાન તો શ્રેષ્ઠ વસ્તુનું જ થાય- ચાહે તે ગાય હોય કે ધન ! પિતાજી હું પણ તમારૃં ધન છું ને- પુત્રધન ! જો તમે મને દાન કરવાના હો તો કયા ઋત્વિજને દાન કરશો ?’ પિતાએ વિચાર્યું વડીલ સામે આવી ઉપદેશાત્મક વાતો કરવી નચિકેતાને શોભતી નથી. છતાં તે મૌન રહ્યા. નચિકેતા ફરી એ જ પ્રશ્ન પૂછતો રહ્યો. (તત કસ્મૈ માં દાસ્યમીતિ- તમે મને કોને દાન કરશો )’ હવે પિતાજીને ગુસ્સો આવ્યો, એટલે તેમણે કહી દીધું,’ (મૃત્યવે ત્વા દદાનીતિ) હું તને યમરાજને-મૃત્યુને-સોંપી દઈશ. વાતાવરણમાં ભારેખમ મૌન છવાઈ ગયું. બે પળ પિતા-પુત્ર એકબીજાને અનિમેષ જોતા રહ્યા. નચિકેતા ગંભીર થઈ ગયો. તે પિતાના ચરણસ્પર્શ કરી ચાલી નીકળ્યો. તે ખરેખર યમરાજના ઘરે પહોંચી ગયો. દ્વાર બંધ હતા. તે ત્રણ દિવસ ભૂખ્યો તરસ્યો આંગણામાં રાહ જોતાં બેસી રહ્યો. યમરાજ આવ્યા. નચિકેતાને જોયો. પોતાના આંગણે ત્રણ દિવસ ભૂખ્યા બેઠેલા નચિકેતાને જોઈ અતિથિ ધર્મનું પાલન બરાબર ના થયું કહેવાય એમ સમજી નચિકેતાને ત્રણ વરદાન માંગવા કહ્યું. નચિકેતાએ પહેલું વરદાન પિતાજી માટે બીજું વરદાન અગ્નિવિદ્યા માટે માંગી ત્રીજા વરદાનમાં આત્મવિદ્યા માંગી. આત્મવિદ્યા પચાવવી કઠિન હોય છે. એટલે યમરાજે તેને સુખ સગવડવાળા સાંસારિક, વિલાસી જીવન માટે ઘણી લાલચ આપી. પણ તે વિચલિત ના થયો. છેવટે યમરાજે તેને આત્મવિદ્યા આપી. કઠોપનિષદના પ્રથમ અધ્યાયની બીજી વલ્લીના શરૂઆતની બે કંડિકા આત્મકલ્યાણનો સાધક માટે અસરકારક છે. (૧) અન્યચ્છ્રેયોન્યદુતૈવ પ્રેયસ્તે... (૨) શ્રેયશ્ચ પ્રેયશ્ચ મનુષ્યમેતસ્તૌ...એનો અર્થ એ છે કે શ્રેય આત્મવિદ્યા છે અને પ્રેય સંસાર સાધનની અવિદ્યા છે. શ્રેય અને પ્રેયમાંથી કોઈ એકની પસંદગી કરવા માણસ સ્વતંત્ર છે. પુખ્ત સમજણવાળો શ્રેય પસંદ કરી આત્મકલ્યાણ માર્ગે જાય છે. જયારે વિલાસી માણસ પ્રેય પસંદ કરી શરીરાદિક વૃધ્ધિની રક્ષણ માટે ઐહિકસુખનો માર્ગ પસંદ કરે છે.માણસ પાસે જીવનના બે રસ્તા છે. એક શ્રેય માર્ગ, બીજો પ્રેય માર્ગ. શ્રેય એટલે શુભ, હિત, કલ્યાણ, યશ, પુણ્ય, સારાશ કે મોક્ષદાયક અને પ્રેય એટલે ઐહિક, સાંસારિક, દુન્યવી, પાર્થિવ સુખ. પણ માણસનું મન વિચિત્ર છે. તેને સુખ-સગવડવાળું વિલાસી જીવન જીવવું છે અને સાથે સાથે આત્માનું કલ્યાણ પણ કરવું છે જો કે એમ બનતું નથી. કબીર સાહેબે કહ્યું છે (ચીંટી ચાવલ લે ચલી બીચ મેં મિલ ગઈ દાલ, કહત કબીર દો ના મિલે, ઈક લે દુજી ડાલ) એક કીડી મોંમાં ચોખાનો દાણો લઈને જતી હતી. રસ્તામાં તેને દાળનો દાણો મળ્યો. કીડીને એ પણ લેવાની ઈચ્છા થઈ. પણ મોંમાં ચોખાનો દાણો પહેલેથી હતો પછી દાળનો દાણો કેવી રીતે લેવાય ? દાળ લેવા જાય તો ચોખાનો દાણો છોડવો પડે એટલે કબીર કહે છે. ગમે તે એક જ મળે-બન્ને નહિ ! કાં તો શ્રેય કાં તો પ્રેય. કાં તો મુક્તિ કાં તો સંસાર.’મને માનવયોનિમાં જન્મ કેમ મળ્યો છે?’ એનો સાચો જવાબ જેને મળી જાય તે દેહ કરતાં આત્માની વધુ સંભાળ રાખતો થઈ જાય છે. બિધાનચન્દ્રનો જન્મ એક સંસ્કારી કુટુંબમાં થયો હતો.

# એઆઈ દ્વારા ગૂગલે ધરતી કંપની ચેતવણી આપી હતી!!!

**ગુગલની એન્ડ્રોઇડ સિસ્ટમની એક્સેલેરોમીટર દ્વારા ધરતીકંપની ચેતવણી આપવામાં આવી હતી દક્ષિણ અમેરિકામાં વેનેઝુએલાના ભયાનક ધરતીકંપ થયો છે. . ગુગલ એલર્ટ દ્વારા આ ધરતી કંપની ચેતવણી આપવામાં આવી હતી લાખો લોકોના ગુગલ એકાઉન્ટમાં ચેતવણી આવી હતી જેમાં કેટલી તીવ્રતાનો ધરતીકંપ થશે તે પણ કહેવામાં આવ્યું હતું આથી લોકો ઘરની બહાર નીકળી ગયા હતા. એ આઈ ટેકનોલોજીનો આ એક સૌથી મોટો ફાયદો જગતને જાણવા મળ્યો છે.**

**આસપાસ ચોપાસ** — સુરેશ ભટ્ટ

કુદરતી આફત સામે માનવી વામણો છે આમ છતાં આધુનિક ટેકનોલોજી દ્વારા પૂર્વ ચેતવણી મળતા લાખો લોકોના જીવ બચી શકે છે. એ આમાં મહત્વનો ભાગ ભજવે છે. જાપાનમાં નવની તીવ્રતા નો ધરતીકં આવે તો પણ બિલ્ડીગ પડતા નથી તેનું કારણ વિકાસ છે. આ ટકાઉ વિકાસ છે.તાજેતરમાં દક્ષિણ અમેરિકાના વેનેઝુએલામાં આવેલા ભયાનક ભૂકંપે ફરી એક વખત સાબિત કર્યું છે કે કુદરત જયારે રૌદ્ર સ્વરૂપ ધારણ કરે છે ત્યારે માનવજાતની તમામ તકનીકી સિદ્ધિઓ ક્ષણવારમાં બિનઅસરકારક બની જાય છે. અનેક મકાનો ધરાશાયી થયા, માર્ગો તૂટી પડ્યા, વીજળી અને સંચાર વ્યવસ્થા ખોરવાઈ ગઈ અને હજારો પરિવારો બેઘર બન્યા. આવા દરેક ભૂકંપ પછી વિશ્વભરમાં એક જ પ્રશ્ન ઉદ્ભવે છે કે શું માત્ર ભૂકંપની તીવ્રતા જ જાનહાનિ માટે જવાબદાર હોય છે? તેનો જવાબ સ્પષ્ટપણે ’ના’ છે. દુનિયામાં એવા દેશો પણ છે જ્યાં વેનેઝુએલા કરતાં વધુ તીવ્ર ભૂકંપ આવે છે, છતાં માનવહાનિ અત્યંત ઓછી રહે છે. તેનું શ્રેષ્ઠ ઉદાહરણ જાપાન છે.

આપત્તિ સામે જાપાનની વૈજ્ઞાનિક તૈયારી જેવી તેવી નથી.જાપાન પૃથ્વીના સૌથી વધુ ભૂકંપગ્રસ્ત દેશોમાંનો એક છે. ત્યાં દર વર્ષે હજારો નાના-મોટા ભૂકંપ નોંધાય છે અને ઘણી વખત સાતથી નવ રિક્ટર સુધીના શક્તિશાળી આંચકા પણ અનુભવાય છે. છતાં મોટા ભાગે જાનહાનિ મર્યાદિત રહે છે. તેનું મુખ્ય કારણ ભૂકંપને રોકવાની ક્ષમતા નહીં, પરંતુ તેની સામે કરવામાં આવેલી દાયકાઓની વૈજ્ઞાનિક તૈયારી છે.

જાપાનમાં ઈમારતો માટે અત્યંત કડક ભૂકંપ પ્રતિરોધક બાંધકામ ધોરણો અમલમાં છે. ઊંચી ઈમારતોમાં વિશેષ શોક એબ્ઝોર્બર, સ્ટીલના લવચીક માળખાં અને બેઝ આઈસોલેશન જેવી આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ થાય છે. પરિણામે ભૂકંપના આંચકા ઈમારતોને સીધું નુકસાન પહોંચાડતા નથી.

જાપાનની બીજી મોટી શક્તિ તેની અદ્યતન પૂર્વચેતવણી પ્રણાલી છે. ભૂકંપના પ્રાથમિક તરંગો નોંધાતા જ સેકન્ડોમાં સમગ્ર દેશમાં મોબાઈલ ફોન, ટેલિવિઝન, રેડિયો અને જાહેર એલાર્મ દ્વારા ચેતવણી પહોંચી જાય છે. આ થોડાક સેકન્ડ પણ લાખો લોકોને સુરક્ષિત સ્થળે પહોંચવામાં મદદરૂપ બને છે. સાથે જ હાઈસ્પીડ ટ્રેનો આપોઆપ અટકી જાય છે, ગેસ અને વીજળીના મુખ્ય પુરવઠા બંધ થઈ જાય છે અને ઔદ્યોગિક એકમોમાં આપમેળે સલામતી પ્રક્રિયાઓ શરૂ થઈ જાય છે.

જાપાનમાં ભૂકંપ અંગેનું શિક્ષણ બાળપણથી જ આપવામાં આવે છે. આપણા બાળકોને મોગલ બાદશાહોની સાત પેઢીનો ઈતિહાસ શીખવાડવામાં આવે છે જે અર્થહીન છે તેને બદલે ડિઝાસ્ટર મેનેજમેન્ટ ના પાઠ શીખવાડવામાં આવે તો જાનહાની ઘટી શકે. ભયાનક ધરતીકંમાં જાપાનના લોકોએ કેવી રીતે પોતાનો બચાવ કર્યો તેનો ઈતિહાસ શીખવાડવામાં આવે તો ઘણી મોટી જાનહાની અટકી શકે.

શાળાઓ, કચેરીઓ, હોસ્પિટલો અને જાહેર સંસ્થાઓમાં નિયમિત મોક ડ્રિલ યોજાય છે. સામાન્ય નાગરિકને પણ ખબર હોય છે કે ભૂકંપ સમયે ક્યાં ઊભા રહેવું, શું કરવું અને શું ન કરવું. આ જાગૃતિ જાનહાનિ ઘટાડવામાં અત્યંત અસરકારક સાબિત થાય છે.

ભારત સહિત વિશ્વ માટે શીખવાનો સમય છે.

વેનેઝુએલાની દુર્ઘટના માત્ર એક દેશની આપત્તિ નથી; તે સમગ્ર વિશ્વ માટે ચેતવણી છે. કુદરતી આપત્તિઓને અટકાવવી માનવશક્તિની બહાર છે, પરંતુ તેમની અસર ઘટાડવી સંપૂર્ણપણે આપણા હાથમાં છે. ખાસ કરીને ભૂકંપપ્રવણ વિસ્તારોમાં બિનઆયોજિત શહેરીકરણ, નબળું બાંધકામ અને સલામતીના નિયમોની અવગણના વિનાશને અનેકગણો વધારી દે છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ એટલે શું? એ મોટાભાગના લોકો જાણતા નથી જાણે છે તેમ તેનો અમલ કેમ કરવો તેની સમજ પડતી નથી.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ (આપત્તિ વ્યવસ્થાપન) એટલે કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિઓના જોખમને ઘટાડવા, જાનમાલનું રક્ષણ કરવા અને આપત્તિ પછી સામાન્ય જનજીવનને ઝડપથી પુનઃસ્થાપિત કરવા માટે કરવામાં આવતી વૈજ્ઞાનિક, સુનિયોજિત અને સંકલિત પ્રક્રિયા. તેનો હેતુ માત્ર આપત્તિ સમયે રાહત અને બચાવ કાર્ય પૂરતો મર્યાદિત નથી, પરંતુ આપત્તિ પહેલાં તેની અસર ઓછી થાય તે માટે પૂર્વ તૈયારી કરવી, લોકોમાં જાગૃતિ લાવવી અને લાંબા ગાળાના સુરક્ષિત વિકાસને પ્રોત્સાહન આપવું પણ છે. શિશુવિહારના હરેશભાઈ ભટ્ટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગે પ્રેક્ટીકલ પુસ્તક લખ્યું છે જેનો હિન્દી અનુવાદ પણ થયો છે ગુજરાતી ને હિન્દીમાં આ એક પહેલું પ્રકાશન છે જેનો પ્રેક્ટીકલ અનુભવ લોકોને કરાવવામાં આવે તો જાનહાની ઘણી ઘટી શકે. હરેશભાઈએ ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં ૨૮,૦૦૦ લોકોને આનું પ્રશિક્ષણ આપ્યું છે અને ખૂબ મોટું કામ કર્યું છે. જેનો હજુ વધારો વિસ્તાર થવો જોઈએ. આ પુસ્તકમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં ભૂકંપ, પૂર, ચક્રવાત, સુનામી, દુષ્કાળ, અતિવૃષ્ટિ, વાવાઝોડાં, ભૂસ્ખલન, વીજળી પડવી, જંગલમાં લાગતી આગ, ગરમી અને શીત લહેર જેવી કુદરતી આપત્તિઓનો સમાવેશ થાય છે. તે ઉપરાંત ઔદ્યોગિક અકસ્માતો, રાસાયણિક અને ગેસ લીકેજ, આગ, પરમાણુ દુર્ઘટનાઓ, માર્ગ-રેલવે-હવાઈ અકસ્માતો, ઈમારતો ધરાશાયી થવી, મહામારીઓ, જેવી આફતો સમયે બચાવને રાહતની કામગીરી કેમ કરવી તે અંગે વિસ્તારથી ચિત્રો સહિત સમજાવવામાં આવ્યું છે. આ પુસ્તકની હવે પછીની આવૃત્તિમાં સાયબર હુમલાઓ અને આતંકવાદી હુમલાઓ જેવી માનવસર્જિત આપત્તિઓ અને જાપાન સ્ટાઈલના બિલ્ડીગ બનાવવા અંગે સામાન્ય સમજ આપવામાં આવશે આ ઉપરાંત ધરતીકંપ સુનામીની પૂર્વ ચેતવણી દ્વારા કેવી રીતે આપવામાં આવે છે તે પણ આ નવી આવૃત્તિમાં સમાવેશ કરવામાં આવશે. આ વસ્તુ પણ ડિઝાસ્ટર મેનેજમેન્ટના કાર્યક્ષેત્રમાં આવે છે.

આપત્તિ વ્યવસ્થાપનના મુખ્ય ચાર તબક્કા છે. પ્રથમ તબક્કો જોખમ ઘટાડવા અને નિવારણનો છે, જેમાં સલામત બાંધકામ, પર્યાવરણનું સંરક્ષણ, નદીઓનું યોગ્ય સંચાલન અને સલામતીના નિયમોનો અમલ કરવામાં આવે છે. બીજો તબક્કો તૈયારીનો છે, જેમાં પૂર્વચેતવણી પ્રણાલી, મોક ડ્રિલ, તાલીમ, બચાવ સાધનો, દવાઓ, ખોરાક અને તાત્કાલિક સંચાર વ્યવસ્થા તૈયાર રાખવામાં આવે છે. ત્રીજો તબક્કો પ્રતિભાવનો છે, જેમાં બચાવ કામગીરી, આરોગ્ય સેવા, રાહત સામગ્રી, આશ્રયસ્થાનો અને જરૂરી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. ચોથો તબક્કો પુનઃસ્થાપન અને પુનઃનિર્માણનો છે, જેમાં નુકસાનગ્રસ્ત વિસ્તારોનું પુનર્નિર્માણ, જીવનનિર્વાહના સાધનોની પુનઃવ્યવસ્થા અને આર્થિક-સામાજિક પુનર્વસન કરવામાં આવે છે.


આધુનિક સમયમાં ઉપગ્રહો, હવામાન આગાહી, ભૂકંપ મોનિટરિંગ સિસ્ટમ, ડ્રોન, કૃત્રિમ બુદ્ધિમત્તા (ઍૅ), ભૌગોલિક માહિતી પ્રણાલી (ૅંજી) અને ઝડપી સંચાર વ્યવસ્થાનો ઉપયોગ કરીને આપત્તિ વ્યવસ્થાપન વધુ અસરકારક બન્યું છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ માત્ર સરકારની જવાબદારી નથી. તેમાં સરકાર, સ્થાનિક સ્વરાજય સંસ્થાઓ, પોલીસ, અગ્નિશામક દળ, આરોગ્ય વિભાગ, સશસ્ત્ર દળો, સ્વયંસેવક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને સામાન્ય નાગરિકો સૌની સક્રિય ભાગીદારી જરૂરી છે. યોગ્ય આયોજન, વૈજ્ઞાનિક અભિગમ અને લોકજાગૃતિ દ્વારા આપત્તિના વિનાશને ઘણો ઓછો કરી શકાય છે. તેથી ડિઝાસ્ટર મેનેજમેન્ટસુરક્ષિત, સજ્જ અને આપત્તિ-પ્રતિરોધક સમાજના નિર્માણ માટેનું અત્યંત મહત્વપૂર્ણ સાધન છે.

ભારતના હિમાલય વિસ્તાર, ઉત્તર-પૂર્વીય રાજ્યો, ગુજરાતનો કચ્છ વિસ્તાર અને અન્ય કેટલાક પ્રદેશો ભૂકંપ માટે સંવેદનશીલ ગણાય છે. ૨૦૦૧નો કચ્છનો વિનાશક ભૂકંપ આજે પણ યાદ અપાવે છે કે નબળા બાંધકામ અને તૈયારીના અભાવે કેટલી મોટી જાનહાનિ થઈ શકે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં ભૂકંપ પ્રતિરોધક બાંધકામ, પૂર્વચેતવણી અને આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે પ્રગતિ થઈ છે, પરંતુ હજુ પણ ગામડાં અને નાના શહેરોમાં સલામતીના ધોરણોનું કડક પાલન થતું નથી.

આજે જરૂરી છે કે દરેક નવા મકાનનું બાંધકામ વૈજ્ઞાનિક ધોરણો મુજબ થાય, જૂની જોખમી ઈમારતોનું મજબૂતીકરણ કરવામાં આવે, શાળાઓમાં આપત્તિ શિક્ષણ ફરજિયાત બને અને દરેક શહેરમાં નિયમિત બચાવ અભ્યાસ યોજાય. સરકાર, સ્થાનિક તંત્ર, ઈજનેરો, આર્કિટેક્ટ્સ અને સામાન્ય નાગરિકો—બધાની સંયુક્ત જવાબદારીથી જ આ શક્ય બનશે.

વેનેઝુએલાનો ભૂકંપ ફરી યાદ અપાવે છે કે પ્રકૃતિને પડકારવું અશક્ય છે, પરંતુ તેની સામે સજ્જ થવું સંપૂર્ણ શક્ય છે. જાપાને આ વાતને કાર્યરત કરીને વિશ્વ સમક્ષ દાખલો પૂરું પાડ્યો છે. હવે પ્રશ્ન એ નથી કે આગામી ભૂકંપ ક્યારે આવશે; પ્રશ્ન એ છે કે તે આવે ત્યારે આપણે કેટલા તૈયાર હોઈશું. જે દેશો તૈયારીને પ્રાથમિકતા આપે છે ત્યાં ભૂકંપ માત્ર કુદરતી ઘટના બની રહે છે, જ્યારે બેદરકારી ધરાવતા દેશોમાં તે માનવસર્જિત દુર્ઘટનામાં પરિવર્તિત થઈ જાય છે. તેથી વિકાસનો સાચો અર્થ માત્ર ઊંચી ઈમારતો ઊભી કરવામાં નથી, પરંતુ એવી સુરક્ષિત વ્યવસ્થા ઊભી કરવામાં છે કે જ્યાં માનવજીવન સર્વોચ્ચ મૂલ્ય ધરાવે.



# વર્લ્ડ કપ વિજેતા સંદીપ પાટિલ મુંબઈ ટીમમાં જોડાયા : માર્ગદર્શક તરીકેની ભૂમિકા નિભાવશે



મુંબઇ,

ભારતે ૧૯૮૩ માં પહેલીવાર વનડે વર્લ્ડ કપ જીતીને દુનિયાને આશ્ચર્યચકિત કરી દીધી હતી. સંદીપ પાટિલ આ વર્લ્ડ કપ વિજેતા ભારતીય ટીમના મુખ્ય સભ્ય હતા અને લાંબા સમય પછી મુંબઈ ક્રિકેટમાં પાછા ફર્યા છે. સંદીપ પાટિલ લગભગ એક દાયકા પછી મુંબઈ ક્રિકેટમાં ફરી જોવા મળશે. મુંબઈ ક્રિકેટ એસોસિએશનએ આગામી સ્થાનિક સિઝન માટે ૧૯૮૩ ના વર્લ્ડ કપ વિજેતા પાટિલને સિનિયર અને વય જૂથની પુરુષોની ટીમો માટે ટીમ મેન્ટર તરીકે નિયુક્ત કર્યા છે.એમસીએના પ્રમુખ અજિંક્ય નાઈકે ૨૩ જૂને પાટિલની નિમણૂકની પુષ્ટિ કરી હતી. મુંબઈના સૌથી સફળ ક્રિકેટરોમાંના એક તરીકે, તેમને સ્થાનિક સિઝનની તૈયારી અને આગામી પેઢીને માર્ગદર્શન આપવાની જવાબદારી સોંપવામાં આવી છે.

પાટિલ માટે, આ એક પ્રકારનું ઘર વાપસી છે. મુંબઈના ભૂતપૂર્વ કેપ્ટન સંદીપ પાટીલે છેલ્લે ૨૦૧૬ માં ક્રિકેટ વહીવટમાં સક્રિય ભૂમિકા ભજવી હતી, જ્યારે તેમણે ભારતીય ટીમના મુખ્ય પસંદગીકાર તરીકે ચાર વર્ષનો કાર્યકાળ પૂર્ણ કર્યા પછી પસંદગી સમિતિના અધ્યક્ષ તરીકે પદ છોડ્યું હતું. પાટીલે ઓક્ટોબર ૨૦૨૨ માં એસોસિએશનની પ્રમુખપદની ચૂંટણી લડી હતી, પરંતુ સ્વર્ગસ્થ અમોલ કાલે સામે નજીકની હરીફાઈમાં હારી ગયા હતા. આ હારથી મુંબઈ ક્રિકેટમાંથી તેમનું વિદાય થયું.પાટિલની પ્રતિષ્ઠા તેમના આક્રમક રમત સુધી મર્યાદિત નથી, જેણે ભારતના ૧૯૮૩ ના વર્લ્ડ કપ વિજયમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ૧૯૮૬માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી વહેલા નિવૃત્તિ લીધા પછી, તેમણે કોચ અને વહીવટકર્તા તરીકે અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું. તેમણે ૧૯૯૬માં થોડા સમય માટે ભારતના મુખ્ય કોચ તરીકે સેવા આપી હતી અને ઈન્ડિયા એ કોચ તરીકે પણ ખૂબ જ સફળ રહ્યા હતા. તેમણે યુવા મહેન્દ્ર સિંહ ધોની સહિત ક્રિકેટરોની એક પેઢીને ઉછેરવામાં મદદ કરી હતી.

૨૦૦૩ના વર્લ્ડ કપમાં કેન્યાને સેમિફાઈનલમાં પહોંચાડીને પાટિલને આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર પ્રશંસા મળી હતી. ત્યારબાદ તેમણે બેંગલુરુમાં રાષ્ટ્રીય ક્રિકેટ એકેડેમીનો હવાલો સંભાળ્યો અને ૨૦૧૨ થી ૨૦૧૬ સુધી રાષ્ટ્રીય પસંદગી સમિતિના અધ્યક્ષ તરીકે સેવા આપી. માર્ગદર્શક તરીકેની તેમની ભૂમિકામાં, પાટિલ મુંબઈની સિનિયર અને સગીર વયની ટીમો સાથે કામ કરશે. તેઓ આ સ્થાનિક ક્રિકેટ દિગ્ગજ સાથે પોતાનો સમૃદ્ધ અનુભવ શેર કરશે, જે ૨૦૨૫-૨૬ સીઝનમાં કોઈપણ ટ્રોફી જીતવામાં નિષ્ફળ રહ્યા પછી ટાઇટલ-વિજેતા ફોર્મ પાછું મેળવવા માંગે છે.

# એલએસજીએ કેરળના ભૂતપૂર્વ ખેલાડી જી. જયકુમારને નવા બેટિંગ કોચ તરીકે નિયુક્ત કર્યા



લખનૌ,

ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૯મી સીઝન હજુ પૂરી પણ થઈ નથી, પરંતુ આગામી સીઝનને લઈને પહેલાથી જ ઉથલપાથલ ચાલી રહી છે. લખનૌ સુપર જાયન્ટ્સ, જેની સીઝન એક દુ:સ્વપ્નથી ઓછી સાબિત થઈ હતી, તેણે કુલદીપ યાદવને દિલ્હી કેપિટલ્સ સાથે ખેલાડીઓના વેપાર સોદામાં હસ્તગત કર્યો, ઋષભ પંતને તેમની સાથે ટ્રેડ કર્યો. લખનૌ સુપર જાયન્ટ્સના આ પગલાની ચર્ચા ઘણા સમય પહેલા શરૂ થઈ ગઈ હતી, અને થોડા દિવસ પહેલા જ સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. વધુમાં, એલએસજી તેના કોચિંગ સ્ટાફમાં પણ કેટલાક ફેરફારો કરી રહ્યું છે, જેમાં એક નવા બેટિંગ કોચની નિમણૂક કરવામાં આવી રહી છે.

આઈપીએલ ૨૦૨૬ માં લખનૌ સુપર જાયન્ટ્સના ખરાબ પ્રદર્શનનું સૌથી મોટું કારણ બેટ્સમેનોનું ઘણી મેચોમાં અપેક્ષા મુજબ પ્રદર્શન કરવામાં અસમર્થતા હતી. હવે, ક્રિકબઝના અહેવાલ મુજબ, એલએસજીએ કેરળના ભૂતપૂર્વ ખેલાડી જી. જયકુમારને આઈપીએલ ૨૦૨૭ માટે ટીમના નવા બેટિંગ કોચ તરીકે નિયુક્ત કર્યા છે. જી. જયકુમારે કુલ ૩૨ સ્થાનિક મેચ રમી છે, જેમાં ૨૫ ફર્સ્ટ-ક્લાસ મેચ અને ૮ લિસ્ટ છ મેચનો સમાવેશ થાય છે. જી. જયકુમાર એક ઓલરાઉન્ડર હતા, જેમણે ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ૧૨૨ રન બનાવ્યા હતા અને ૫૩ વિકેટ લીધી હતી.

# બેન સ્ટોક્સે નાઈટ ક્લબ ઘટના પર પોતાની ભૂલ સ્વીકારી સાથી ખેલાડીઓની માફી માંગી




નવીદિલ્હી,

ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે આખરે નાઈટક્લબ ઘટના પર પોતાનું મૌન તોડ્યું છે, જેના કારણે તેમને માત્ર બીજી ટેસ્ટ જ નહીં પરંતુ ટીમના વાતાવરણ પર પણ અસર પડી હતી. ન્યુઝીલેન્ડ સામેની બીજી ટેસ્ટ ચૂકી ગયા પછી, સ્ટોક્સે સ્વીકાર્યું કે કેપ્ટન તરીકે પાછા ફર્યા પછી તેમનું પહેલું કાર્ય તેમના સાથી ખેલાડીઓની માફી માંગવાનું હતું.

લોર્ડ્સ ટેસ્ટ પછી બેન સ્ટોક્સ અને ગુસ એટકિન્સનને ટીમ કર્ફ્યુનું ઉલ્લંઘન કરવા બદલ બીજી ટેસ્ટમાંથી બહાર કરવામાં આવ્યા હતા. જો રૂટે સ્ટોક્સની ગેરહાજરીમાં કેપ્ટનશીપ સંભાળી હતી, પરંતુ ઓવલ ખાતે ઈંગ્લેન્ડને ૨૫૩ રનની ભારે હારનો સામનો કરવો પડ્યો હતો. આ હાર સાથે, ન્યુઝીલેન્ડે શ્રેણી ૧-૧ થી બરાબર કરી દીધી.

ટ્રેન્ટ બ્રિજ ખાતે નિર્ણાયક ટેસ્ટ પહેલા એક પ્રેસ કોન્ફરન્સમાં, સ્ટોક્સે સ્વીકાર્યું કે તેની ભૂલની અસર ફક્ત તેના પર જ નહીં પરંતુ આખી ટીમ પર પડી. સ્ટોક્સે કહ્યું, "ચોક્કસ. કેપ્ટન તરીકે મારે જે પહેલી બાબતો કરવાની હતી તેમાંની એક હતી. જો તમે પરિસ્થિતિ જુઓ, તો તેની અસર ફક્ત તેના પર જ નહોતી પડી. તેની અસર જો રૂટ, ટીમ અને રમતના વાતાવરણની બહારના લોકો પર પણ પડી. અલબત્ત, તેની અસર ડેબ્યૂ કરી રહેલા ખેલાડીઓ પર પણ પડી. આ પ્રસંગ તેમના માટે એકદમ ખાસ હોવો જોઈએ." જો તે આ વાત સ્વીકારે નહીં અને સંબોધિત ન કરે, તો તે મૂર્ખતા અને ભોળપણ હશે.

સ્ટોક્સે સ્વીકાર્યું કે કેપ્ટન બનવું એટલે ફક્ત જીત દરમિયાન ટીમનું નેતૃત્વ કરવું નહીં, પણ મુશ્કેલ સમયમાં જવાબદારી લેવી પણ. તેમણે કહ્યું કે તેમણે બધા પ્રભાવિત લોકો સાથે રૂબરૂ વાત કરી અને માફી માંગી. સ્ટોક્સે કહ્યું કે જ્યારે બધું બરાબર ચાલી રહ્યું હોય છે, ત્યારે સારું લાગે છે, પરંતુ તમારે વસ્તુઓની જવાબદારી લેવી જ જોઈએ.

# ભારત સામેની મોટી મેચ પહેલા ઓસ્ટ્રેલિયાને મોટી રાહત : ફોબી લિચફિલ્ડની વાપસી લગભગ નિશ્ચિત



લોર્ડ્સ,

આઈસીસી મહિલા ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના હાઈ-વોલ્ટેજ મુકાબલા પહેલા, ઓસ્ટ્રેલિયન ટીમ માટે મહત્વપૂર્ણ સારા સમાચાર છે. ટીમની યુવા સ્ટાર બેટ્સમેન ફોબી લિચફિલ્ડ ઈજામાંથી સ્વસ્થ થઈ ગઈ છે અને ૨૮ જૂન, રવિવારના રોજ લોર્ડ્સ ખાતે ભારત સામેની મહત્વપૂર્ણ મેચ માટે વાપસી કરશે તે લગભગ નિશ્ચિત છે.ઓસ્ટ્રેલિયાના મુખ્ય કોચ શેલી નિત્શ્કે પુષ્ટિ આપી છે કે લિચફિલ્ડ ઝડપથી ફિટનેસ પાછી મેળવી રહી છે, અને ટીમ મેનેજમેન્ટને આશા છે કે તે ભારત સામે ફરી મેદાનમાં ઉતરશે. ટૂર્નામેન્ટની શરૂઆતમાં દક્ષિણ આફ્રિકા સામેની મેચ-વિનિંગ ઈનિંગ દરમિયાન લિચફિલ્ડ ઘાયલ થઈ હતી. ત્યારબાદ તેણી છેલ્લી ત્રણ મેચ ગુમાવી છે. જોકે, તેની ગેરહાજરી છતાં, ઓસ્ટ્રેલિયન ટીમે અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે, તેમનો વિજયી સિલસિલો ચાલુ રાખ્યો છે અને અત્યાર સુધી ટુર્નામેન્ટમાં અજેય રહી છે.

હેડ કોચે જણાવ્યું હતું કે તેમનું માનવું છે કે લિચફિલ્ડની પ્રગતિ ખૂબ સારી રીતે ચાલી રહી છે અને આશા છે કે તે ભારત સામેની મેચ માટે ઉપલબ્ધ રહેશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ફોબી કે નંબર ૩ પોઝિશન પર પાછા ફરે તેવી શક્યતા છે. "તેથી, આપણે ટીમ સેટઅપ અને તેને કેવી રીતે તૈયાર કરવી તે અંગે નિર્ણય લેવો પડશે

કોચના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે લિચફિલ્ડનું પુનરાગમન પસંદગીકારો માટે ટીમ કોમ્બિનેશન અંગે એક નવો પડકાર રજૂ કરશે. તેમનું નંબર ૩ સ્થાન પર પાછા ફરવું લગભગ નિશ્ચિત છે, પરંતુ તેના માટે ખેલાડીને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર કરવાની જરૂર પડી શકે છે. જો લિચફિલ્ડ પરત ફરે છે, તો અનુભવી ઓલરાઉન્ડર એલિસ પેરી ફરીથી નંબર ૪ પર બેટિંગ કરતી જોવા મળી શકે છે.

# અક્ષય કુમારે "વેલકમ ટુ ધ જંગલ" ફિલ્મનું "ઘિસ ઘિસ" ગીત ૧૦૪ ડિગ્રી તાવમાં શૂટ કર્યું હતું



મુંબઇ,

ભોજપુરી અભિનેત્રી અક્ષરા સિંહ, જેમણે આગામી બોલિવૂડ ફિલ્મ "વેલકમ ટુ ધ જંગલ" ના "ઘિસ ઘિસ ઘિસ" ગીતમાં અક્ષય કુમાર સાથે કામ કર્યું હતું, તેમણે આ અનુભવને સ્વપ્ન સાકાર થવાનો અનુભવ ગણાવ્યો. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, તેણીએ સુપરસ્ટારની બીમારી છતાં કામ પ્રત્યેના જુસ્સાને જોઈને આનંદ વ્યક્ત કર્યો. અક્ષય કુમારે "ઘિસ ઘિસ" ડાન્સ નંબર સાથે ભોજપુરી સંગીત ઉદ્યોગમાં પ્રવેશ કર્યો. દરમિયાન, અક્ષરા સિંહે જણાવ્યું કે કેવી રીતે અક્ષયે ખૂબ તાવ હોવા છતાં ગીતનું શૂટિંગ કર્યું.

"સૌથી મોટી વાત એ હતી કે શૂટિંગ દરમિયાન તેને ૧૦૩-૧૦૪ ડિગ્રીનો તાવ હતો. હું તેને જોતી રહી અને સમજાયું કે તે તેના કામ અને તેની કલાને કેટલો પ્રેમ કરે છે. તે ખૂબ જ જવાબદારી અને સમર્પણ સાથે કામ કરે છે. મને અહમદ સરના પ્રોડક્શન હાઉસ તરફથી ફોન આવ્યો... મને કહેવામાં આવ્યું કે વેલકમ ટુ ધ જંગલમાં એક ગીત છે અને મારે તે કરવું પડશે. હું થોડી ખચકાટ અનુભવતી હતી. પાછળથી, ગણેશ આચાર્ય સર મને ફોન કર્યો, અને મને ખાતરી થઈ ગઈ." તેમણે મને પૂછ્યું કે શું હું આ ગીત ગાઈશ. મેં પૂછ્યું કે આ કેવું ગીત છે, અને તેમણે કહ્યું કે તે એક સરસ ગીત છે અને મને તે ગમશે.

# આજના સમયમાં સત્ય સાંભળવું અને કહેવું એટલું મુશ્કેલ બની ગયું છે કે લોકો કોઈનો જીવ લેવા પણ તૈયાર થઈ ગયા છે : હિના



મુંબઇ,

લોનાવાલા નજીક લોહગઢ કિલ્લામાં થયેલી હત્યા હેડલાઈન્સમાં છે. કેતનની મંગેતર પર હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો છે. શરૂઆતમાં, આ કેસ ફક્ત અકસ્માત માનવામાં આવતો હતો, પરંતુ અંતે, તેણે હત્યાનો વળાંક લીધો. પોલીસનો દાવો છે કે આ કોઈ અકસ્માત નહોતો, પરંતુ એક ઈરાદાપૂર્વકનું કાવતરું હતું. પુણેના એક પ્રખ્યાત રિયલ એસ્ટેટ ઉદ્યોગપતિના ૨૫ વર્ષીય વારસદાર કેતન વિશાલ અગ્રવાલની હત્યાએ સમગ્ર દેશને આઘાત પહોંચાડ્યો છે. પ્રખ્યાત ટીવી અને ફિલ્મ અભિનેત્રી હિના ખાને પણ આ હત્યા કેસ પર ભાવનાત્મક અને કરુણ પ્રતિક્રિયા આપી છે. અભિનેત્રીએ પોતાનો ઊંડો શોક અને અફસોસ વ્યક્ત કર્યો છે.તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પોતાનો શોક વ્યક્ત કરતા હિનાએ લખ્યું, "આજના સમયમાં, સત્ય સાંભળવું અને કહેવું એટલું મુશ્કેલ બની ગયું છે કે લોકો કોઈનો જીવ લેવા પણ તૈયાર થઈ ગયા છે... એવું લાગે છે કે કોઈનો જીવ લેવો એ સત્ય સ્વીકારવા કરતાં વધુ સરળ બની ગયું છે." તેણીએ આગળ લખ્યું, "તમે તેને છોડીને, ફક્ત સત્ય કહી શક્યા હોત, અને જેની સાથે ઈચ્છો તેની સાથે તમારું જીવન જીવી શક્યા હોત. શા માટે? અફસોસ. કેતનમર્ડરકેસ."

હિના ખાનની પોસ્ટ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે.આઘાતજનક વાત એ છે કે, ૧૮ જૂને કિલ્લામાંથી બહાર કાઢવાના થોડા દિવસો પહેલા જ કેતન પર હુમલો થયો હતો અને તે મૃત્યુથી બચી ગયો હતો. પોલીસે આ કેસમાં કેતનની મંગેતર અને તેના બોયફ્રેન્ડની ધરપકડ કરી છે. પુણેના ગહુંજેમાં લોધા બેલમોન્ડોનો રહેવાસી કેતન તેના પરિવારની રિયલ એસ્ટેટ કંપની, સક્સેસ ગ્રુપનો ડિરેક્ટર હતો. ૧૮ જૂને, તે તેની મંગેતર, સિયા ગોયલ સાથે તેનો જન્મદિવસ ઉજવવા માટે લોહાગઢ કિલ્લા ગયો હતો. કિલ્લા પરથી પડી ગયા પછી, સિયાએ શરૂઆતમાં પોલીસને કહ્યું હતું કે કેતન ફોટા પાડતી વખતે લપસી ગયો અને પડી ગયો.શરૂઆતમાં, પોલીસે કેસ દાખલ કર્યો હતો, તેને અકસ્માત ગણાવ્યો હતો. જોકે, મંગળવારે, જ્યારે પોલીસે સિયા અને તેના મિત્ર ચેતન ચૌધરીની ધરપકડ કરી, ત્યારે આખી વાર્તા બદલાઈ ગઈ. કેતનના પરિવારે કહ્યું કે તેમને ક્યારેય સિયા પર શંકા નહોતી, પરંતુ લગ્ન પહેલા તેણે વિચિત્ર વર્તન કર્યું હતું. થોડા દિવસો પહેલા, લોહગઢ ટ્રેક દરમિયાન, સિયાએ કેતનને ધક્કો માર્યો હતો, જેને પાછળથી તેણે એવો દાવો કરીને છુપાવી દીધો હતો કે તે તેને સાપથી બચાવી રહી છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કા | કી | સ | ળ | દ | તી | ત | ક્ષ | પ્ર | આ | આ | ત |
| જ | દ | ક્ષ | બ | કા | કા | બૂ | ત | ભા | ક | શિ | જ્ઞા |
| ચી | ર | દ | ત | ન | એ | રો | સ | ભો | ણ | ર | ક્ષ |
| ધો | બો | બૂ | લ | ન | ર | મ | બા | ર | ળો | ણ | ણ |
| ર | કા | દુ | વિ | ધા | અ | કે | ધ | મા | ગી | શ | બ |
| ણ | દુ | બં | ણિ | ગ | ભ | વ | સ | તુ | આ | સ | ક |
| ગ | ડો | નિ | આ | બા | અ | કા | ણિ | રી | ર | વિ | મ |
| પ્ર | ગ | ક્રો | યા | ન | લ | તી | ણિ | ન | દ | કા | ણિ |
| બિ | મ | ક | ર | બા | મો | બિ | ઉ | ત્રિ | ઇ | ચી | નિ |
| ધી | ર | જ | મા | મા | ર | એ | મ | વ | કો | વે | દ |
| પ્ર | પ્રા | આ | સ | અ | સ | ભો | ખ | મા | દ | ણ | ભ |
| ગં | ધ | સા | ઓ | વા | ત | હા | ળ | ન | ત્રિ | વે | ણી |

શબ્દ શોધો: ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

# અભિનેત્રી સમન્થા રૂથ માતા બનશે : મેટરનિટી બ્રેકની જાહેરાત કરી ચાહકોને ખુશખબર આપી




મુંબઇ,

અભિનેત્રી સમન્થા રૂથ પ્રભુએ સત્તાવાર રીતે પુષ્ટિ આપી છે કે તે તેના પહેલા બાળકની અપેક્ષા રાખી રહી છે. તેણીએ તેની નવીનતમ ફિલ્મ "મા ઈન્તી બંગારામ" ના સક્સેસ મીટ દરમિયાન આ સારા સમાચાર શેર કર્યા, જેનાથી તેણીની ગર્ભાવસ્થાને લગતી અટકળોનો અંત આવ્યો. આ કાર્યક્રમમાં મીડિયા સાથે વાત કરતા, સમન્થાએ એ પણ ખુલાસો કર્યો કે તેણી તેનું વર્તમાન કામ પૂર્ણ કર્યા પછી થોડા સમય માટે કામમાંથી વિરામ લેવાની યોજના ધરાવે છે. ગર્ભવતી સામન્થાએ તેની પ્રસૂતિ રજાની જાહેરાત કરી છે.

"મારી પરિસ્થિતિને જોતાં, મારે મા ઈન્તી બંગારામ પછી વિરામ લેવો પડશે. મારે પ્રસૂતિ રજા લેવી પડશે. તે પછી, હું મારા ચાહકો માટે બીજી ફિલ્મ સાથે પાછી ફરીશ." વીડિયોમાં, રાજ નિદિમોરુને કાર્યક્રમમાં સ્ટેજ પર સામન્થાની બાજુમાં બેઠેલા જોઈ શકાય છે.ફિલ્મની સક્સેસ પાર્ટીના વીડિયો અને ફોટા પછી સોશિયલ મીડિયા યુઝર્સે તેની ગર્ભાવસ્થા વિશે અનુમાન લગાવવાનું શરૂ કર્યા પછી આ પુષ્ટિ મળી છે. ઘણા ચાહકોએ, સામન્થાના બેબી બમ્પ જોઈને, દાવો કર્યો કે તે ગર્ભવતી છે. સામન્થા પોતે આ અહેવાલો પર ટિપ્પણી કરે તે પહેલાં જ, ઉદ્યોગના આંતરિક સૂત્રોએ સ્ક્રીનને જણાવ્યું હતું કે અભિનેત્રી ગર્ભાવસ્થાના પ્રારંભિક તબક્કામાં હતી અને તેના જીવનના આ નવા પ્રકરણથી ખૂબ ખુશ હતી. તેમણે કહ્યું, "સમન્થા તેના પહેલા ત્રિમાસિક ગાળામાં છે, અને આ દંપતી તેના વિશે ખૂબ જ ખુશ છે, ખાસ કરીને સમન્થા, જે હંમેશા માતા બનવા માંગતી હતી."

# સોનાક્ષી સિંહા અને ઝહીર ઈકબાલે થાઈલેન્ડમાં તેમની લગ્નની બીજી વર્ષગાંઠની ઉજવણી કરી



મુંબઇ,

સોનાક્ષી સિંહા અને ઝહીર ઈકબાલે થાઈલેન્ડના ફુકેટમાં બીચ પર તેમની બીજી લગ્ન વર્ષગાંઠ ઉજવી. આ કપલે સોશિયલ મીડિયા પર પોતાના રોમેન્ટિક ફોટા પણ શેર કર્યા. આ લોકપ્રિય બી-ટાઉન કપલે ફુકેટના અમોરા બીચ રિસોર્ટના ઘણા સુંદર ફોટા શેર કર્યા છે, જેમાં તેમના ખાસ બીચ સેલિબ્રેશનની ઝલક જોવા મળી છે. આ ફોટામાં, સોનાક્ષી અને ઝહીર એકબીજાના પ્રેમમાં ડૂબેલા અને બીચ પર સુંદર સૂર્યાસ્ત જોતા આરામની ક્ષણનો આનંદ માણતા જોવા મળે છે.

એક ફોટામાં, ઝહીર સોનાક્ષીનો હાથ પકડીને રેતી પર ઘૂંટણિયે બેઠેલા જોવા મળે છે. આ રોમેન્ટિક ફોટામાં, સોનાક્ષી સિંહા અને ઝહીર ઈકબાલ મેચિંગ પોશાકમાં જોવા મળે છે. સફેદ શર્ટ અને ડેનિમ શોર્ટ્સ પહેરેલી સોનાક્ષી તેને જોઈને ખૂબ ખુશ દેખાય છે. બીજા ફોટામાં, કપલ બીચ પર એકબીજાને ગળે લગાવતું જોવા મળે છે, તેમની પાછળ મોજા તૂટતા જોવા મળે છે. તેઓ તેમની બીજી લગ્ન વર્ષગાંઠનો આનંદ માણી રહ્યા હોય તેવું લાગે છે. આ કપલના ફોટા સોશિયલ મીડિયા પર હેડલાઈન્સ બનાવી રહ્યા છે.આ ફોટામાં સોનાક્ષી અને ઝહીર તેમની બીજી લગ્ન વર્ષગાંઠ પર રિસોર્ટના ખુલ્લા હવામાં ખાસ રાત્રિભોજનનો આનંદ માણતા જોવા મળે છે. સોનાક્ષી અને ઝહીર સફેદ છત્ર નીચે રાત્રિભોજનનો આનંદ માણી રહ્યા છે, જે નરમ લાઈટ્સ, ફૂલો અને વહેતા પડદાથી શણગારવામાં આવ્યું છે.

# દરિયાકાંઠાના ગામોમાં મરીન ટાસ્ક ફોર્સ દ્વારા શાળા પ્રવેશોત્સવ







જામનગર : ગુજરાત રાજ્યની દરિયાઈ સુરક્ષા માટે કાર્યરત મરીન ટાસ્ક ફોર્સ દ્વારા સ્થાનિક લોકો સાથે વિશ્વાસપૂર્ણ સંબંધો વિકસાવવા, જનસંપર્કને વધુ મજબૂત બનાવવા તેમજ સુરક્ષા એજન્સી અને સ્થાનિક સમુદાય વચ્ચે સુમેળ જળવાઈ રહે તે માટે સતત પ્રયાસો હાથ ધરવામાં આવે છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં વસતા લોકો સુરક્ષા વ્યવસ્થાના મહત્વપૂર્ણ સહભાગી બની રહે અને કટોકટીની સ્થિતિમાં સુરક્ષા એજન્સીઓને અસરકારક સહયોગ આપી શકે તે હેતુસર વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે.

દેશના વડાપ્રધાન દ્વારા શરૂ કરાયેલા 'શાળા પ્રવેશોત્સવ' કાર્યક્રમના અનુસંધાને તથા ચાલુ શૈક્ષણિક સત્રના પ્રવેશોત્સવને ધ્યાનમાં રાખી એટીએસ અને કોસ્ટલ સિક્યુરિટીના અધિક પોલીસ મહાનિર્દેશક અમિતકુમાર વિશ્વકર્માના માર્ગદર્શન હેઠળ તેમજ દરિયાઈ સુરક્ષા અને મરીન ટાસ્ક ફોર્સના નાયબ પોલીસ મહાનિરીક્ષક એ. એમ. મુનિયા અને મરીન ટાસ્ક ફોર્સ હજીરાના પોલીસ અધિક્ષક એસ. જે. પરમારના માર્ગદર્શન હેઠળ તા. ૨૩ જૂનના રોજ જામનગર જિલ્લાના સચાણા અને સિક્કા નજીક આવેલા સરમતભુંગા ગામની શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મરીન ટાસ્ક ફોર્સ જામનગરના પોલીસ ઈન્સ્પેક્ટર ધરમવીર આર. યાદવ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર જી. એમ. બોપલિયા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી. એચ. જાડેજા, પોલીસ ઈન્સ્પેક્ટર બી. એચ. ચાવડા તથા મરીન કમાન્ડોની ટીમોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો.

સચાણા ખાતે સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર રવિકુમાર અકબરી, આચાર્ય તૃપ્તિબેન રૂપડિયા, આચાર્ય જીજ્ઞાબેન નકુમ અને લાયઝન અધિકારી નાથાભાઈ કરમુર હાજર રહ્યા હતા. જ્યારે સિક્કા-સરમતભુંગા ખાતે વન વિભાગના આરએફઓ કે. આર. ચુડાસમા, આચાર્ય રમીલાબેન વાણિયા, રિલાયન્સ વેલ્ફેર કોઓર્ડિનેટર કુંજલભાઈ, લાયઝન અધિકારી રવિભાઈ જોશી, તાલુકા શિક્ષણ અધિકારી ઝાલા, સ્થાનિક સરપંચો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન શાળામાં નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપરાંત વિદ્યાર્થીઓને શું કરવું અને શું ન કરવું, શિષ્ટાચાર, રાષ્ટ્રભક્તિ, સુરક્ષા, સાવચેતી અને સામાજિક જવાબદારીઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે મરીન ટાસ્ક ફોર્સના અધિકારીઓએ ગ્રામજનો સાથે અનૌપચારિક સંવાદ કરી દરિયાઈ સુરક્ષા સંબંધિત જાગૃતિ ફેલાવી હતી, અને સ્થાનિક લોકો તથા સુરક્ષા એજન્સીઓ વચ્ચે વધુ સારો સંપર્ક અને વિશ્વાસ જળવાઈ રહે તે માટે આ પ્રકારના કાર્યક્રમો સતત યોજવામાં આવશે તેવી પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# સલાયા કસ્ટમ રોડ ઉપર અજાણ્યા વાહન ચાલકની ઠોકરથી વીજપોલ તૂટ્યા



સલાયા : દ્વારકા જિલ્લાના સલાયાના કસ્ટમ રોડ પર એક વીજપોલ તૂટી પડ્યો હતો. અજાણ્યા વાહન ચાલકની ઠોકરથી આ ઘટના બની હતી, જેના કારણે વીજવાયરો સાથેનો પોલ નમી ગયો હતો. ચાલુ વીજવાયરો સાથે પોલ નમી જતાં થોડા સમય માટે સ્થાનિક લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ અંગે તાત્કાલિક પીજીવીસીએલની ટીમને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા પીજીવીસીએલના લાઈનમેન ઘટના સ્થળે પહોંચી ગયા હતા. તેમણે તાત્કાલિક વીજ પુરવઠો બંધ કરાવ્યો અને JCBની મદદથી તૂટેલા વીજપોલને હટાવી દીધો હતો. વાયરોને વ્યવસ્થિત કર્યા બાદ વિસ્તારમાં વીજળી પુરવઠો ફરીથી ચાલુ કરવામાં આવ્યો હતો. પીજીવીસીએલની સમયસરની કાર્યવાહી અને સતર્કતાને કારણે મોટી દુર્ઘટના ટળી હતી.

# વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે જામનગર ૧૯૬૨ ટીમ દ્વારા વૃક્ષારોપણ કરાયુ



જામનગર : વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે જામનગર ૧૯૬૨ પશુ ઈમરજન્સી સેવા ટીમ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો.

ભારત પ્રકૃતિ પૂજક દેશ તરીકે વિશ્વભરમાં ઓળખાય છે તેમજ સેવા અને સંસ્કારની પરંપરાને જાળવી રાખનાર દેશ છે. આવા સમયે અબોલ પશુઓની સેવા માટે સતત કાર્યરત ૧૯૬૨ ટીમ દ્વારા પર્યાવરણ જાળવણી માટે વૃક્ષારોપણ જેવી પ્રેરણાદાયક પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. ટીમના સભ્યોએ વૃક્ષો વાવી તેના સંવર્ધનનો સંકલ્પ પણ લીધો હતો.

આ પ્રસંગે જામનગર પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર પિયુષ પરમાર તથા ૧૯૬૨ કાર્યક્રમ મેનેજર શોએબખાન દ્વારા સમગ્ર ટીમને બિરદાવવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે પર્યાવરણનું સંરક્ષણ આજના સમયની સૌથી મોટી જરૂરિયાત છે અને વૃક્ષારોપણ જેવી પ્રવૃત્તિઓ સમાજમાં સકારાત્મક સંદેશ પહોંચાડે છે.

કાર્યક્રમ દરમિયાન શોએબખાને જામનગર જિલ્લાના તમામ પશુપાલકોને અપીલ કરી હતી કે તેઓ સવારે ૮ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી કાર્યરત ૧૯૬૨ મોબાઈલ વેટરનરી ડિસ્પેન્સરી (સ્ફ્ઠ) એમ્બ્યુલન્સ સેવાનો નિ:શુલ્ક લાભ લે. કોઈપણ પશુને તાત્કાલિક સારવારની જરૂરિયાત હોય તો ૧૯૬૨ સેવા પર સંપર્ક કરી સમયસર પશુચિકિત્સા સહાય મેળવવા અનુરોધ કરવામાં આવ્યો હતો. જામનગર ૧૯૬૨ ટીમ પશુ કલ્યાણ, પર્યાવરણ સંરક્ષણ અને જનસેવાના કાર્યોમાં સતત કાર્યરત રહી સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા પ્રતિબદ્ધ છે.

# જામનગરમાં નજીવા ભાડામાં ઈ-બસ સેવામાં મુસાફરોનો અભૂતપૂર્વ પ્રતિસાદ



જામનગર : જામનગર મહાનગરપાલિકા અને જામનગર જનમાર્ગ ફાઉન્ડેશન દ્વારા શહેરમાં શરૂ કરવામાં આવેલી પીએમ ઈ-બસ સેવાને નગરજનો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે. શહેરના વિવિધ બસ સ્ટોપ પરથી દર ૨૦ થી ૩૦ મિનિટના અંતરે ઉપલબ્ધ થતી આ આધુનિક, વાતાનુકૂલિત અને પર્યાવરણમૈત્રી ઈલેક્ટ્રિક બસો આજે હજારો નાગરિકો માટે પસંદગીનું જાહેર પરિવહન સાધન બની રહી છે.

શહેરના વિદ્યાર્થીઓ, નોકરીયાત વર્ગ, વેપારીઓ, મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો તેમજ રોજિંદા મુસાફરી કરતા લોકો માટે આ બસ સેવા અત્યંત ઉપયોગી સાબિત થઈ રહી છે. માત્ર રૂ. ૫ થી રૂ. ૨૦ના નજીવા ભાડામાં શહેરના એક છેડેથી બીજા છેડા સુધી સુરક્ષિત, આરામદાયક અને સમયબદ્ધ મુસાફરીની સુવિધા ઉપલબ્ધ થતાં લોકોમાં ભારે સંતોષ જોવા મળી રહ્યો છે.

જામનગર જનમાર્ગ ફાઉન્ડેશન દ્વારા મુસાફરોને વધુ સુવિધા મળી રહે તે માટે વિવિધ પ્રકારની પાસ યોજનાઓ પણ અમલમાં મુકવામાં આવી છે. વિદ્યાર્થીઓ માટે માસિક પાસ યોજના ઉપલબ્ધ છે, જ્યારે દિવ્યાંગજનો માટે નિ:શુલ્ક મુસાફરીની સુવિધા આપવામાં આવી રહી છે. આ ઉપરાંત સામાન્ય મુસાફરો માટે માસિક, ત્રિમાસિક, અર્ધવાર્ષિક અને વાર્ષિક પાસ યોજનાઓ પણ શરૂ કરવામાં આવી છે, જેના કારણે નિયમિત મુસાફરી કરતા લોકોને વિશેષ રાહત મળી રહી છે.

મુસાફરોની સુવિધા માટે મોબાઈલ એપ્લિકેશન પણ કાર્યરત કરવામાં આવી છે, જેના માધ્યમથી નજીકના બસ સ્ટોપ, બસના સમયપત્રક, રૂટની માહિતી, બસ પાસ, સ્માર્ટ કાર્ડ રિચાર્જ સહિતની વિવિધ સેવાઓ સરળતાથી ઉપલબ્ધ બની છે. ટેક્નોલોજીના ઉપયોગથી જાહેર પરિવહન વ્યવસ્થાને વધુ સરળ અને સુલભ બનાવવાનો પ્રયાસ સફળ સાબિત થઈ રહ્યો છે. શહેરમાંથી શંકરટેકરી ઉદ્યોગનગર, દરેડ ઔદ્યોગિક વિસ્તાર તેમજ અન્ય રોજગાર કેન્દ્રોમાં આવતા-જતા કર્મચારીઓ માટે પણ આ સેવા આશીર્વાદરૂપ બની છે. ખાનગી વાહનોના વધતા ખર્ચ અને ટ્રાફિકની સમસ્યા વચ્ચે પીએમ ઈ-બસ સેવા લોકોને કિફાયતી, સલામત અને આરામદાયક વિકલ્પ પૂરો પાડી રહી છે.

ખાસ નોંધનીય બાબત એ છે કે રાજયના અન્ય શહેરોની સરખામણીએ જામનગરમાં ખૂબ જ ઓછા ભાડે આધુનિક બસ સેવાનો લાભ ઉપલબ્ધ બન્યો છે. પરિણામે દિવસેને દિવસે મુસાફરોની સંખ્યામાં સતત વધારો નોંધાઈ રહ્યો છે અને નગરજનો દ્વારા આ પહેલને ઉત્સાહપૂર્વક આવકારવામાં આવી રહી છે.

# જામનગરમાં બળજબરીથી માલ લઈ જનાર કારખાનેદારને કોર્ટમાં હાજર થવા હુકમ

જામનગર : જામનગરમાં એક કારખાનામાંથી બળજબરીથી રૂપિયા એક લાખથી વધુ કિંમતનો માલ સામાન ઉઠાવી જવાના કેસમાં અદાલતે આરોપીને હાજર થવા આદેશ કર્યો છે.

ફરીયાદી જગદીશ છગનભાઈ ચૌહાણએ અગાઉ સ્ટાર એલોય ઈન્ડ.ના માલીક નરેશભાઈ પટેલ પાસેથી માલ ખરીદેલ અને તેમની રકમ ચુકવી આપેલ. જે અંગે નરેશભાઈ પટેલ દ્વારા ફરીયાદીને વોટસએપમાં રકમ મળી ગયેલ છે તેવી ચીઠ્ઠી બનાવી આપી હતી.

ગત તા.૨૦-૯-૨૦૨૫ના રોજ ફરીયાદી બપોરેના સમયે કારખાનેથી ઉધોગ નગરમાં કામ અર્થે ગયેલ તે સમયે કારખાને શ્રમિક કામ કરતા હતા. ત્યારે આરોપી નરેશભાઈ વલ્લભભાઈ અભંગી (પટેલ) તથા કેતનભાઈ વલ્લભભાઈ અભંગી તથા રવિનભાઈ મઘોડીયા ફરીયાદીના કારખાને આવ્યા હતા અને શ્રમિકને કહેલ કે, તૈયાર માલ છે તે આપી દે જેથી કારીગરે શેઠ સાથે વાતચીત કરવાનું જણાવતા તેમણે જણાવેલ કે, તારા શેઠ સાથે વાત થયેલ છે અને આ માલ મારો છે અને લઈ જવાનો છે. આથી આરોપી ફરીયાદીના કારખાને થી બ્રાસપાર્ટની આઈટમ જે ૧૧૬ કિલો અને ૪૦૦ ગ્રામ જેવી થાય છે .જેની કિંમત અંદાજીત રૂા.૧,૦૩,૦૦૦ જીએસટી સાથેના પુરાનો માલ ભરી ને લાઇ ગયા હતા.

આ બનાવ બાબતે ફરીયાદીનાએ પ્રથમ જીલ્લા પોલીસ અધિક્ષક, જામનગર ને લેખિત ફરીયાદ કરી હતી. જામ.સીટી 'સી" ડીવી.પો.સ્ટે.દ્વારા ફરીયાદી ની ફરીયાદમાં એફ.આઈ.આર.નોંધવામાં આવી ન હતી. અને ફરીયાદ અરજી માં કોઈ કાર્યવાહી પણ કરવામાં આવી ન હતી, જેથી ફરીયાદી દ્વારા કોર્ટમાં ફરીયાદ દાખલ કરતા જામનગર ના એડી.ચીફ જયુડી.મેજી. યુ.એસ.પરમારની કોર્ટમાં ઈન્કવાયરી ચાલતા પોલીસ દ્વારા રજુ કરવામાં આવેલ તપાસના કાગળો તેમાં રજુ રાખેલ નિવેદનો વિગેરે ધ્યાને લઈ આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો બનતો હોય તેમની સામે ફોજદારી કેશ ચલાવવા અને આરોપીઓને કોર્ટમાં હાજર થવા હુકમ કરેલ છે. આ કેસમાં ફરીયાદી તરફે વકીલ ક્રિપાલસિંહ આર.જાડેજા, નાસીરખાન કે.લોહાની (એડવોકેટ) તથા કુલદિપસિંહ પી.ચૌહાણ (એડવોકેટ) રોકાયેલ હતા.

# ધ્રોલમાં વડાપ્રધાન મોદીના શાસનના ગૌરવશાળી વર્ષો નિમિત્તો શુભેચ્છા બેઠક યોજાઈ



તસવીર : સંજય ડાંગર

ધ્રોલ : જામનગર ગ્રામ્ય પીએસઆઈ અને ધ્રોલ શહેર ભાજપ પ્રમુખ સહિતના આગેવાનો રહ્યા ઉપસ્થિત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વના સફળ અને ગૌરવશાળી વર્ષો પૂર્ણ થવાના અવસરે સમગ્ર દેશમાં ઉત્સાહનો માહોલ છે. આ અંતર્ગત ધ્રોલ શહેર મુકામે એક વિશેષ સંપર્ક અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગૌરવશાળી અવસરે જામનગર ગ્રામ્યના ડીવાયએસપી પીયુષ વાંદા તેમજ ધ્રોલના પોલીસ ઈન્સ્પેક્ટર એચ.વી. રાઠોડ દ્વારા વિશેષ સંપર્ક અભિયાન અંતર્ગત શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન ધ્રોલ શહેર ભાજપ પ્રમુખ હિરેન કોટેચા અને શહેર ભાજપ ઉપપ્રમુખ છેણા વરૂ તેમજ આ પ્રસંગે ભાજપના અગ્રણી નેતા સંજયસિંહ જાડેજા, અને ગોવિંદ દલસાણીયા સહિતના સ્થાનિક આગેવાનો અને કાર્યકરો રહ્યા હતા.

# મોહરમ નિમિત્તે તાજિયા આવ્યા પડમાં



તસવીર : આનંદ લાલ-સલાયા

સલાયામાં મુસ્લિમ બિરાદરો દ્વારા પવિત્ર મોહરમના દિવસો સારી રીતે મનાવવામાં આવે છે.આજરોજ મહોરમનો આશુરાનો દિવસ છે. ગઈકાલે જમાત દ્વારા તાજીયા પડમાં લેવામાં આવ્યા હતા.

જેમાં મુસ્લિમ ભાડેલા જમાત દ્વારા નિર્મિત કલાત્મક તાજિયાને ગઈકાલે પડમાં લાવ્યા હતા. આ સમયે મોટી સંખ્યામાં મુસ્લિમ ભાઈઓ બહેનો દર્શન અર્થે પહોંચ્યા હતા.સાથે સાથે હિન્દુ ભાઈઓ દ્વારા પણ તાજીયાના દર્શન કરી અને શ્રીફળ વધારવામાં આવે છે. નવા ઘોડા પણ હિન્દુ વિસ્તારમાંથી નીકળે છે. જ્યાં હિન્દુ સમાજ વતી સલાયાના પત્રકાર અને હિન્દુ સમાજના અગ્રણી ભરતભાઈ લાલ દ્વારા પવિત્ર ઘોડાને હાર પહેરાવી પુષ્પવર્ષા કરી હતી તેમજ મુસ્લિમ ભાઈઓ બહેનોને આઈસક્રીમની લ્હાણી કરી હતી.આમ સલાયાના મોહરમ દરમ્યાન હિન્દુ મુસ્લિમ એકતાના દર્શન થયા હતા.

## શિક્ષણના ક્ષેત્રે RSPL ગ્રુપ (ઘડી ડીટર્જન્ટ )નું મહત્વનું યોગદાન

# દ્વારકાની શાળાઓના બાળકોને ૧૫૦૦ એજ્યુકેશન કિટ્સનું વિતરણ



દ્વારકા : દ્વારકા તાલુકાના કુરંગા ગામે આવેલી RSPL ગ્રુપ (ઘડી ડીટર્જન્ટ) દ્વારા શિક્ષણ પ્રત્યેની જવાબદારી નિભાવતા દર વર્ષની જેમ આ વર્ષે પણ ઈજીઁન વેલ્ફેર ફાઉન્ડેશનના માધ્યમથી, કલ્યાણપુર અને દ્વારકા તાલુકાની વિવિધ સરકારી શાળાઓના ૧૫૦૦ બાલવાટિકા અને ધોરણ-૧ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું. શાળા પ્રવેશોત્સવના સુવર્ણ અવસરે અને કન્યા કેળવણીના ભાગરૂપે બાળકો માટે તૈયાર કરેલી ૧૫૦૦ જેટલી એજ્યુકેશન કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું, જેમાં શૈક્ષણિક સાધનો - સ્કૂલ બેગ, નોટબુક, પેન્સિલ સેટ, શાર્પનર, રબર સહીત પાણી ની બોટલ વગેરે સમાવેશ થતો હતો. આ સરાહનીય પહેલથી ગામડાના બાળકોમાં શિક્ષણ પ્રત્યે રુચિ વધારવા અને તેમને ઉત્સાહિત કરવા માટેના આ યોગદાન બદલ શાળાના આચાર્યો, શિક્ષકો તથા સ્થાનિક લોકો અને આગેવાનો દ્વારા ઈજીઁન ગ્રુપ (ઘડી ડીટર્જન્ટ)નો તથા કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જામનગરના જુના વિસ્તારમાં અશાંતધારો લાગુ કરવા સ્થાનિક રહેવાસીઓની માંગ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના જુના વિસ્તારોમાં અશાંતધારો લાગુ કરવા સ્થાનિક રહેવાસીઓ દ્વારા માંગણી ઊઠવા પામી છે.

જામનગરમાં આવેલ જુના વિસ્તારો જે આ શહેરની ઓળખ હતી જેમાં સંઘાડિયા બજાર, પતંગિયા શેરી, પાટોડી શેરી, દેવા ભાણાની શેરી,લુહારશાળ, ભટ્ટ ફળી, ખવાસગોરની શેરી, ઝંડુભટ્ટની શેરી, ગરબી ફળી, સઈ નીમની, ભગવાન સંગ બાપુની શેરી, ટાંક ફળી, મંડળ ફળી, હનુમાન શેરી (સામે), ખારવા ચકલો, શેઠ જમનાદાસવાળી શેરી, છીપાવાડ, ટીબા ફળી, ધ્રુવ ફળી, જેવા વિસ્તારોમાંથી હિન્દુ સમાજના લોકો ત્યાંના વાદ-વિવાદ-ઝઘડાથી થાકીને સ્થળાંતર કરી રહ્યા છે. જેથી તમામ વિસ્તારોમાં રહેતા લોકોએ તાજેતરમાં જાગનાથ મહાદેવ મંદિરમાં સંમેલન યોજાયું હતું, જેમાં બહોળી સંખ્યામાં સ્થાનિક રહેવાસીઓ હાજર રહ્યા હતાં, અને પોતાના વિસ્તારમાં ગુજરાત અશાંત ધારો લાગુ કરવા માંગ કરી હતી. આગામી દિવસોમાં જુનુ જામનગરના વિસ્તારોની જે ઓળખ હતી તે જાળવી રાખવા સંગઠીત થઈને ગુજરાત અશાંત ધારો લાવવાનો નિર્ધાર કરી ધારાસભ્ય અને જિલ્લા કલેક્ટર સમક્ષ માંગણી કરવામાં આવી હતી.

## હેપ્પી બર્થ-ડે

# ધ્રોલની જાણીતી હોટલ યુનિટીના કલ્પેશભાઈ ગોસાઈનો આજે જન્મદિવસ



ધ્રોલના કલ્પેશભાઈ ગોસાઈનો આજે જન્મદિવસ છે. તેમના જન્મદિવસ નિમિત્તે શુભેચ્છા. કલ્પેશભાઈ ધ્રોલ અને આસપાસના વિસ્તારમાં બહોળું મિત્રવર્તુળ ધરાવે છે. આજે તેમના જન્મદિવસે તેમને દીર્ઘાયુ, સુખ, સમૃદ્ધિ અને ઉત્તરોત્તર પ્રગતિ મળે તેવી હાર્દિક શુભેચ્છાઓ મો ૭૬૦૦૦૦૭૮૫૪ પાઠવી રહ્યા છે.

# ભારતમાં ભારતીય નાગરિકતાના પુરાવા માટે માન્ય દસ્તાવેજનો નવો વિવાદ

## ફક્ત પાસપોર્ટ રાખવો એ આપમેળે નાગરિકતાના નિર્ણાયક પુરાવા તરીકે માન્ય નહીં હોવાના અહેવાલ બાદ ચર્ચા શરુ થઈ




નવી દિલ્હી,

ભારતીય નાગરિકતાના પુરાવા અંગે એક નવી ચર્ચા ત્યારે શરૂ થઈ છે જ્યારે વિદેશ મંત્રાલય (MEA) એ સ્પષ્ટ કર્યું છે કે પાસપોર્ટ, ભલે ફક્ત ભારતીય નાગરિકોને જ જારી કરવામાં આવે, તે નાગરિકતાનો નિર્ણાયક પુરાવો નથી.

૧૪મા પાસપોર્ટ સેવા દિવસ નિમિત્તે કરવામાં આવેલી સ્પષ્ટતાથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર વ્યાપક ચર્ચા શરૂ થઈ ગઈ છે, જેમાં ઘણા લોકો ભારતીય નાગરિકતાનો અંતિમ અને નિર્વિવાદ પુરાવો શું છે તે અંગે પ્રશ્ન ઉઠાવી રહ્યા છે.

પાસપોર્ટ મુખ્યત્વે એક મુસાફરી દસ્તાવેજ છે

વિદેશ મંત્રાલય અનુસાર, પાસપોર્ટ મુખ્યત્વે આંતરરાષ્ટ્રીય મુસાફરીને સરળ બનાવવા માટે સરકાર દ્વારા જારી કરાયેલ એક મુસાફરી દસ્તાવેજ છે. આનો અર્થ એ છે કે ફક્ત પાસપોર્ટ રાખવો એ આપમેળે નાગરિકતાના નિર્ણાયક પુરાવા તરીકે કામ કરતું નથી.

આ સ્પષ્ટતાએ ચિંતા ઉભી કરી છે કારણ કે ભારતીય પાસપોર્ટ ફક્ત ભારતીય નાગરિકોને જ જારી કરવામાં આવે છે. જો કે, સરકારનું કહેવું છે કે પાસપોર્ટનો પ્રાથમિક હેતુ નાગરિકતાના અંતિમ નિર્ધારણ તરીકે સેવા આપવાને બદલે ઓળખ સ્થાપિત કરવાનો અને મુસાફરીને સરળ બનાવવાનો છે.

ચર્ચામાં બીજો સ્તર ઉમેરતા, પાસપોર્ટ પોતે જ જણાવે છે કે તે ભારત સરકારની મિલકત રહે છે અને જો અધિકારીઓ દ્વારા નિર્દેશિત કરવામાં આવે તો તેને સોંપવું આવશ્યક છે.

આધાર અને મતદાર ઓળખપત્ર નાગરિકતાનો પુરાવો નથી

નાગરિકતાના પુરાવાને લગતી મૂંઝવણ નવી નથી. અદાલતો અને સરકારી અધિકારીઓએ અગાઉ અન્ય મુખ્ય ઓળખ દસ્તાવેજોની સ્થિતિ સ્પષ્ટ કરી છે.

આ વર્ષની શરૂઆતમાં, મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) સંબંધિત સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું હતું કે આધાર નાગરિકતાનો નિર્ણાયક પુરાવો નથી. તે મુખ્યત્વે વ્યક્તિની ઓળખ અને રહેઠાણ સ્થાપિત કરવા માટે ઉપયોગમાં લેવાતો ઓળખ દસ્તાવેજ છે.

તેવી જ રીતે, મતદાર ઓળખપત્રને નાગરિકતાનો અંતિમ પુરાવો માનવામાં આવતો નથી. તેનો પ્રાથમિક હેતુ વ્યક્તિની મતદાન કરવાની અને ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેવાની પાત્રતા સ્થાપિત કરવાનો છે.

કાયદા હેઠળ ભારતીય નાગરિક કોણ છે? ભારતીય નાગરિકતા નાગરિકતા કાયદા અને સંબંધિત બંધારણીય જોગવાઈઓ દ્વારા સંચાલિત થાય છે. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ અને ૧ જુલાઈ, ૧૯૮૭ ની વચ્ચે ભારતમાં જન્મેલા કોઈપણ વ્યક્તિને જન્મથી ભારતીય નાગરિક ગણવામાં આવે છે.

# ડિજિટલ ધરપકડ કૌભાંડના સંબંધમાં સોળ રાજ્યોમાં ૮૦ સ્થળોએ સીબીઆઈના દરોડા

## ઘણા ગુનાહિત દસ્તાવેજો, ડિજિટલ ઉપકરણો, મોબાઈલ ફોન અને બેંક વ્યવહાર રેકોર્ડ જપ્ત કરવામાં આવ્યા

નવીદિલ્હી,

સીબીઆઈએ આજે ડિજિટલ ધરપકડ કૌભાંડના સંદર્ભમાં ૧૬ રાજ્યોમાં ૮૦ સ્થળોએ દરોડા પાડ્યા. સીબીઆઈએ ઓપરેશન ચક્ર હેઠળ આ કાર્યવાહી હાથ ધરી. આ કામગીરી દ્વારા, સીબીઆઇ સાયબર ક્રાઇમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સામે સંકલિત કાર્યવાહી કરી રહી છે. ડિજિટલ ધરપકડ કૌભાંડ સંબંધિત કેસોમાં સીબીઆઈએ અગાઉ અનેક કાર્યવાહી કરી છે.

સીબીઆઈએ ઓપરેશન ચક્ર દરમિયાન ૬૦ ખાસ ટીમોની રચના કરી હતી. આ ટીમોએ પંજાબ, ગુજરાત, દિલ્હી, મહારાષ્ટ્ર, હરિયાણા, તમિલનાડુ, તેલંગાણા, આંધ્રપ્રદેશ, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, આસામ, પશ્ચિમ બંગાળ, મણિપુર, કર્ણાટક અને ઓડિશા સહિત ૧૬ રાજ્યોમાં ૮૦ થી વધુ સ્થળોએ દરોડા અને શોધખોળ હાથ ધરી હતી.

સીબીઆઈની આ કાર્યવાહી ડિજિટલ ધરપકડ કૌભાંડ તપાસનો એક ભાગ છે, જેનો ઉદ્દેશ્ય દેશભરમાં ડિજિટલ ધરપકડ કૌભાંડના ૨૦૦ થી વધુ કેસોમાં સામેલ ઓપરેશનલ નેટવર્કને તોડી પાડવાનો છે. સીબીઆઈએ આ કેસમાં શેલ કંપનીઓ સ્થાપવા અને ગેરકાયદેસર બેંક ખાતા ખોલવા બદલ બે શંકાસ્પદોની ધરપકડ કરી છે. આ ખાતાઓનો ઉપયોગ ડિજિટલ ધરપકડ કૌભાંડોમાંથી છેતરપિંડીની પ્રવૃત્તિઓના નાણાંને લોન્ડર કરવા માટે કરવામાં આવી રહ્યો હતો.

અદ્યતન ફોરેન્સિક સાધનો અને તકનીકી જાણકારીનો ઉપયોગ કરીને, સીબીઆઈએ ભારત અને વિદેશમાં કાર્યરત ગુનાહિત નેટવર્કના મુખ્ય તત્વોને ઓળખી કાઢ્યા છે. તપાસમાં જાણવા મળ્યું છે કે ગુનેગારોએ તેમની છેતરપિંડીની પ્રવૃત્તિઓને વિશ્વસનીયતા આપવા માટે બનાવટી અને બનાવટી દસ્તાવેજો અપલોડ કર્યા હતા, જેમાં કોર્ટ અને વિવિધ કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા જારી કરાયેલા નકલી આદેશોનો સમાવેશ થાય છે. દરોડા દરમિયાન, ઘણા ગુનાહિત દસ્તાવેજો, ડિજિટલ ઉપકરણો, મોબાઈલ ફોન અને બેંક વ્યવહાર રેકોર્ડ જપ્ત કરવામાં આવ્યા હતા.

# ભારતે બાંગ્લાદેશી નાગરિકો માટે પ્રવાસી વિઝા ફરી શરૂ કર્યા, નવા હાઈ કમિશનર દિનેશ ત્રિવેદીની જાહેરાત

## મોહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકાર દરમિયાન ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધો નીચલા સ્તરે પહોંચી ગયા હતા



ઢાકા,

ભારત સરકારે બાંગ્લાદેશી નાગરિકો માટે પ્રવાસી વિઝા ફરી શરૂ કર્યા છે. આ જાહેરાત બાંગ્લાદેશમાં ભારતના નવા હાઈ કમિશનર દિનેશ ત્રિવેદીએ કરી હતી. શેખ હસીના સરકારના પતન પછી છેલ્લા બે વર્ષથી આ વિઝા સ્થગિત કરવામાં આવ્યા હતા. જોકે, બાંગ્લાદેશી નાગરિકો મેડિકલ વિઝા પર ભારતની મુસાફરી કરતા હતા. આને ભારત-બાંગ્લાદેશ સંબંધોમાં સુધારા તરીકે જોવામાં આવી રહ્યું છે. અગાઉ, મોહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકાર દરમિયાન ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધો નીચલા સ્તરે પહોંચી ગયા હતા.

ઢાકામાં ભારતના નવા હાઈ કમિશનર દિનેશ ત્રિવેદીએ ગુરુવારે જમુના ફ્યુચર પાર્કમાં ભારતીય વિઝા અરજી કેન્દ્રમાં જણાવ્યું હતું કે, "મને સામાન્ય મુસાફરી વિઝા ફરી શરૂ કરવાની જાહેરાત કરતાં આનંદ થાય છે.

# કેનેડામાં વર્લ્ડ કપ મેચ જોવા માટે અરજીઓ કરનારા ભારતીયોની ૭૦% થી વધુ વિઝા અરજીઓનો અસ્વિકાર

ટોરોન્ટો,

કેનેડામાં ચાલી રહેલા વર્લ્ડ કપ મેચોમાં હાજરી આપવા માટે અરજી કરનારા ભારતીયોની ૭૦% થી વધુ વિઝા અરજીઓ નકારી કાઢવામાં આવી હતી, એમ દેશના ઈમિગ્રેશન વિભાગના ડેટા અનુસાર.

મીડિયા સૂત્રો અનુસાર, ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC) એ વૈશ્વિક ફૂટબોલ ટુર્નામેન્ટ માટે લગભગ ૧૭,૦૦૦ વિઝિટર વિઝા અરજીઓ પર પ્રક્રિયા કરી હતી. તેમાંથી ફક્ત ૪૧% અરજીઓ મંજૂર કરવામાં આવી હતી.

અરજીઓની દ્રષ્ટિએ ભારતીયો ચોથા ક્રમે હતા, ૧,૨૨૫. તેમાંથી ફક્ત ૩૫૫, અથવા લગભગ ૨૯% અરજીઓ મંજૂર કરવામાં આવી હતી.

ઘાનાના લોકો અગ્રણી હતા, જેમની પાસે ૧,૭૨૫ અરજીઓ હતી પરંતુ ૧૧% કરતા ઓછી અરજીઓને મંજૂરી આપવામાં આવી હતી. ૧૭ જૂને ટોરોન્ટોમાં ઘાના પનામા સામે રમી હતી.

યાદીમાં આગળ કોલંબિયાના લોકો હતા જેમની પાસે ૧,૬૩૦ અરજીઓ હતી, અને તેમાંથી લગભગ ૭૦% અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. આશ્ચર્યજનક રીતે, ત્રીજા ક્રમે સૌથી વધુ અરજીઓ પાકિસ્તાનથી આવી હતી, ૧,૨૫૦. ફક્ત ૧૦૨, અથવા નવ ટકાથી ઓછા અરજીઓ મંજૂર કરવામાં આવી હતી.

આઉટલેટનું વિશ્લેષણ ગયા વર્ષે ૧૫ નવેમ્બરથી આ વર્ષે ૩૧ માર્ચ સુધીના IRCC ડેટા પર આધારિત હતું.

ચાલુ વર્લ્ડ કપનું આયોજન યુનાઈટેડ સ્ટેટ્સ, મેક્સિકો અને કેનેડા દ્વારા કરવામાં આવી રહ્યું છે, જેમાં છેલ્લે ટોરોન્ટો અને વાનકુવરમાં કુલ ૧૩ મેચ યોજાઈ હતી.

આ વર્ષે જાન્યુઆરીમાં, કેનેડિયન સરકારે ભારપૂર્વક જણાવ્યું હતું કે કોઈ ખાસ FIFA વિઝા નથી જે ધારકને દેશમાં કામ કરવા અથવા સ્થાયી થવા દે. આ ઉનાળામાં ફૂટબોલ વર્લ્ડ કપ માટે પ્રવાસ દસ્તાવેજ મેળવવા માટે મુલાકાતીઓને આવા માર્ગો મેળવવાનું વચન આપતા સોશિયલ મીડિયા પર ઘણા ભ્રામક વિડિઓઝ અને પોસ્ટ્સ સામે આવ્યા પછી આ નિવેદન આવ્યું છે.

એક સંદેશમાં, IRCC એ જણાવ્યું હતું કે, "સોશિયલ મીડિયા પર ફરતા કેટલાક વિડિઓઝ FIFA વર્લ્ડ કપ ૨૬ દરમિયાન કેનેડાની મુસાફરી વિશે ભ્રામક માહિતી શેર કરી રહ્યા છે. ચાલો સ્પષ્ટ થઈએ કે વર્લ્ડ કપ માટે કોઈ 'FIFA વિઝા' અથવા ખાસ વિઝિટર વિઝા નથી જે તમને કેનેડામાં કામ કરવા અથવા સ્થાયી થવા દે." તેણે ઉમેર્યું હતું કે ટુર્નામેન્ટ માટે કેનેડા આવતા મુલાકાતીઓ "તેમના રોકાણની શરતોનું પાલન કરે અને તેમનો અધિકૃત સમયગાળો પૂરો થયા પછી ત્યાંથી નીકળી જાય તેવી અપેક્ષા રાખવામાં આવે છે".

# એમેઝોન આગામી ૫ વર્ષમાં ભારતમાં ૪૮ અબજ ડોલરનું રોકાણ કરશે

## એમેઝોનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર નરેન્દ્ર મોદીને મળ્યા

નવી દિલ્હી,

એમેઝોનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (સીઈઓ) એન્ડી જેસી ભારતની મુલાકાતે છે અને નવી દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. તેમની મુલાકાત દરમિયાન, તેમણે આગામી પાંચ વર્ષમાં ભારતમાં ૪૮ અબજ ડોલરથી વધુનું રોકાણ કરવાની યોજનાની જાહેરાત કરી. એમેઝોન ભારતની વિકાસગાથામાં લાંબા ગાળાના ભાગીદાર બનવા માટે પ્રતિબદ્ધ છે તેના પર ભાર મૂકતા, જેસીએ કહ્યું કે તેઓ વડા પ્રધાન મોદીના 'વિકસિત અને આત્મનિર્ભર ભારત'ના વિઝનથી પ્રેરિત છે. તેમણે પીએમ મોદીનો તેમના નેતૃત્વ માટે આભાર પણ માન્યો અને ભારતના વધતા મહત્વ પર પ્રકાશ પાડ્યો, જ્યાં એમેઝોન ઈ-કોમર્સ, એઆઈ, ક્લાઉડ અને મનોરંજન સહિત અનેક વ્યવસાયો ચલાવે છે.

"અમે એક દાયકા પહેલા ભારત આવ્યા હતા અને ત્યારથી અમારા વિવિધ વ્યવસાયો દ્વારા ગ્રાહકો, વેચાણકર્તાઓ, વિકાસકર્તાઓ, સ્ટાર્ટ-અપ્સ અને સાહસોને સેવા આપી રહ્યા છીએ. ખાસ કરીને અમારા ઈ-કોમર્સ, છૈં અને ક્લાઉડ વ્યવસાયોમાં મજબૂત વૃદ્ધિ સાથે, પ્રતિભાવ જબરદસ્ત રહ્યો છે. જેમ જેમ અમે ભારતમાં Amazonનો વિકાસ કરી રહ્યા છીએ, તેમ તેમ અમારી વ્યવસાયિક પ્રાથમિકતાઓ છૈં ની ઍક્સેસને લોકશાહીકરણ, નાના વ્યવસાયોનું ડિજિટાઈઝેશન, રોજગારીનું સર્જન અને નિકાસને સક્ષમ બનાવવાની ભારતની પ્રાથમિકતાઓ સાથે સુસંગત રહે છે.

# સંવિધાન હત્યા દિવસ પર પીએમ મોદી અને સીએમ યોગીએ ટ્વિટ કરીને કટોકટીને કાળો ઈતિહાસ ગણાવ્યો

## ગૃહમંત્રી અમિત શાહ સહિત ભાજપના અનેક મુખ્યમંત્રીઓ અને નેતાઓએ કટોકટીની ૫૧મી વર્ષગાંઠ પર કોંગ્રેસ પર નિશાન સાધ્યું

નવીદિલ્હી,

વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને યુપીના સીએમ યોગી આદિત્યનાથ સહિત ભાજપના તમામ વરિષ્ઠ નેતાઓએ કટોકટીની ૫૧મી વર્ષગાંઠ પર નિવેદનો જારી કર્યા છે. વડા પ્રધાન મોદીએ કટોકટીને ભારતના ઈતિહાસના સૌથી કાળા પ્રકરણોમાંની એક ગણાવી છે. પીએમ મોદીએ તેમના એકસ હેન્ડલ પર લખ્યું, "આજનો બંધારણ હત્યા દિવસ આપણને તે કાળા સમયની યાદ અપાવે છે જ્યારે ભારતીય લોકશાહીને ક્રૂરતાથી કચડી નાખવામાં આવી હતી. તે આપણને લોકશાહી, બંધારણ અને નાગરિક અધિકારોના રક્ષણ માટે પ્રતિબદ્ધ રહેવાની પ્રેરણા આપે છે. કટોકટીનો વિરોધ કરનારા તમામ મહાન વ્યક્તિઓને આદરપૂર્વક સલામ. સ્વતંત્રાન્તરાયત સુખમાપ્રોતિ સ્વતંત્રાલ્ભતે પરમ. સ્વતંત્રાન્તરાયણિવૃત્તિમ ગચ્છેત સ્વતંત્રાન્તરાયત પરમમ પદમ."

પીએમ મોદીએ કહ્યું કે કટોકટી આપણા બંધારણ પર સીધો હુમલો હતો, જેમાં નાગરિકોની સ્વતંત્રતાઓ છીનવાઈ ગઈ, અભિવ્યક્તિની સ્વતંત્રતા પર કાપ મૂકવામાં આવ્યો, રાજકીય વ્યક્તિઓ અને પત્રકારોની ધરપકડ કરવામાં આવી અને લોકશાહી સંસ્થાઓ પર હુમલો કરવામાં આવ્યો.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ તેમના એક્સ હેન્ડલ પર કટોકટીને કાળો ઈતિહાસ ગણાવતા પોસ્ટ કરી. અમિત શાહે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, "૨૫ જૂન, ૧૯૭૫ એ ભારતીય લોકશાહીના ઈતિહાસનો એક કાળો પ્રકરણ છે, જ્યારે ઈન્દિરા ગાંધી અને કોંગ્રેસ પાર્ટીના ઘમંડ અને સત્તાના લોભે બંધારણની ભાવના, પ્રેસની સ્વતંત્રતા અને અભિવ્યક્તિના અધિકારને કચડી નાખવાનો પ્રયાસ કર્યો હતો.

# ઈરાન સાથેની વાતચીતમાં અમેરિકા ખાડી દેશોના હિતોનું રક્ષણ કરશે : માર્કો રુબિયો

## અમેરિકા અને ગલ્ફ દેશો ઈરાન સાથે કાયમી ઉકેલ શોધવા માટે સાથે મળીને કામ કરશે

વોશિંગ્ટન,

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને જ્યારે ઈરાની શાળા પર મિસાઈલ હુમલામાં અમેરિકાની ભૂમિકા વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે તે સમયે સમગ્ર વિસ્તારમાં મિસાઈલ છોડવામાં આવી રહી હતી, તેથી હુમલો કોણે કર્યો તે સ્પષ્ટ નથી. ઈરાની મીડિયા અનુસાર, આ હુમલામાં ૭૩ છોકરાઓ, ૪૭ છોકરીઓ, ૨૬ શિક્ષકો અને અન્ય ઘણા લોકો માર્યા ગયા હતા. ટ્રમ્પે આ ઘટનાને અત્યંત દુઃખદ ગણાવી. પરંતુ હજુ સુધી એવા કોઈ પુરાવા મળ્યા નથી કે તે અમેરિકન મિસાઈલ હતી. ઈરાન સાથેની વાતચીત દરમિયાન અમેરિકાએ ગલ્ફ દેશોના હિતોનું રક્ષણ કરવાનું વચન આપ્યું છે. યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ કહ્યું કે વોશિંગ્ટન તેના ગલ્ફ સાથીઓના હિતોનું રક્ષણ કરશે. પશ્ચિમ એશિયામાં સંઘર્ષના કાયમી ઉકેલ અંગે ઈરાન સાથે આ વાટાઘાટો થઈ રહી છે. રુબિયો હાલમાં ગલ્ફ દેશોને આશ્વાસન આપવા માટે આ ક્ષેત્રના પ્રવાસ પર છે. યુદ્ધ દરમિયાન, તેહરાને મિસાઈલો અને ડ્રોનથી આ ગલ્ફ દેશોને નિશાન બનાવ્યા હતા. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ પણ બંધ કરી દીધી હતી, જેનાથી તેલ અને ગેસનો પુરવઠો અવરોધાયો હતો.

# ભારતે સુરક્ષા પરિષદની એરિયા-ફોર્મ્યુલા બેઠકનું રાજકીયકરણ કરવા બદલ પાકિસ્તાનની ટીકા કરી

## ભારતે યુએન સુરક્ષા પરિષદની બેઠકમાં કાશ્મીરનો ઉલ્લેખ કરવા બદલ પાકિસ્તાનને કડક શબ્દોમાં ઠપકો આપ્યો


ન્યૂયોર્ક,

ભારતે યુએન સુરક્ષા પરિષદની બેઠકમાં કાશ્મીરનો ઉલ્લેખ કરવા બદલ પાકિસ્તાનને કડક શબ્દોમાં ઠપકો આપ્યો છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ, પર્વતાનેની હરીશે, યુએન સુરક્ષા પરિષદ 'એરિયા-ફોર્મ્યુલા' બેઠકમાં કાશ્મીરનો ઉલ્લેખ કરવા બદલ પાકિસ્તાનને યોગ્ય જવાબ આપ્યો. હરીશે કહ્યું કે પાકિસ્તાન એરિયા-ફોર્મ્યુલા મીટિંગનું રાજકારણ કરી રહ્યું છે અને બિનજરૂરી ટિપ્પણીઓ કરી રહ્યું છે.

પર્વથનેનીએ ચર્ચા દરમિયાન પાકિસ્તાની પ્રતિનિધિ અને સહ-અધ્યક્ષ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓનો પણ વાંધો ઉઠાવ્યો. તેમણે કહ્યું, "હું પાકિસ્તાનના પ્રતિનિધિ દ્વારા કરવામાં આવેલી બિનજરૂરી ટિપ્પણીઓનો પણ ઉલ્લેખ કરવા માંગુ છું. આશ્ચર્યજનક છે કે એક સહ-અધ્યક્ષ, જે પોતાના વર્તનમાં સંતુલિત અને નિષ્પક્ષ રહેવાની અપેક્ષા રાખે છે, તેમણે આ મંચનું રાજકારણ કરવાનું નક્કી કર્યું. સમય મર્યાદાને ધ્યાનમાં રાખીને, હું ફક્ત એ વાત પર ભાર મૂકવા માંગુ છું કે જમ્મુ અને કાશ્મીરનો કેન્દ્રશાસિત પ્રદેશ સંપૂર્ણપણે ભારતનો આંતરિક મામલો છે. તેમણે કહ્યું કે જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ હંમેશા દેશનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ છે અને રહેશે."

સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનના કાયમી પ્રતિનિધિ, રાજદૂત અસીમ ઈફ્તિખાર અહેમદે બેઠકમાં જમ્મુ અને કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યા બાદ હરીશનું નિવેદન આવ્યું. આ બેઠકનું આયોજન સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાન અને ચીનના કાયમી મિશન દ્વારા કરવામાં આવ્યું હતું. પાકિસ્તાન હાલમાં ૨૦૨૫ અને ૨૦૨૬ માટે ચૂંટાયેલા યુએન સુરક્ષા પરિષદના અસ્થાયી સભ્ય તરીકે બે વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરી રહ્યું છે.

# નરેન્દ્ર મોદી: સૌથી લાંબા સમય સુધી 'પ્રત્યક્ષ રીતે ચૂંટાયેલા' પ્રધાનમંત્રી



**શર્મિષ્ઠા મુખર્જી**

ભારતના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા પ્રધાનમંત્રી વિશે ચાલી રહેલી ચર્ચા વચ્ચે, મને મારા પિતા, સ્વર્ગસ્થ પ્રણવ મુખર્જીએ ૨૦૧૪માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અભૂતપૂર્વ જીત વિશે કહેલી એક રસપ્રદ વાર્તા યાદ આવે છે. તે સમયે, બાબા ભારતના ૧૩મા રાષ્ટ્રપતિ હતા. તેમની અલગ રાજકીય વિચારધારાઓ હોવા છતાં, તેમની વચ્ચે ખૂબ જ સૌહાર્દપૂર્ણ સંબંધ હતો, જે કદાચ સાચા લોકશાહીની સાચી ઓળખ છે.

ચૂંટણી પરિણામો જાહેર થયા પછી, મોદીજી રાષ્ટ્રપતિ ભવનમાં બાબાને મળવા ગયા. તેમની વાતચીત દરમિયાન, બાબાએ મોદીજીને ચૂંટણીનું વિશ્લેષણ પૂછ્યું. તેમણે જવાબ આપ્યો કે ત્રણ દાયકા પછી, એક રાજકીય પક્ષે સંપૂર્ણ બહુમતી મેળવી છે. બાબાએ તેમની લાક્ષણિક વ્યાવસાયિક શૈલીમાં પૂછ્યું, "અને બીજું શું?" જ્યારે મોદીજી ચૂપ રહ્યા, ત્યારે બાબાએ સમજાવ્યું કે ૨૦૧૪ની લોકસભા ચૂંટણી ઈતિહાસમાં અનોખી હતી કારણ કે પ્રધાનમંત્રીના ઉમેદવાર તરીકે એક નવા ચહેરાની જાહેરાત થઈ ચૂકી હતી. ભારતીય જનતા પાર્ટીને મળેલો જબરદસ્ત ટેકો ફક્ત તેમના પક્ષ માટે જ નહોતો, પરંતુ નરેન્દ્ર મોદીને ભારતના પ્રધાનમંત્રી બનાવવા માટે લોકો તરફથી સીધો આદેશ હતો. આ અન્ય ચૂંટણીઓથી વિપરીત છે, જ્યાં પ્રધાનમંત્રી પદના ઉમેદવારને કાં તો ધારવામાં આવે છે પરંતુ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવતા નથી; અથવા, પરંપરાગત રીતે, નવા ચૂંટાયેલા સાંસદો દ્વારા પસંદ કરવામાં આવે છે; અથવા તે ગઠબંધન ગતિશીલતા દ્વારા નક્કી કરવામાં આવે છે, એક પ્રક્રિયા જે ચૂંટણી પછી થાય છે. મોદીજી પહેલાં, ડૉ. મનમોહન સિંહ, જેઓ ક્યારેય જન નેતા નહોતા, તેમની પસંદગી તત્કાલીન કોંગ્રેસ પ્રમુખ મતી સોનિયા ગાંધી દ્વારા કરવામાં આવી હતી. ભારતના બે પ્રધાનમંત્રીઓ પી.વી. નરસિંહ રાવ અને એચ.ડી. દેવગૌડા જ્યારે પ્રધાનમંત્રી બન્યા ત્યારે તેઓ સંસદના સભ્ય પણ નહોતા. સરળ શબ્દોમાં કહીએ તો, પ્રધાનમંત્રીની પસંદગી વરિષ્ઠ રાજકારણીઓ દ્વારા કરવામાં આવતી હતી. ૨૦૧૪ એ ભારતીય રાજકારણની ચૂંટણી ગતિશીલતામાં એક મોટો ફેરફાર દર્શાવ્યો, દેશના લોકોએ નરેન્દ્ર મોદીને તેમના પ્રધાનમંત્રી તરીકે ચૂંટ્યા, લગભગ રાષ્ટ્રપતિની ચૂંટણીની જેમ જ સ્પષ્ટ અને શંકા વિના.

ઉલ્લેખનીય છે કે ૨૦૧૪ પહેલા નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય રાજકારણમાં નવા હતા. ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના લાંબા કાર્યકાળ દરમિયાન તેમણે એક અલગ ઓળખ સ્થાપિત કરી હતી, પરંતુ ૨૦૧૪ તેમની પ્રથમ લોકસભા ચૂંટણી હતી. ભારતના પ્રધાનમંત્રી તરીકે પહેલી વાર સંસદમાં પ્રવેશ કરનાર કોઈ સાંસદનું આગવું સ્થાન હતું. (જૂની) સંસદના પગથિયાં પર "પ્રણામ" કરીને તેમણે વ્યક્ત કરેલી શ્રદ્ધા અને વિનમ્રતાનું દૃશ્ય અત્યંત ભાવુક હતું. આ ક્ષણ કરોડો ભારતીયોના હૃદયને સ્પર્શી હતી અને લોકોના મનમાં એક પ્રેરણાદાયી સંસ્મરણ તરીકે સ્થાન મેળવ્યું હતું.

ચૂંટણીમાં વિજય ક્યારેય એક જ પરિબળ નથી હોતો; તે અનેક પરિબળોને સમાવિષ્ટ કરતી એક જટિલ પ્રક્રિયા છે. ભાજપનું મજબૂત પાયાનું સંગઠન, વિવિધ જાતિઓ અને સમુદાયો સુધી સતત પહોંચવાની તેની વ્યૂહરચના, તેની ભૂલોને ઝડપથી ઓળખવાની તેની ક્ષમતા અને તાત્કાલિક સુધારા કરવાની તેની તૈયારી - આ કેટલાક મુખ્ય પરિબળો છે જેણે આજની ભાજપને એવી ચૂંટણી જીતનાર શક્તિમાં રૂપાંતરિત કરી છે, જેને હાલમાં પડકારવું મુશ્કેલ જણાય છે. જોકે, એ વાત નિર્વિવાદ છે કે નરેન્દ્ર મોદીનો ચહેરો કદાચ ભાજપનું સૌથી મજબૂત ટ્રમ્પ કાર્ડ છે. લોકો તેમનામાં એક મજબૂત નેતા જુએ છે જે પોતાની પ્રતિભા અને મહેનત દ્વારા ઉભરી આવ્યા છે, કોંગ્રેસની જેમ વંશપરંપરાગત રાજકીય વારસા અથવા પરિવારકેન્દ્રિત પ્રાદેશિક પક્ષોની મજબૂત પકડના આધારે નહીં.

એક રીતે નરેન્દ્ર મોદી ભાજપનો પર્યાય બની ગયા છે. હું તાજેતરની વિધાનસભા ચૂંટણીઓ વિશે બંગાળમાં મિત્રો સાથે થયેલી કેટલીક વાતચીતો યાદ કરવા માંગુ છું. જ્યારે મારા પોતાના સંબંધીઓ હજુ પણ કોંગ્રેસના કટ્ટર સમર્થક છે અને બંગાળમાં કોંગ્રેસને મળેલા નજીવા ૨.૯ ટકા મત હિસ્સામાં તેમનું યોગદાન છે, મારા મોટાભાગના મિત્રો અને પરિચિતોએ ભાજપને મત આપ્યો હતો. ચૂંટણી પહેલાં, હું તેમને પૂછતો કે તેઓ કયા પક્ષને મત આપશે. મોટાભાગના કહેતા કે તેઓ મોદીને મત આપશે. હું તેમને યાદ અપાવીશ કે આ વિધાનસભા ચૂંટણીઓ હતી અને મોદી ચૂંટણી લડી રહ્યા ન હતા. તેમનો જવાબ હંમેશા એક જ રહેતો હતો - "ઓઈ એક-એ વેપારી" - જેનો અર્થ થાય છે, "વાત તો એક જ છે."

નરેન્દ્ર મોદી દેશના સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા પ્રધાનમંત્રી તરીકે માત્ર સેવા આપનારા નથી, પરંતુ કદાચ સ્વતંત્રતા પછીના સૌથી મજબૂત નેતાઓમાંના એક છે. તેઓ સત્તા જાળવી રાખવા માટે અન્ય લોકો પર આધાર રાખતી ગઠબંધન સરકારોના દખલ (ઘણીવાર બ્લેકમેલ સહિત)નો શિકાર બન્યા વિના એક મજબૂત અને સ્થિર સરકાર પૂરી પાડવામાં સફળ રહ્યા છે. તેમની ઘણી નીતિઓ અથવા કાર્ય કરવાની રીતો સાથે કોઈ અસંમત હોઈ શકે છે, અને લોકશાહીમાં આ સંપૂર્ણપણે સામાન્ય છે; પરંતુ 'મહત્વાકાંક્ષી ભારત' માટે પ્રેરણા તરીકે તેમના કરિશ્માને અને ભારતીય મતદાતાઓ સાથેના તેમના જોડાણને કોઈ નકારી શકે નહીં. આ ૨૦૧૯માં અને ફરીથી ૨૦૨૪માં સ્પષ્ટપણે સ્પષ્ટ થયું. તમને નરેન્દ્ર મોદીને પસંદ કરો કે નાપસંદ, તમે 'બ્રાન્ડ મોદી' ની અવગણના કરી શકાતી નથી. મહાન શક્તિ સાથે મહાન જવાબદારી આવે છે. એક સામાન્ય નાગરિક તરીકે, હું પ્રાર્થના કરું છું કે તેઓ લોકો તરફથી મળેલા વિશાળ જનાદેશનો સંપૂર્ણ ન્યાય કરે અને આપણા દેશને વધુ ઊંચાઈઓ પર લઈ જાય.

# જામનગરમાં સરઘસની રાત્રે કલાત્મક તાજીયાઓ બન્યા આકર્ષણનું કેન્દ્ર



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં મોહરમના પવિત્ર અવસરે દર વર્ષની જેમ આ વર્ષે પણ વિવિધ તાજીયા કમિટીઓ દ્વારા અનોખા અને કલાત્મક તાજીયાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે, જે શહેરના લોકોમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. ગઈકાલે સરઘસ રાત્રીના કલાત્મક તાજીયાઓ પડમાં આવ્યા હતા જેને નિહાળવા લોકો ઉમટી પડ્યા હતા. તાયર ચોક ખાતે માસુમ કમિટી દ્વારા જલેબીમાંથી બનાવવામાં આવેલ તાજીયો સૌના ધ્યાનનું કેન્દ્ર બન્યો હતો. જ્યારે છોટે માસુમ કમિટી દ્વારા પ્લાસ્ટિક ના ડિશગોલ નો ઉપયોગ કરીને તૈયાર કરાયેલ તાજીયો પણ અનોખી કારીગરીનું ઉત્તમ ઉદાહરણ બન્યો છે. તે જ રીતે પટણીવાડ વિસ્તારમાં કે.બી.ઝેડ. ગ્રુપ દ્વારા પાણીના ગ્લાસ, પ્લાસ્ટિકની ચમચીઓ અને જગનો ઉપયોગ કરીને વિશિષ્ટ તાજીયો તૈયાર કરવામાં આવ્યો છે, જે લોકોમાં ભારે આકર્ષણ જમાવી રહ્યો છે. આ ઉપરાંત ગેબનશા પીર તાજીયા કમિટી દ્વારા ૧,૩૯૨ ચીકુના ફળોથી ભવ્ય તાજીયાનું નિર્માણ કરવામાં આવ્યું છે. ફળોમાંથી બનાવવામાં આવેલ આ તાજીયો જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી રહ્યા છે. જામનગર શહેરમાં મોહરમ નિમિત્તે વિવિધ વિસ્તારોમાં તૈયાર કરવામાં આવેલા આ કલાત્મક અને સર્જનાત્મક તાજીયાઓ શહીદે કરબલાની યાદને જીવંત રાખવાની સાથે શહેરની સાંપ્રદાયિક એકતા, ભાઈચારો અને કારીગરીની પરંપરાને પણ ઉજાગર કરી રહ્યા છે.

# જામનગરમાં રાત્રીના હુમલાના ચાર બનાવમાં ૬ વ્યક્તિ ઘાયલ


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેર અને આસપાસના વિસ્તારમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન એક હત્યા અને ચાર અલગ-અલગ મારામારીના બનાવો સામે આવતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ફરી ચર્ચા શરૂ થઈ છે. એક તરફ પોલીસ ગુનાઓ પર નિયંત્રણના દાવા કરી રહી છે, તો બીજી તરફ સતત સામે આવી રહેલા હુમલાના બનાવો પોલીસ માટે ચિંતાનો વિષય બન્યા છે.

જામનગરમાં બુધવારે રાતે આહિર બુઝુર્ગ ઉપર હુમલો કરી હત્યા નિપજાવાના બનાવ બાદ ગઈકાલે રાત્રે મારામારીના અન્ય ચાર બનાવો સામે આવ્યા છે. સૌથી પહેલા શહેરના ચુનાના ભઠ્ઠા વિસ્તારમાં જૂની અદાવતના કારણે બે જૂથો વચ્ચે બબાલ સર્જાઈ હતી. આ ઘટનામાં બે લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવની જાણ થતાં પોલીસ તેમજ સ્થાનિક આગેવાનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

બીજી ઘટનામાં દિગજામ સર્કલ નજીક આવેલા પેટ્રોલ પંપ પાસે પૈસાની લેતી-દેતીના મામલે પ્રદીપસિંહ પરમાર નામના યુવાન પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરે તેની પીઠના ભાગે ઘા ઝીંકતા ઈજા પહોંચતા તેને તાત્કાલિક સારવાર માટે જી.જી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

ત્રીજો બનાવ બેડીના રસુલનગર વિસ્તારમાં બન્યો હતો. વોટ્સએપ સ્ટેટસ રાખવા જેવી સામાન્ય બાબતને લઈને પાંચ જેટલા શખ્સોએ બે યુવાનો પર લોખંડના તોલા અને પાઈપ વડે હુમલો કર્યો હતો. હુમલામાં બંને યુવાનોને ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

જ્યારે ચોથા બનાવમાં બેડી વિસ્તારમાં પાનની દુકાને બેઠેલા ઈકબાલભાઈ સીદીકભાઈ બસર પર સાતથી આઠ લોકોના ટોળાએ અચાનક પથ્થરમારો કર્યો હતો. હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા ઈકબાલભાઈને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

એક જ દિવસમાં હત્યા સહિત મારામારીના ચારથી વધુ બનાવો સામે આવતા શહેરમાં સુરક્ષાની સ્થિતિ અંગે અનેક પ્રશ્નો ઊભા થયા છે. સતત વધી રહેલી હિંસક ઘટનાઓ વચ્ચે પોલીસ તંત્ર માટે કાયદો અને વ્યવસ્થા જાળવવાનો પડકાર વધુ ગંભીર બન્યો હોવાનું માનવામાં આવે છે.

## જામનગરમાં પરણીત યુવતીએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

જામનગર : જામનગર શહેરના ઢીચડા રોડ વિસ્તારમાં રહેતી એક યુવતીએ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધાનો બનાવ પોલીસ ચોપડે ઉઠવા પામ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ, જામનગરના તિરૂપતિ-૧ વિસ્તારમાં રહેતી ડિમ્પલબેન સિદ્ધાર્થભાઈ પરમાર નામની ૨૨ વર્ષીય પરિણીત યુવતીએ કોઈ અગમ્ય કારણોસર પોતાના રહેણાંક મકાનમાં છતના પંખા સાથે ચૂંદડી વડે ગળાફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક સારવાર માટે જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે મૃતકના પતિ સિદ્ધાર્થ શરદભાઈ પરમારે પોલીસને જાણ કરતા સીટી ડી. પોલીસ હોસ્પિટલ દોડી જઈ મૃતદેહનો કબ્જો સાંભળી વધુ તપાસ હાથ ધરી છે.

## કાલાવડમાં લીવરની બીમારીએ યુવાનનો ભોગ લીધો

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ શહેરમાં લિવરની ગંભીર બીમારીથી પીડાતા વેપારીનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજતાં પોલીસે અપમૃત્યુ અંગે નોંધ કરી તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, કાલાવડના કૃષ્ણા ટાઉનશીપ-૧ વિસ્તારમાં રહેતા પીયુષભાઈ જેન્તીભાઈ હીરપરા (પટેલ) (ઉંમર ૩૮ વર્ષ) છેલ્લા અંદાજે ૭ મહિનાથી લિવરની બીમારીથી પીડાઈ રહ્યા હતા. દરમિયાન તેમને લોહીની ઉલ્ટી થતા તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે કાલાવડ ટાઉન પોલીસે મૃતક ના પિતા જયંતીભાઈ વશરામભાઈ હિરપરાની જાહેરાતના અનુસંધાને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ ૧૯૪ મુજબ અપમૃત્યુ નોંધાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ભાટીયામાં જવેલર્સની દુકાનમાંથી અજાણ્યો શખ્સ રૂ. ૪.૩૧ લાખનો સોનાનો ચેન લઈ રફુચક્કર

ખંભાળિયા : કલ્યાણપુર પંથકના ભાટીયા ગામમાં આવેલ સોની વેપારીની દુકાને કોઈ અજાણ્યો શખ્સ જઈ વૃદ્ધ વેપારી પાસેથી એક સોનાનો કિંમતી ચેન વિશ્વાસઘાત કરી લઈ ગયો હતો જે બનાવ અંગે તેઓ દ્વારા સ્થાનિક પોલીસ દફતરે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસ અધિકારી સહિતનો સ્ટાફ સ્થળપર દોડી ગયો હતો અને અજાણ્યા શખ્સ સામે ગુન્હો દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

મળતી માહિતી પ્રમાણે કલ્યાણપુર તાલુકાના મુળ જામરાવલ ગામના અને હાલ ભાટીયામાં જુના ગામમાં રહેતા દિનેશભાઈ જેરામભાઈ સોની નામના વૃદ્ધની અત્રે માર્કેટમાં જવેલર્સની દુકાન આવેલી હોઈ જ્યાં ગત તા. ૨૩ ના રોજ બપોરના બારેક વાગ્યાના અરસામાં કોઈ અજાણ્યો શખ્સ પ્રવેશ્યો હતો અને તેઓ પાસેથી સોનાનો ચેન જેનું વજન ૨૭.૭૧૦ ગ્રામ તેમજ કિંમત રૂ. ૪.૩૧ લાખ જેટલી થતી હોઈ તેઓ પાસેથી વિશ્વાસઘાત કરી લઈ જતા ચકચાર મચી જવા પામી છે. આ બનાવ અંગે વેપારી એવા વૃદ્ધ દિનેશભાઈ સોનીએ કલ્યાણપુર પોલીસ દફતરે અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવતા પી. એસ. આઈ. કે. પી. ઝાલા સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને સીસી ટીવી કેમેરા, ડોગ સ્ક્વોડ તથા આધુનિક ટેક્નોલોજીની મદદથી અજાણ્યા શખ્સના સગડ મેળવવા ચોતરફ દોડધામ શરૂ કરી છે.

## જામનગરમાં રૂ. ૨૩ કરોડના બોગસ બિલિંગ કૌભાંડમાં પિતા-પુત્રના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર



જામનગર : જામનગરના ઔદ્યોગિક વિસ્તાર ગણાતા દરેડ જીઆઈડીસી ફેસ-૩ અને ફેસ-૨માં ધમધમતી એક પેઢી પર તાજેતરમાં રાજ્યના માલ અને સેવા વેરા વિભાગની ટીમે ઓચિંતો છાપો મારીને કરોડો રૂપિયાના બોગસ બિલિંગ કૌભાંડનો મોટો પર્દાફાશ કર્યો હતો. આ મેગા શોધ અભિયાન દરમિયાન માલ અને સેવા વેરા વિભાગની ટુકડીએ ઊંડાણપૂર્વક તપાસ કરતા શોધી કાઢ્યું હતું કે પેઢીના સંચાલક પિતા-પુત્ર દ્વારા કોઈપણ પ્રકારના વાસ્તવિક માલસામાનની હેરફેર વિના માત્ર કાગળ પર જ ખોટા બિલો દર્શાવીને અંદાજે રૂ. ૨૩ કરોડથી પણ વધુની ખોટી વેરાશાખ મેળવી લેવામાં આવી છે. આ ગંભીર આર્થિક ગુનામાં સંડોવણી સ્પષ્ટ થતાં જ વિભાગે કારખાનેદાર પિતા-પુત્રની તાત્કાલિક ધોરણે અટકાયત કરી લીધી હતી.

આ મસમોટા કૌભાંડના તાર અને તેનું નેટવર્ક ક્યાં સુધી ફેલાયેલું છે તે જાણવા માટે રાજ્યના માલ અને સેવા વેરા વિભાગે પોતાની કાનૂની કાર્યવાહી વધુ તેજ બનાવી છે. સ્થાનિક કક્ષાએ પ્રાથમિક અટકાયત અને તપાસ પૂર્ણ કર્યા બાદ પકડાયેલા બંને આરોપી પિતા-પુત્રને વધુ અને સઘન પૂછપરછ અર્થે અમદાવાદ ખાતે ખસેડવામાં આવ્યા હતા. અમદાવાદ લઈ ગયા બાદ તપાસ એજન્સી દ્વારા આ બંને આરોપીઓને સત્તાવાર રીતે રિમાન્ડની માંગણી સાથે સક્ષમ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે આર્થિક ગુનાની ગંભીરતા અને તપાસની તાતી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને બંને આરોપીઓના પાંચ દિવસના કસ્ટોડિયલ રિમાન્ડ મંજૂર કર્યા છે.

પાંચ દિવસના આ રિમાન્ડ મંજૂર થતાં જ દરેડ જીઆઈડીસી સહિત જામનગરના વ્યાપારી અને ઔદ્યોગિક આલમમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે અને ગેરરીતિ આચરતા અન્ય તત્વોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે. રિમાન્ડના આ મહત્વપૂર્ણ સમયગાળા દરમિયાન રાજ્યના માલ અને સેવા વેરા વિભાગની ટીમ દ્વારા પિતા-પુત્રની આકરી પૂછપરછ કરવામાં આવશે. આ રૂ. ૨૩ કરોડના બોગસ બિલિંગ કૌભાંડમાં અન્ય કયા કયા લોકો, એજન્ટો કે પેઢીઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંડોવાયેલી છે અને આર્થિક વ્યવહારોની સાંકળ કેવી રીતે ચાલતી હતી તે અંગે ઊંડી તપાસ થશે. આ સઘન તપાસને અંતે આગામી દિવસોમાં હજુ પણ વધુ મોટા માથાઓના નામ ખૂલવાની પૂરેપૂરી સંભાવનાઓ જોવા મળી રહી છે.





